THURSDAY
૩૧-૧૨-૨૦૨૦
વિ.સં. ૨૦૭૭, માગશર વદ ૧
અંક : ૭૪
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને સમગ્ર ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર

ચક્રવાત હવે આંગળીના ટેરવે
વ્હોટ્સએપમાં ચક્રવાતની PDF મેળવવા કે કોઇ પણ ઘટના વિશે જાણકારી આપવા માટે ફક્ત એક મેસેજ કરો
૯૪૯૯૭૧૦૨૧૦

● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### ચાર પૈકી બે મુદ્દા પર સરકાર સહમત : ચાર જાન્યુઆરીના રોજ અન્ય મુદ્દે ઉકેલની વિચારણા

# આંદોલન સફળતાના પથ પર : સરકાર નરમ

નવી દિલ્હી,તા.૩૦

કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂતોના આંદોલનનો આજે ૩૫મો દિવસ છે. વિજ્ઞાન ભવનમાં ૪૦ ખેડૂત સંગઠનોના નેતાઓની સરકાર સાથે મીટિંગ થઈ હતી. ખેડૂત નેતાઓએ માંગણી કરી હતી કે, આંદોલન દરમિયાન તેમના જે સાથે મૃત્યુ પામ્યા છે તેમના પરિવારને ન્યાય અને વળતર મળવું જોઈએ. મીટિંગમાં સરકાર તરફથી કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર, રેલ મંત્રી પીયુષ ગોયલ અને વાણિજ્ય રાજ્ય મંત્રી સોમ પ્રકાશ હાજર રહ્યા હતા.

મીટિંગ પહેલાં ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું કે, નવા કૃષિ કાયદા બન્યા પછી ઉત્તર પ્રદેશમાં પાકની કિંમતમાં ૫૦ ટકાનો ઘટાડો થયો છે. તેની ખરીદ કિંમત ટેકાના ભાવ કરતાં નીચા થઈ રહ્યા છે. અનાજનો ભાવ ૮૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ મળી રહ્યો છે. અમે મીટિંગમાં આ મુદ્દો ઉઠાવીશું.

આ દરમિયાન ખેડૂતો માટે લંચ લંગરથી આવ્યું હતું અને કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર અને રેલ મંત્રી પિયુષ ગોયલ પણ તેમની સાથે જ લંચમાં જોડાયા હતા.

સંયુક્ત ખેડૂત મોરચાએ વાતચીત માટે રાજી હોવાનો ઈ-મેલ મંગળવારે સરકારને મોકલ્યો હતો. ત્યાર પછી ગૃહમંત્રી અમિત શાહ, કૃષિમંત્રી નરેન્દ્ર તોમર, રેલવેમંત્રી પીયૂષ ગોયલ અને ઉદ્યોગ રાજ્યમંત્રી સોમ પ્રકાશે મીટિંગ કરીને સ્ટ્રેટેજી બનાવી. કૃષિમંત્રીએ શાહને જણાવ્યું, સરકારે ખેડૂતોને કેવા કેવા પ્રપોઝલ મોકલ્યા છે અને ખેડૂતોનો શું એજન્ડા છે. ૨ કલાક ચાલેલી બેઠકમાં ચર્ચા થઈ કે બન્ને પક્ષોના એજન્ડામાં જે અંતર છે એને કેવી રીતે ઘટાડી શકાય.





ખેડૂત મજૂર સંઘર્ષ સમિતિ, પંજાબના જોઈન્ટ સેક્રેટરી સુખવિંદર સિંહ સબરાએ કહ્યું હતું કે સરકાર સાથેની ગત વખતની બેઠકનું કોઈ પરિણામ ન આવ્યું, આજે પણ કોઈ નિવેડો આવે તેવી આશા નથી. સરકારે ત્રણેય કૃષિ કાયદા પાછા લઈ લેવા જોઈએ.

ભારતીય ખેડૂત યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું હતું કે દેશમાં વિપક્ષનું મજબૂત હોવું જરૂરી છે, જેથી સરકારનો ભય રહે, પણ આવું ન હોવાને કારણે ખેડૂતોએ રસ્તા પર ઊતરવું પડે છે. કૃષિ કાયદાના વિરુદ્ધ વિપક્ષોએ રસ્તા પર પ્રદર્શન કરવા જોઈએ.

ખેડૂતોના સમર્થનમાં પંજાબમાં લોકોએ રિલાયન્સ જિયો ટાવર્સને નુકસાન પહોંચાડ્યું છે. તેથી કંપનીએ પંજાબના મુખ્યમંત્રી અને ડીજીપીને ચિઠ્ઠી લખીને દખલ દેવાની માંગણી કરી છે. મીટિંગમાં કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરની જગ્યાએ કૃષિ સચિવ આવ્યા. કિસાન સંગઠને મીટિંગનો બોયકોટ કર્યો. તેઓ કૃષિ મંત્રી સાથે જ વાતચીત કરવા માંગતા હતા. ૧૩ નવેમ્બર કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર અને રેલ મંત્રી પીયુષ ગોયલે ખેડૂત સંગઠનો સાથે વાતચીત કરી. સાત કલાક મીટિંગ ચાલી, પરંતુ કોઈ પરિણામ ન આવ્યું.

છેલ્લે નક્કી થયું કે સરકાર પહેલા પોતાના જૂના પ્રસ્તાવ અંગે સમજાવવાનો પ્રયાસ કરશે અને તેમ છતાં પણ જો કોઈ નિવેડો નહીં આવે તો અન્ય ફેરફારો કરવાનું પ્રપોઝલ રાખશે. બેઠક પછી કૃષિમંત્રીએ કહ્યું કે આશા છે કે વાતચીત પોઝિટિવ રહેશે. તેમણે ખેડૂતોને અપીલ કરી છે કે ખુલ્લા અને સ્પષ્ટ મને વાત કરે, જેનાથી કોઈ પરિણામ પર પહોંચી શકાય. ટીકરી બોર્ડર પર ચાલી રહેલા પ્રદર્શનમાં એક મહિનાથી સામેલ થયેલા ધર્મપુરાના ખેડૂત પ્યારા સિંહ(૭૫)નું ઠંડીને કારણે મોત થઈ ગયું છે. તેઓ ભારતીય ખેડૂત યુનિયનના એકતા ડકૌંદા સાથે જોડાયેલા હતા, સાથે જ ૨૪ ડિસેમ્બરે રોડ એક્સિડન્ટમાં ઘાયલ થયેલા દૌદડાના મજૂર દર્શન સિંહનું મંગળવારે મોત થઈ ગયું.

પંજાબમાં બરનાલાના ગામ ફરવાહીના બે ખેડૂત ટ્રેક્ટરને બેક ગેરમાં નાખીને લગભગ ૨૨૪ કિમી દૂર સિંધુ બોર્ડર માટે રવાના થયા, જેના દ્વારા તેમણે એ મેસેજ આપ્યો કે કેન્દ્ર સરકાર પણ કૃષિ કાયદા પર બેક ગેર લગાવે.

## ચીન સાથેનો વિવાદ ઉકેલાયો નથી, યથાસ્થિતિ બરકરાર : રાજનાથ સિંહ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૩૦

ભારતની લદ્દાખ સરહદે ચીન સાથે છેલ્લા થોડા મહિનાથી ચાલી રહેલા તનાવ દરમિયાન થયેલી વાટાઘાટોનું કોઈ સચોટ પરિણામ આવ્યું નથી એવી સ્પષ્ટતા કેન્દ્રના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંઘે કરી હતી.

આજે સવારે મિડિયા સાથે બોલતાં તેમણે કહ્યું કે એક કરતાં વધુ તબક્કાની વાટાઘાટો આપણે ચીન સાથે કરી હતી પરંતુ એનું કોઈ નક્કર પરિણામ આવ્યું નથી. ચીન સાથે હજુ આપણે વાટાઘાટો કરી રહ્યા છીએ. લશ્કરના અધિકારી લેવલની ચર્ચા ટૂંક સમયમાં થવાની છે. અત્યાર સુધી જે ચર્ચાઓ થઈ એનું કોઈ પોઝિટિવ કે નક્કર પરિણામ આવ્યું નથી. પરિસ્થિતિ આજે પણ પહેલાં જેવી તનાવયુક્ત રહી હતી. રક્ષા મંત્રી રાજનાથ સિંહએ હવે રાહુલ ગાંધીને જવાબ આપ્યો છે. તેમણે કહ્યું- હું ખેડૂત પરિવારમાં જન્મ્યો છું. આ કારણે ખેતી વિશે રાહુલ ગાંધી કરતા વધુ જાણું છું. વડાપ્રધાન મોદીએ પણ ગરીબ ઘરમાં જન્મ લીધો હતો. તેમણે કહ્યું કે કોઈ દેશ બળપૂર્વક પોતાની વિસ્તારવાદી નીતિનો અમલ કરે તો એને જડબાતોડ જવાબ આપવાની શક્તિ આપણી પાસે છે. આપણે સામેથી કોઈના પ્રદેશમાં ઘુસણખોરી કરતા નથી કે કોઈની જમીન પચાવી પાડવાના પ્રયાસ કરતા નથી. ભારત અને ચીન વચ્ચે લાંબા સમયથી સરહદ મામલે ટેન્શન પ્રવર્તી રહ્યું હતું. ચીન લાંબા સમયથી આપણા પ્રદેશ પર કબજો જમાવવાના પ્રયાસો કરી રહ્યું હતું. પરંતુ હવે ભારત સરકારે પોતાના લશ્કરને પણ પૂરી છૂટ આપી હતી કે આપણા સીમાડે કંઈ થાય તો લશ્કર પોતાની રીતે એનો સામનો કરે.

## શ્રીનગરમાં સુરક્ષાદળોનું સર્ચ ઓપરેશન ત્રણ આતંકીઓ એન્કાઉન્ટરમાં ઠાર

(જી.એન.એસ.)શ્રીનગર,તા.૩૦

કાશ્મીરમાં સુરક્ષાદળોએ ૩ આતંકી ઠાર માર્યા છે. શ્રીનગરના લાવાપોરા વિસ્તારમાં મંગળવારે એન્કાઉન્ટર શરૂ કર્યું હતું, જે ૧૫ કલાકથી વધુ ચાલ્યું. પોલીસે આતંકીઓને સરેન્ડર કરવાની તક આપી, પણ તેમણે ફાયરિંગ શરૂ કરી દીધું. હાલ ખબર પડી શકી નથી કે માર્યા ગયેલા આંતકીઓ કયા સંગઠનના છે. સર્ચ-ઓપરેશન હાલ પણ ચાલી રહ્યું છે. આ બધાની વચ્ચે પોલીસ અને આર્મીની ટીમે નિયંત્રણ રેખા પાસે બાલાકોટ ખાતે આવેલા મેંઢર સેક્ટરમાં ૨ પિસ્તોલ, ૭૦ કારતૂસ અને ૨ ગ્રેનેડ જપ્ત કરવામાં આવ્યાં છે. પૂંછના એસએસપી રમેશ અગ્રવાલે જણાવ્યું હતું કે આતંકીઓના પાકિસ્તાની હેન્ડલર્સે હથિયાર મોકલ્યાં હતાં. રવિવારે આતંકીઓના મદદગારોની ધરપકડ પછી હથિયારોની ખબર પડી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સુરક્ષાદળોએ આ વર્ષે જમ્મુ-કાશ્મીરમાં ૨૦૩ આતંકી ઠાર માર્યા છે, જેમાં ૧૬૬ લોકલ અને ૩૭ પાકિસ્તાની હતા. આ વર્ષે ૪૯ આતંકીની ધરપકડ કરાઈ અને ૯એ સરેન્ડર કરી દીધું. દક્ષિણ કાશ્મીરમાં સૌથી વધુ આતંકી ઠાર મરાયા.

## ભારતમાં કોરોનાના નવા સ્ટ્રેનના ૨૦ કેસ સામે આવતા સનસનાટી

### યુકેથી ભારત આવનાર ફ્લાઈટ્સ પર ૭ જાન્યુઆરી સુધી પ્રતિબંધ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૩૦

કોરોના વાયરસના નવા સ્ટ્રેને ભારતમાં પણ દેખા દેતા કેંન્દ્ર સરકારે બ્રિટનથી આવનારી તમામ ફ્લાઈટ પર પ્રતિબંધ ૭ જાન્યુઆરી સુધી વધારી દીધો છે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રીએ આ બાબતે જાહેરાત કરી હતી. ભારતમાં અત્યાર સુધીમાં આ નવા સ્ટ્રેનના ૨૦ કેસ સામે આવતા સનસનાટી મચી જવા પામી છે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી હરદીપ સિંહ પુરીએ આ મામલે જાણકારી આપતા કહ્યું હતું કે, ૭ જાન્યુઆરી ૨૦૨૧ સુધી યૂનાઈટેડ કિંગડમથી અવાનારી અને અહીંથી જનારી તમામ ફ્લાઈટો પર લગાડાયેલો અસ્થાયી પ્રતિબંધ આગળ આગળ ધપાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હરદીપ સિંહ પુરીએ ટ્વિટ કરીને જાણકારી આપી હતી કે- ૭ જાન્યુઆરી ૨૦૨૧ સુધી બ્રિટનથી આવતી અને જતી તમામ વિમાનોને અસ્થાયી રૂપે પ્રતિબંધિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ત્યાર બાદ વિમાન સેવા ફરી શરૂ કરવામાં આવશે પણ કડક પાલન સાથે. આ માટેની માર્ગદર્શીકા ટુંક સમયમાં જ જાહેર કરવામાં આવશે. બ્રિટનમાં કોરોના વાયરસનું નવુ સ્વરૂપ મળી આવતા દુનિયાભરના દેશોમાં હાહાકાર મચી જવા પામ્યો છે. ભારતમાં પણ આ સ્ટ્રેનના નવા ૨૦ જેટલા કેસ મળી આવતા સરકારના કાન સરવા થયા છે.




## લગ્નની કાયદેસર ઉંમર પહેલા પણ સાથે રહી શકે છે પુખ્ત દંપતી : પંજાબ-હરિયાણા હાઈકોર્ટ

(જી.એન.એસ.)ચંડીગઢ,તા.૩૦

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે ચુકાદો આપ્યો છે કે, પુખ્ત દંપતીને સાથે રહેવાનો અધિકાર ફક્ત એટલા માટે નકારી શકાતો નથી કે પુરુષ હજી લગ્ન કરવાની કાનૂની વય ધરાવતો ન હોય.જસ્ટિસ અલકા સરીનની ખંડપીઠે નિરીક્ષણ કર્યું હતું કે પુખ્ત વયના દંપતીને કાયદાની સીમામાં રહીને તેમની ઈચ્છા હોય તેમ તેમનું જીવન જીવવાનો દરેક અધિકાર છે.

એ જોતાકે, ''માતાપિતા એક બાળકને પોતાની શરતો પર જીવન જીવવા માટે દબાણ કરી શકતા નથી અને તે કે દરેક પુખ્ત વયના વ્યક્તિને તેમનું જીવન જીવવાનો અધિકાર છે, જેમ કે તેમને ઉચિત લાગે છે.'', હાઈ કોર્ટે એક કપલને લિવ-ઈન રિલેશનશિપમાં રહેવાનાં અધિકારને જાળવી રાખ્યુ છે.



કોર્ટે કહ્યું કે, સ્પષ્ટ છે કે તે પુખ્ત છે. ફક્ત આ તથ્યના કારણે કે અરજદાર નંબર ૨ વિવાહ યોગ્ય ઉંમર ધરાવતો નથી, અરજદારને સંભવતઃ ભારતના બંધારણના અનુચ્છેદ ૨૧ અંતર્ગત પરિકલ્પિત તેના મૌલિક અધિકારોને અમલમાં લાવવાથી રોકી ન શકાય.

અરજદાર, બંનેના પુખ્ત હોવાના કારણે લિવ-ઈન રિલેશનશિપમાં સાથે રહેવાનો નિર્ણય લીધો છે અને સંભવતઃ પ્રતિવાદીઓ માટે તેના પર વાંધો વ્યક્ત કરવાનું કોઈ કાનૂની કારણ ન હોઈ શકે. ન્યાયાધીશ અલકા સરીનની ખંડપીઠ અરજદારો વતી ફાઈલ કરેલી ફોજદારી રિટ અરજી પર સુનાવણી કરી રહી હતી. જેમાં તેમણે માગણી કરી હતી કે પ્રતિવાદી નંબર ૪-૬માંથી ભારતના બંધારણના આર્ટિકલ ૨૧ હેઠળ મળેલા જીવન અને સ્વતંત્રતાના મૂળભૂત અધિકારની સુરક્ષા કરવામાં આવે. કોર્ટની સામે આવેલાં બંને અરજદારો પુખ્ત વયના છે અને પાછલા વર્ષથી એકબીજાને ઓળખે છે અને એક બીજા સાથે લગ્ન કરવા માંગે છે.જોકે, જ્યારે અરજદાર નંબર -૧ (યુવતી) ના માતા-પિતાને તેમના સંબંધ વિશે જાણ થતાં પરિવારજનો વચ્ચે ઝઘડો થયો હતો.

## બિહારમાં સત્તા પરિવર્તનના એંધાણ જેડીયુના ધારાસભ્યો આરજેડીના સંપર્કમાં

(જી.એન.એસ.)પટણા,તા.૩૦

બિહારના રાજદ પક્ષના નેતા શ્યામ રજકે એવો દાવો કર્યો હતો કે ભાજપની દગાબાજીથી નારાજ એવા જદયુના ૧૭ ધારાસભ્યો અમારી સાથે જોડાઈને રાજદની સરકાર રચવા તૈયાર હતા. તેમણે કહ્યું કે આ ધારાસભ્યો ભાજપની સરકારને ગબડાવીને રાજદમાં જોડાવા તૈયાર બેઠા હતા. મિડિયાએ એવો સવાલ કર્યો હતો કે સત્તર સભ્યો પક્ષાંતર કરે તો પોતાનું ધારાસભ્યપદ ગુમાવી દેશે. એના જવાબમાં શ્યામ રજકે કહ્યું આ સત્તર ઉપરાંત બીજા સાત આઠ ધારાસભ્યો રાજદમાં જોડાય તો પક્ષાંતર ધારાની અસર તેમને નહીં થાય. આશરે પચીસ છવ્વીસ ધારાસભ્યો રાજદમાં જોડાય તો તેમને કાયદાની દ્રષ્ટિએ કશો વાંધો નહી આવે. આ આખી ઘટનાની પાછળ ભાજપે અરુણચાલ પ્રદેશમાં ભરેલું અવિચારી અને ઉતાવળું પગલું છે. બિહાર વિધાનસભાની ચૂંટણી વખતે ભાજપે નીતિશ કુમાર અને જદયુને આંચકો આપ્યો તેમ છતાં નીતિશ કુમાર ભાજપના અનુરોધથી બિહારના મુખ્ય પ્રધાન બન્યા હતા. વાસ્તવમાં નીતિશ કુમાર એ સમયેજ નારાજ હતા. ભાજપે જદયુને ઓછી બેઠક મળે એવા હેતુથી ચિરાગ પાસવાનને જંગમાં ઊતાર્યો હતો.

## સરકાર દ્વારા પછાત વર્ગના ચાર કરોડ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવાની જાહેરાત

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૩૦

ભાજપના નેતા અને સામાજિક ન્યાય અને સશક્તિકરણ પ્રધાન થવારચંદ ગેહલોતે જણાવ્યું હતું કે મોદી સરકાર આવતા પાંચ વર્ષમાં પછાત વર્ગના ચાર કરોડ વિદ્યાર્થીને મેટ્રિક બાદના શિક્ષણ માટે શિષ્યવૃત્તિ આપશે. હાલ ૬૦ હજાર વિદ્યાર્થી આ શિષ્યવૃત્તિ મેળવે છે. સરકારે તાજેતરમાં શિષ્યવૃત્તિ માટે કેન્દ્ર સરકારનો હિસ્સો વધારીને ૬૦ ટકા કરવાનો અને આગળ જતા એ ૮૦ ટકા કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી ૨૦૨૫-૨૬ સુધીમાં કુલ રૂ. ૫૯૦૪૮ કરોડથી વધારે ખર્ચ થશે. અગાઉની ફોર્મ્યુલા પ્રમાણે સરકારે પાછલાં બે વર્ષમાં ફક્ત રૂ. ૧૦૦૦ કરોડ ખર્ચ કર્યા હતા. નવી નીતિ પ્રમાણે હવે મોદી સરકારની ૩૬ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશને શિષ્યવૃત્તિ માટે અડધાથી વધુ હિસ્સો આપશે. એમણે કોંગ્રેસ શાસિત પંજાબ પર ગોટાળાનો આક્ષેપ કરતા જણાવ્યું હતું કે પંજાબે શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીઓના દસ્તાવેજ રજૂ નથી કર્યા. કેન્દ્રની કેબિનેટે ગત સપ્તાહ દરમિયાન કેન્દ્ર સરકારની મેટ્રિક બાદની શિષ્યવૃત્તિ માટેની યોજનામાં ફેરફાર કર્યો હતો અને એને કારણે આવતા પાંચ વર્ષમાં ચાર કરોડથી વધુ પછાત જાતિના વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ મેળવી શકશે.

### ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશની તર્જ પર ગુજરાતમાં પણ 'લવ જેહાદ' પર અંકુશ મુકતો કાયદો બનાવવા કરણીસેના જનમત તૈયાર કરશે

# લવ જેહાદ અને ધર્માંતરણ સામે પરીણામલક્ષી લડત ચલાવવા કરણીસેનાએ તલવાર તાણી

ચક્રવાત ટીમ રાજકોટ,તા.૩૦

ભારતભરમાં છેલ્લા દસકાથી હિન્દુ ધર્મની નિર્દોષ બાળાઓને વિધર્મી યુવાનો દ્વારા યેનકેન પ્રકારે લલચાવી ફસલાવીને ભગાવી જવાના કિસ્સાઓમાં ભારેખમ ઉછાળો આવ્યો છે. કોઈ ધર્મ વિરોધી તાકાતો દ્વારા સુનીયોજિત ષડયંત્રના ભાગરૂપે આ પ્રકારની પ્રવૃત્તિઓને ઉત્તેજન અને પ્રોત્સાહન પૂરૂ પાડવામાં આવી રહ્યું છે. તેની સામે વાલીઓની સ્થિતી લાચારજનક બની ગયેલ છે. ત્યારે આ પ્રકારની 'લવ જેહાદ'ની પ્રવૃત્તિઓ પર તાત્કાલીક લગામ મૂકવામાં નહીં આવે તો હિન્દુ ધર્મની સામાજિક પરિસ્થિતિ પર આવનારા સમયમાં મોટુ જોખમ ઉભુ થાય તેવી વકી છે. આ પરિસ્થિતિમાં 'લવ જેહાદ' અને 'ધર્માંતરણ' જેવી વિવિધ પ્રવૃત્તિઓ પર લગામ કસવા આ રાજપૂત કરણીસેના મેદાનમાં આવેલ છે.

'શ્રી રાજપૂત કરણીસેના'ના પ્રદેશ અધ્યક્ષ જે.પી. જાડેજા દ્વારા આ બાબતને લઈને ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ સરકારની તર્જ પર 'લવ જેહાદ' અને ધર્મપરિવર્તન પર લગામ મુકતો અસરકારક કાયદો તાત્કાલિક ઘડવા માટે ગુજરાત સરકારને રજૂઆત કરવામાં આવશે તથા ટૂંક સમયમાં ગુજરાતના તમામ તાલુકાઓમાં કરણીસેના દ્વારા આ માટે કલેક્ટરની મુલાકાત લઈ તે આવેદનપત્ર આપવામાં આવશે.

'લવજેહાદ'માં ભોગ બનેલા વાલીઓની વ્યથાને સમાજ સુધી લઈ જવા માટે કરણી સેના દ્વારા ગુજરાતના ગામે-ગામ સુધી અસરકારક કાર્યક્રમો દ્વારા જનમત તૈયાર કરવાનો નિર્ણય



લેવામાં આવ્યો છે. લવ જેહાદ સામે કરણીસેના દ્વારા પરિણામલક્ષી રણનીતિ ઘડી કાઢવામાં આવેલ છે. જે મુખ્ય આગામી સમયમાં કાર્યક્રમો રાખવામાં આવશે. વનવાસી ક્ષેત્રોમાં ચાલી રહેલ મિશનરીઓની ધર્માંતરણની પ્રવૃત્તિ કે જેમાં આર્થિક અને મેડિકલ સહાયના નામે લોકોનું ધર્માંતરણ કરવામાં આવે છે. જેની પર લગામ મૂકવી ખૂબ જરૂરી છે.

આજની પ્રેસ કોન્ફરન્સમાં શ્રી રાજપૂત કરણી સેનાના ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ જે.પી. જાડેજા, પ્રદેશ ઉપાધ્યક્ષ પિન્ટુભાઈ (ખાટડી), સૌરાષ્ટ્રના અધ્યક્ષ કૃષ્ણસિંહ જાડેજા, રાજકોટ જિલ્લાના અધ્યક્ષ જયકિશનસિંહ ઝાલા, રાજકોટ શહેર અધ્યક્ષ ભરતસિંહ જાડેજા, સૌરાષ્ટ્ર મંત્રી સત્યેન્દ્રભાઈ ખાચર, તાલુકા પ્રભારી સત્યજીતસિંહ જાડેજા, એડવોકેટ શ્રીમતી જાગૃતિબેન દવે, કોમલ પરમાર નીનાબેન ત્રિવેદી, સ્નેહાબેન જોબનપુત્રા, ઉન્નતિબેન ચાવડા, કુ. જયનાબેન ઓઝા, કુ. હિમાબેન માંડલિયા, શ્રી રાજશક્તિ ક્ષત્રિય મહિલા મંડળના પદ્મિનીબા ગીરીરાજસિંહ વાળા, હીનાબા ઉપેન્દ્રસિંહ વાળા, કૃપાલીબા કુલદીપસિંહ જાડેજા, વંદનાબા બ્રિજરાજસિંહ ઝાલા, છાયાબા જાડેજા, વૈશાલીબા ભગિરથસિંહ વાઘેલા, દિલહરબા વિક્રમસિંહ સરવૈયા ઉપસ્થિત રહ્યા હતા.

આ સમગ્ર પ્રેસ કોન્ફરન્સનું સંચાલન પ્રદેશ પ્રવક્તા ક્રિપાલસિંહ ઝાલાએ કર્યુ હતું તથા સમગ્ર વ્યવસ્થાની જવાબદારી રાજકોટ શહેર ઉપાધ્યક્ષ ઈતિરાજસિંહ જાડેજાએ ઉઠાવી હતી.

# ગીરગઢડાની કાકડી મોલીના વાડી વિસ્તારમાં કપાસ વિણતી યુવતી પર દીપડાનો હૂમલો

ચક્રવાત ટીમ કૈલાશ ભટ્ટ,તા.૩૦

ગીરગઢડાની કાકડી મોલી સીમ ખેતી વાડી વિસ્તારમાં પરીવાર સાથે ખેતરમાં કપાસ વિણતી યુવતી પર અચાનક દીપડો આવી હુમલો કરી દેતા પગના ભાગે ઈજા કરી નાશી છુટ્યો હતો. ઈજાગ્રસ્ત યુવતીને તાત્કાલીક ઈમરજન્સી ૧૦૮માં ઊના સરકારી હોસ્પીટલે ખસેડાયેલ છે.



કાકડીમોલી સીમ વિસ્તારમાં આવેલ દેવાયત પરસોત્તમભાઈ રાખોલીયાની વાડીમાં કપાસનું વાવેતર કરાયેલ હોય તેમાં ભાગીયા તરીકે બાલુભાઈ બારૈયાએ રાખેલ હોય સમીસાંજના સમયે પરીવારના આઠ વ્યક્તિઓ કપાસ વિણતા હતા. ત્યારે અચાનક દીપડો ખેતરમાં આવી ચડતા શિલ્પાબેન બાલુભાઈ બારૈયા ઉ.વ.૧૯ ઉપર દીપડાએ હુમલો કરી દેતા યુવતીના પગના પાછળના ભાગે નોરથી ઈજા પહોચાડી હતી. યુવતી પર દીપડાએ હુમલો કરતા રાડારાડ કરવા લાગતા તેમના પિતાએ હાકલા પડકારા કરતા દીપડો હુમલો કરી ત્યાંથી નાશી છુટ્યો હતો. આ અંગેની જાણ ઈમરજન્સી ૧૦૮ને જાણ કરતા ભુપતભાઈ બાંભણીયા તેમજ ભરતભાઈ બાંભણીયા તાત્કાલીક ધટના સ્થળે પહોચી યુવતીને ઉના સરકારી હોસ્પીટલે સારવાર અર્થે ખસેડાયેલ છે. આ વિસ્તારમાં દિપડાના હુમલાથી આજુબાજુના ખેડૂતોમાં ભયનુ વાતાવરણ ફેલાયેલ હતું. અને વનવિભાગ દ્વારા આ ખૂંખાર દીપડાને પાંજરે પુરવા માંગણી ઉઠી હતી.

# સોમનાથની બૌદ્ધ ગુફાના નવીનીકરણ મામલે શેડયુલ કાસ્ટ વેલ્ફેર એસોસિયેશન ઓફ સોમનાથ દ્વારા મીટિંગ

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી,તા.૩૦



સોમનાથ ખાતે ખુબજ સુંદર બૌધ્ધ ગુફાનુ નવીનીકરણ થઈ રહ્યું છે. તે જગ્યા શેડયુલ કાસ્ટ વેલ્ફેર એસોસિયેશન ઓફ સોમનાથ (શ્વાસ) પરિવારના સભ્યોશ્રીઓની મીટીંગ મળેલી. સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી અને શ્વાસ સંસ્થાના સલાહકારશ્રી જે.ડી.પરમાર સાહેબના અધયક્ષ સ્થાને મીટીગ મળેલી અને આ વર્ષના સમૂહલગ્ન ના આયોજન માટે ચર્ચાવિચારણા કરેલી હતી. સંસ્થાના તમામ સભ્યોએ આનાપાન ધ્યાન પણ કરેલું હતું અને સંસ્થાના પ્રમુખ શ્રી ભગવાનભાઈ સોલંકી અને ઉપપ્રમુખ મનસુખભાઈ મકવાણા, મંત્રી વિનયભાઈ રાઠોડ, સંગઠનમંત્રી જેઠાભાઈ વાળા, ખજાનચી સાજનભાઈ પરમાર, નાનજીભાઈ વાઘેલા, દિનેશભાઈ વાજા સભ્યોએ આ બૌધ્ધ ગુફાનુ સુંદર કામ થઈ રહ્યું છે. તેને જોઈને ખુબજ આનંદની લાગણી અનુભવી અને સરકારનો ખુબ ખુબ આભાર વ્યકત કરેલો. અને આ બૌધ્ધ ગુફાની મુલાકાત આવેલા બૌધ્ધભિખુ માટે રહેવા માટે એક રૂમની વ્યવસ્થા કરવામાં આવે તેવુ સરકારશ્રીને નમ્ર અરજ વ્યકત કરેલી.

# માનવતાવાદી શ્રેષ્ઠતા એવોર્ડ્સ ૨૦૨૦




ચક્રવાત ટીમ અમદાવાદ,તા.૩૦

ખૂબ જ સ્પર્ધાત્મક પછી દેશભર માંથી ફક્ત ૫૧ શ્રેષ્ઠ માનવતાવાદી પ્રોફાઈલનું સન્માન કરશે, જેમાં ઉર્વશ પટેલ (ચેરમેન શ્રી સાબરકાંઠા જિલ્લા, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન) નું **I can foundation** દિલ્લી દ્વારા સન્માન કરાયું. આ પ્રતિષ્ઠિત એવોર્ડ ફક્ત માનવતાને પ્રોત્સાહન આપવા અથવા માનવતાની સેવા કરવામાં તેમના દ્વારા કરવામાં આવેલા કામના આધારે જ આપવામાં આવે છે. દર વર્ષે 'વિશ્વ માનવતાવાદી દિવસ' નિમિત્તે આનું આયોજન કરવા માં આવે છે. ઉર્વેષ પટેલ ચેરમેન શ્રી એ સાબરકાંઠા ,ગાંધીનગર જિલ્લામાં એક વર્ષ માં માનવતાવાદી કર્યો ઘણા કર્યા છે અને [illegible] -૧૯ ના સમય ગાળા દરમિયાન તો તેમની કામગીરી ખુબજ પ્રશંસા ને પાત્ર રહી છે આવી માનવતાવાદી સત્કાર્યો ને પરિણામે આ પ્રતિષ્ઠિત એવોર્ડ આપવામાં આવ્યો છે.

# એક વિચાર એક ભારત ગીર સોમનાથ દ્વારા મૂળ દ્વારકા દરિયા કિનારે સ્વચ્છતા અભિયાન

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી,તા.૩૦



ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાનું મૂળ દ્વારકા ગામ એ દરિયા કિનારે આવેલું પ્રાચીન તીર્થધામ છે. તેમજ અહિયાં માછીમારોની વસ્તી ધરાવતું સાગર ખેડૂતોની વસાહતો આવેલી છે, જે કોડીનાર શહેરથી કુલ ચાર કિ. મિ. અંતરે આવેલું છે. અહી રમણિય દરિયાકિનારો આવેલો છે જયા લોકો તેમજ અહી દર્શન કરવા આવતા શ્રદ્ધાળુઓ ફરવા માટે આવે છે. એક વિચાર એક ભારત સમગ્ર દેશમાં લોકો માટે કાયદો અને માનવ અધિકાર, શિક્ષણ, રોજગાર, આરોગ્ય અને કૃષિ તથા પર્યાવરણ પર કાર્ય કરતું રાષ્ટ્રીય યુનિટ છે. વખતોવખત જનહિત તેમજ રાષ્ટ્ર હિત માટે આ એકમ તેમજ તેના પ્રતિનિધિઓ દ્વારા કાર્યક્રમો કરવામાં આવે છે. દરિયાકિનારે ગંદકી તેમજ કચરાના ઢગલા જોઈ એક વિચાર એક ભારત ના પ્રેરક રાજેશ સોલંકી, રાષ્ટ્રીય લોક અધિકાર મંચ ના આર. ટી. આઈ. શેલ ગીર સોમનાથ જિલ્લાના અધ્યક્ષ આબીદ શેખ, ઝુબેર સિદીકી સાહેબ તથા મૂળ દ્વારકા ગામના સામાજીક અગ્રણીઓ તેમજ યુવા કાર્યકરો દ્વારા ગીર સોમનાથ જિલ્લા યુનિટ તેમજ મૂળ દ્વારકા ગામના રહીશો ની મદદથી દરિયાકિનારે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

# વાંકાનેરમાં પત્ની અને સાસરિયાના ત્રાસથી કંટાળીને યુવાને આપઘાત કર્યાની ફરિયાદ

ચક્રવાત ટીમ વાંકાનેર,તા.૩૦



સામાન્ય રીતે, ઘરેલુ હિંસાથી કંટાળીને પરિણીતાઓ અંતિમ પગલાં ભરી લેતી હોવાના અનેક કિસ્સા સામે આવે છે. જેનાથી તદ્દન વિપરીત વિપરીત કિસ્સો વાંકાનેર વિસ્તારમાં નોંધાયો છે જેમાં પત્ની અને સાસરિયાઓના ત્રાસથી કંટાળીને યુવાનને મોત વહાલું કરતાં આપઘાત કરી લીધો હોવાની ફરિયાદ વાંકાનેર પોલીસમાં નોંધાઈ છે.બનાવની વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનેથી પ્રાપ્ત વિગતો મુજબ મૂળ જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના બાલંભા ગામના વતની અને હાલ ગાંધીનગર સેકટર નં-૨૫ જી.આઈ. ડી.સી. બ્લોક નં-૨૫, મકાન નં- ૨૦ માં રહેતા જયંતિભાઈ બેચરભાઈ સોલંકીના પુત્ર મહેશ (ઉ.વ ૨૫)એ વાંકાનેર તાલુકાના રાતીદેવરી ગામે રહેતા તેના સાસરે જઈને ગત તા.૨૯ ના રોજ ઝેરી દવા પીને આપઘાત કરી લીધો હતો.આ બનાવમાં મૃતકના પિતાએ યુવાનની પત્ની સુમનબેન ગીરધરભાઈ વીકાણી તથા સાસરિયા પારૂબેન ગીરધરભાઈ કરશનભાઈ વીકાણી તથા ગીરધરભાઈ કરશનભાઈ વીકાણી (રહે. બધા રાતીદેવરી, તા.વાંકાનેર) સામે ફરિયાદ નોંધાવી હતી કે, ફરિયાદીના દિકરા મહેશના લગ્ન આરોપી સુમનબેન સાથે પાંચેક વર્ષ પહેલા થયેલ હોય. લગ્નજીવન દરમ્યાન તેની સાસુ તથા સસરાએ રસોઈ બનાવવા બાબતે તેમજ માવતરે જ રહેવુ તેવા કારણે પોતાની દીકરીને ચડામણી કરી તે મુજબ વર્તન વહેવાર કરી ત્રણેય આરોપીઓએ ફરિયાદીના દિકરાને હેરાન પરેશાન કરી ત્રાસ આપતા હતા. તે ત્રાસથી કંટાળી જતા ફરિયાદીના દિકરાને આપઘાત કરવા ફરજ પાડતા ફરિયાદીના દિકરાએ પોતાની જાતે ઝેરી દવા પી લેતા તેનું મોત થયું હતું. આ બનાવમાં મૃતક યુવાનના પિતાની ફરિયાદ પરથી સાસરીયા પક્ષે મૃતકની પત્ની સહિત ત્રણ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા ત્રણ આરોપીઓ સામે આપઘાત માટે યુવાનને મજબૂર કરવા સહિતના ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલડીમાં શેરી કૂતરાને લાકડીથી માર મારી લુખ્ખાગીરી કરનાર માર્કંડ પંડિત વિરુદ્ધ નોંધાઈ એફઆઈઆર

ચક્રવાત ટીમ અમદાવાદ,તા.૨૯



પાલડીની રંગવિહાર સોસાયટીમાં શેરી કૂતરાને લાકડીથી મારમારતા અને એક્ટિવા પગ પર ફેરવી દેનાર શખ્સના સીસીટીવી ફૂટેજ વાયરલ થયા હતા. ફૂટેજ જોઈ નમસ્તે ફાઉન્ડેશનના મહિલા સંચાલક શેરી કૂતરાને મારમારતા શખ્સને સમજાવવા ગયા તો આરોપીએ ધાકધમકી આપી હતી. બનાવ અંગે પાલડી પોલીસે આરોપી વિરુધ્ધ સોમવારે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

પાલડીના શાંતિવન પાસે અંકુર ફ્લેટમાં રહેતાં દીપાબહેન રમેશભાઈ જોશી નમસ્તે ફાઉન્ડેશન નામથી યોગા કન્સલ્ટન્સી અને પ્રાણી વેલ્ફેર સંસ્થા ચલાવે છે. દીપાબહેનની સંસ્થા પ્રાણીઓને બચાવવાની, સારવાર કરાવવાની અને તેઓ પર થતા અત્યાચાર રોકવાનું કામ કરે છે.

દીપાબહેને પાલડી પોલીસ સ્ટેશનમાં માર્કંડ લક્ષ્મીકાંત પંડીત વિરૂધ્ધ ફરિયાદ કરી છે. જે મુજબ ગત એપ્રિલ માસમાં માર્કંડએ તેની રંગવિહાર સોસાયટીના શેરી કૂતરાને લાકડીથી મારમાર્યાના સીસીટીવી ફૂટેજ દીપાબહેનને સોસાયટીના રહીશ પીયૂષભાઈ ડબગરે મોકલ્યા હતા. આ અંગે દીપાબહેનએ માર્કંડભાઈને મળી આવું ન કરવા સમજાવ્યા હતા. દરમિયાન ગત તા.૨૩-૧૨-૨૦૨૦ના રોજ માર્કંડએ સોસાયટીના શેરી કૂતરા પર એક્ટિવા ચઢાવી દીધા તેવો વીડિયો દીપાબહેન પાસે આવ્યો હતો.આ અંગે દીપાબહેનએ તપાસ કરતા કુતરાના પાછળના પગે ગંભીર ઈજા થઈ અને પગ નકામો થઈ ગયો હતો.

દીપાબહેન આ અંગે ફરી માર્કંડભાઈને સમજાવવા માટે ગયા હતા. તે દરમિયાન ઉશ્કેરાઈ જઈ માર્કંડભાઈએ દીપાબહેન સાથે ઝઘડો કર્યો હતો. ધમકી આપી હતી કે, હવે તમે મારી વાતમાં વચ્ચે પડ્યા તો તમને જોઈ લઈશ. બાદમાં આરોપીએ પીયૂષભાઈ અને તેમની પત્ની શિલ્પાબહેનને ધમકી આપી હતી.

# આણંદમાંથી ૧,૨૮,૨૫૦ની નકલી ચલણી નોટો જપ્ત

ચક્રવાત ટીમ આણંદ,તા.૩૦

આણંદ ટાઉન પો.સ્ટેના શાસ્ત્રી બાગ પાસેથી એક ઈસમને ભારતીય બનાવટી ૫૦,૧૦૦,૨૦૦,૫૦૦, તથા ૨,૦૦૦ ના દરની નકલી ચલણી નોટો નંગ -૨૨૮. (ભારતીય ચલણ મુજબની કિ.રૂ.૧,૨૮,૨૫૦/-ની નોટો આણંદ ટાઉન પોલીસના સર્વેલન્સ સ્ટાફે પકડી પાડી હતી.

આણંદ શહેર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ દેશના અર્થતંત્રને કેટલાક દેશ વિરોધી માનસ ધરાવતા વ્યક્તીઓ/ સંસ્થાઓ ભારતીય બનાવટી નકલી ચલણી નોટો મોટા પ્રમાણમાં આપી તે નોટોને વ્યવહારોમાં ફેલાવવા માટે ઉપયોગ કરતા હોય છે. આવા સંજોગોને પહોંચી વળવા પોલીસ અધીક્ષક શ્રી અજીત રાજીયાણ તથા નાયબ પોલીસ અધીક્ષકશ્રી બી.ડી.જાડેજા નાઓએ આપેલ સુચના આધારે પો.ઈન્સ શ્રી વાય.આર.ચૌહાણ નાઓના માર્ગદર્શન આધારે પો.સ.ઈ શ્રી કે.જી.ચૌધરી સાહેબ નાઓ તથા સર્વેલન્સ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો. સચીન વસંતરાવ તથા પો.કો. રાજનસિંહ બંશીધર નાઓને બાતમી હકીકત મળેલ કે એક કાળા કલરનુ લાલ અને સિલ્વર પટ્ટા વાળુ હિરો કંપનીનું એચ.એફ.ડીલક્ષ મો.સા. નંબર જીજે-૨૩-એઊ-૭૧૨૭ ઉપર એક ઈસમ ભારતીય ચલણની જુદા જુદા દરની ઘણી બધી બનાવટી નોટો લઈ આણંદ શહેર વિસ્તારમાં વટાવવા સારુ આવી રહેલ છે. અને તેઓ પોતાના કબજાની મો.સા. લઈ ચીખોદરા ચોકડી તરફથી આવી ગણેશ ચોકડી થઈ ગુરુદ્વારા સર્કલ થઈ



આણંદ ગંજ બજાર તરફ જનાર છે. જે બાતમી હકીકત આધારે એ ઈસમને રોકી નામ ઠામ પુછતા જીગ્નેશકુમાર ભુપેન્દ્રભાઈ પટેલ ઉ.વ. ૪૬ રહે, ઓડ ગામ સરદાર ચોક,ગાયત્રી મંદીર પાસે તા.જી.આણંદનો હોવાનું જણાવેલ અને તેની અંગ જડતી તપાસ કરતા તેઓના કજામાંથી કેટલીક નકલી ભારતીય ચલણી નોટો મળી આવતા આ બાબતે પુછપરછ કરતા આ નોટો પોતાના રહેણાંક મકાને કલર પ્રિન્ટર મારફતે છાપેલ હોવાનું જણાવતા તે ઈસમને સાથે રાખી તેઓના રહેણાંક મકાને જઈ તપાસ કરતા અન્ય ઘણી નકલી ભારતીય બનાવટી નોટો તેમજ નોટો બનાવવાના સાધનો મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરી કજે કરેલ છે. મળેલ મુદ્દામાલઃ રૂ .૫૦/-તથા રૂ. ૧૦૦/-તથા રૂ .૨૦૦/-તથા રૂ .૫૦૦/ -તથા રૂ .૨૦૦૦/ ના દરની કુલ નોટો નંગ -૨૨૮ જેની ભારતીય ચલણ મુજબની કિ.રૂ. ૧,૨૮,૨૫૦/- જેની કિ.રૂ .૦૦/ ૦૦ તથા મો.સા. કિ.રૂ.૨૫,૦૦૦/-તથા કલર પ્રિન્ટર કિ.રૂ. ૮,૦૦૦/-તથા ભારતીય ચલણના ૫૦૦ તથા ૨,૦૦૦ ના દરની છપાયેલ છ૪ સાઈઝના કાગળો તથા કટર તથા કાતર તથા લીલા કલરની મળી કુલ કિ.રૂ. ૩૩,૦૦૦/- . આરોપીની એમ.ઓઃ પોતાના ઘરમાં આવેલ એકાંત રૂમમાં તેની પાસેના કલર પિન્ટર મારફતે ભારતીય ચલણની નકલી નોટો છાપી બજારમાં ભીડ-ભાડ વાળી દુકાનમાં તથા સાંજના સમયે જે દુકાનના કાઉન્ટર ઉપર સીનીયર સીટીઝન બેઠેલ તેવી દુકાનમાં જઈ આ ભારતીય ચલણની નકલી નોટો દુકાનમાંથી કઈક વસ્તુ ખરીદી કરી નકલી નોટો બજારમાં ચલાવતો હતો.

# વાંકાનેરના કોરોના વોરિયર્સ એવા ડોક્ટર અને સ્ટાફ રાજમહેલની મુલાકાતે

ચક્રવાત ટીમ વાંકાનેર,તા.૩૦



છેલ્લા દસ મહિના કરતાં વધુ સમયથી કોરોના મહામારી સમગ્ર વિશ્વને ગંભીર બીમારીના ભરડામાં લીધું છે ત્યારે આ ગંભીર બિમારી સામે અડગતાથી લડી અને દિવસ રાત જોયા વગર બિમાર લોકોની અવિરત સેવામાં રહેલા કોરોના વોરિયર્સ એવા વાંકાનેરના ડોક્ટરો અને સ્ટાફે વાંકાનેરના રણજીત વિલાસ પેલેસ (રાજમહેલ)ની શુભેચ્છાઓ મુલાકાત લીધી હતી જેમાં વાંકાનેર યુવરાજ કેસરીદેવસિંહજીએ તેમની આ સેવાને બિરદાવી હતી. વાંકાનેર શહેર અને તાલુકામાં અત્યાર સુધીમાં ૩૦૦થી વધુ કેસ કોરોના પોઝિટિવ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૨૮૦ કરતાં વધુ લોકોને આ ગંભીર બિમારીમાંથી બચાવી સ્વસ્થ કરવામાં જેમનો અમૂલ્ય ફાળો છે તેવા વાંકાનેર વિસ્તારના ડોક્ટરો અને સ્ટાફ જેમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો. આરીફ શેરસીયા, આર.બી.એસ.કે. ડોક્ટરો, ફિમેલ હેલ્થ વર્કર્સ અને સ્ટાફ, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ-વાંકાનેરનો સ્ટાફ, શ્રધ્ધા હોસ્પિટલના લેબ ટેક. રાજભા જાડેજા અને સ્ટાફ સહિત કુલ ૪૦ કરતા વધુ કોરોના વોરિયર્સ વાંકાનેર રાજવી પરિવારના રાજમહેલની શુભેચ્છા મુલાકાતે પહોંચ્યા હતા. આ તકે વાંકાનેર યુવરાજ કેશરીદેવસિંહ ઝાલાએ તમામ ડોક્ટરો અને સ્ટાફને આવકારી આ કોરોના મહામારીના ગંભીર રોગચાળાના સમયમાં દર્દીઓની રાત-દિવસ સેવા કરવા બદલ તેમને બિરદાવી અને આભાર વ્યક્ત કર્યો હતો. આ સાથે જ યુવરાજશ્રીએ તમામ કોરોના વોરિયર્સને વાંકાનેર વિસ્તારમાંથી કોરોનાને સંપૂર્ણ નાબૂદ કરવામાં સફળતા મળે તેવી શુભેચ્છા પણ પાઠવી હતી.

# કામરેજ પોલીસ સ્ટેશનના પીઆઈ સહિત ૧૦ આરોપી સામે ગુનો

ચક્રવાત ટીમ સુરત, તા.૩૦

કામરેજ પોલીસ સ્ટેશનમાં છેતરપીંડીનો ગુનો દાખલ થયેલ હોય જે ગુના સબબ લાંચના છટકાના ફરરયાદીના ભાઈને તા.૧૦/૦૯/૨૦૨૦ના રોજ સુરત શહેર વિસ્તારમાંથી આ કામના આરોપી પોલીસ કર્મચારી જયેશભાઈ, અલ્પેશભાઈ અને દિપકભાઈ કામરેજ પોલીસ સ્ટેશને લઈ ગયેલ અને ફરિયાદી જોડે પોલીસ સ્ટેશન ખાતે રૂબરૂ મુલાકાત દરમ્યાન ઉપરોકત આરોપીઓએ કેસ પતાવવા બાબતેતથા બલેનો ગાડી ગુનાના કામેનહીં બતાવવા માટે તેમજ ફરિયાદીના ભાઈ વિરૂધ્ધ અન્ય છેતરપીંડીના ગુનાઓ નહીં દાખલ કરવાના અવેજ પેટે પ્રથમ રૂ.૧૦,૦૦,૦૦૦/- બાદ રકઝકના આંતે રૂપિયા-૩,૦૦,૦૦૦/- ની લાંચની માંગણી કરેલ. તે પૈકી તા.૧૩/૦૯/૨૦૨૦ના રોજ સાંજના જમવાનું ટિફીન આપવા આવો ત્યારે રૂપિયા-૧,૨૦,૦૦૦/- અને બાકીના બીજા દિવસે આપવાનું નક્કી થયેલ. પરંતુ ફરીયાદી લાંચ આપવા માંગતા ન હોય, આરોપીઓ વિરૂધ્ધ તા.૧૩/૦૯/૨૦૨૦ ના રોજ આર. કે.સોલાંકી, પોલીસ ઈન્સ્પેકટર સુરત ગ્રામ્ય એ.સી.બી.પો.સ્ટે.નાઓ રૂબરૂ લાંચની ફરીયાદ આપેલ જે ફરીયાદીની ફરીયાદ આધારેતા.૧૩/૦૯/૨૦૨૦ ના રોજ લાંચનું છટકુ ગોઠવવામાં આવેલ. જે લાંચના છટકા દરમ્યાન આરોપીઓએ લાંચના છટકાના ફરીયાદી પાસેથી લાંચની રકમ સ્વિકારેલ ન હતી જથી લાંચનુ છટકુ નિષ્ફળ જાહેર કરી પોલીસ ઈન્સપેકટર, સુરત ગ્રામ્ય એ.સી.બી.પો.સ્ટે. નાઓએ પ્રાથમીક તપાસ હાથ ધરેલ. ઉપરોકત




પ્રાથમીક તપાસ ત્રણ માસ જટેલો સમય ચાલેલ. જે તપાસના કામે એકત્રીત થયેલ દસ્તાવેજી પુરાવાઓ, મૌખીક પુરાવા, વૈજ્ઞાનીક પુરાવા અને સાયોગીક પુરાવા આધારે આરોપીઓએ એક બીજાના મેળાપીપણામાં ગુનો કરેલ હોવાનું જણાય આવેલ છે. આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં લાંચના છટકાના ફરીયાદીના ભાઈને કામરેજ પોલીસ સ્ટેશનમાં ચાર દિવસ સુધી ગેરકાયદેસર અટકાયતમાં રાખેલ હતા. તેમજ ફરીયાદીના ભાઈને આરોપી કુલદીપદાન બારહટ નાઓના કહેવાથી તા.૧૧.૦૯.૨૦૨૦ ના રોજ આરોપી અલ્પેશભાઈ, દિપકભાઈ, જયદિપભાઈ અને સાગરભાઈનાઓ ફોરચ્યુનર કારમાં ગેરકાયદેસર રીતે અમદાવાદ ખાતે તપાસમાં લઈ ગયેલ હોવાનું પણ પ્રાથમીક તપાસ દરમ્યાન જણાય આવેલ છે. પ્રાથમીક તપાસ દરમ્યાન એકત્રીત થયેલ પુરાવાઓને ધ્યાનેલેતાં આરોપી જયેશભાઈ અને અલ્પેશભાઈનાઓએ લાંચના છટકાના ફરીયાદી પાસેલાંચની માંગણી કરેલાનું પણ જણાય આવેલ છે. પ્રાથમીક તપાસ કરનાર અધિકારી પોલીસ ઈન્સપેકટર, સુરત ગ્રામ્ય એ.સી.બી.પો.સ્ટે. નાઓએ શ્રી સરકાર તરફે ફરીયાદ જાહેર કરી આરોપીઓ (૧) જે.બી. વનાર, પો.ઈ. કામરેજ પો.સ્ટે. (૨) અ.પો.કો. જયેશભાઈ જયતીભાઈ વનરજની (૩) અ.પો.કો. અલ્પેશભાઈ મોતીભાઈ દેસાઈ (૪) એ.હે. કો. કુલદીપદાન ગાંભીરદાન બારહટ (૫) અ.પો.કો. દિપકભાઈ હરગોવિંદ ભાઈ દેસાઈ (૬) અ.પો.કો. જયદિપસિંહ ગોપાલસિંહ ચૌહાણ (૭) એ.એસ. આઈ. ચાંદાબેન સુનીલભાઈ પાયાભાઈ વસાવા (૮) એ.એસ.આઈ. સુશીલાબેન જયંતભાઈ રાવલ (૯) એ.એસ.આઈ. સરદારભાઈ ધીરાભાઈ ભગોરા (૧૦) જી.આર.ડી. સાગરભાઈ ભગવાનભાઈ રાડરીયા નોકરી, તમામ કામરેજ પો.સ્ટે. સુરતનાઓ વિરૂધ્ધ સુરત ગ્રામ્ય એ.સી. બી.પો.સ્ટે.માં ગુનો દાખલ કરાવેલ છે. ઉપરોકત ગુનાની તપાસ એન.પી.ગોહિલ, મદદનીશ નિયામક, એ.સી.બી.સુરત એકમનાઓ કરી રહેલ છે. કોઈ સરકારી અધિકારી/કર્મચારી સરકારી કામ અર્થે લાંચની માંગણી કરે તો તેની જાણ એ.સી. બી. કચેરીના ટોલ ફી નંબર ૧૦૬૪, ફોન નાં.૦૭૯-૨૨૮૬૬૭૭૨, ફેકસ નાં.૦૭૯-૨૨૮૬૯૨૨૮, ઈ-મેઈલ: cr-acb-ahd@gujarat.gov.in, વોટ્સએપ નાં.૯૦૯૯૧૧૦૫૫ ઉપર કરવા નાગરીકોને આહવાન કરવામાં આવે છે.

# અમરેલીમાં ફાયરિંગની ઘટના આરોપી ગણતરીની કલાકોમાં ઝડપાયો

ચક્રવાત ટીમ અમરેલી,તા.૩૦

અમરેલી શહેરના સતત ટ્રાફિકથી ધમધમતા વિસ્તાર એવા સરદાર સર્કલ (સેન્ટર પોઈન્ટ) વિસ્તારમાં ફાયરિંગની ઘટના સામે આવી હતી. ઘટનાને અંજામ આપનાર રાજકોટ જિલ્લાના ભંગડા ગામના રહેવાસી જયવિર બહાદુરભાઈ વાળાને પોલીસે રૂા. પોણા આઠ લાખના મુદ્દામાલ સાથે ગણતરીની કલાકોમાં ઝડપી પાડ્યો હતો. અમરેલી એસઓજીને આ અંગેની બાતમી મળી હતી કે સેન્ટર પોઈન્ટ નજીક રોડ પર એક શખ્સ બોલેરો ગાડી લઈ આવી, ગાડીમાંથી નીચે ઉતરી, રિવોલ્વરમાંથી હવામાં ફાયરિંગ કરેલ છે. એસઓજીએ કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર ખાતે જઈ સીસીટીવી ફૂટેજ ચેક કરતા સમગ્ર ઘટનાના દ્રશ્યો જોવા મળ્યા હતા. જેના આધારે તપાસ



આદરી એસઓજીએ ફાયરિંગ કરનાર ભંગડા ગામના જયવિર વાળાને રૂા. ૩ લાખની રિવોલ્વર તથા પાંચ લાખની બોલેરો ગાડી સહિત ૭,૭૫,૧૪૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી અમરેલી સીટી પોલીસના હવાલે કર્યો હતો. ફાયરિંગ શા કારણે કરવામાં આવ્યું એ દિશામાં અમરેલી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# પોલ ખોલ કાર્યક્રમ અંતર્ગત પર્દાફાશ કરતા આપના પ્રવક્તા

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૩૦

આમ દમી પાર્ટીએ જાહેર કરેલ કાર્યક્રમ પોલ ખોલ અંતર્ગત રાજકોટમાં મ્યુનિ. કોર્પોરેશનના શાસનમાં થયેલ ભ્રષ્ટાચાર અને ગેર વહીવટને જનતા સમક્ષ ઉજાગર કરવાના ઉદ્દેશ્ય સાથે આજે પોલ ખોલ ભાગ-૧માં રાજકોટ શહેરના કોર્પોરેટરોએ પોતાને મળતી સ્વવિવેક ગ્રન્ટમાંથી સુચવેલ કામો અને રૂપિયાનો હિસાબ આર. ટી.આઈ.એક્ટના માધ્યમથી મેળવ્યા બાદ પ્રવક્તા મનીશ ગઢવી પ્રેસને આંકડાકીય સચોટ માહિતી આપીને આધાર પુરાવા સાથે જણાવ્યું હતું કે રાજકોટ કોર્પોરેશનના ભાજપ કોંગ્રેસના ચૂંટાયેલા કોર્પોરેટરોને મન વિકાસ એટલે બાકડા, બોર્ડ અને બ્લોક સિવાય કંઈ ના હોઈ તેવું તેમને સુચવેલા કામો ઉપરથી સાબીત થાય

મનીશ ગઢવીના જણાવ્યા મુજબ પોલ ખોલ કાર્યક્રમની આતો શરૂઆત છે. તેમાં ત્રણ ઝોન પૈકીના માત્ર એક ઈસ્ટ ઝોનની માહિતી આપતા જણાવ્યુ હતું કે ઈસ્ટ ઝોનમાં ટી ગાર્ડ માટે છેલ્લા ચાર વર્ષના સમયગાળા દરમિયાન રૂ.૩૬,૨૯,૦૨૧/-, પેવર બ્લોકમાં રૂ.૨,૪૮,૫૩,૮૨૯/-, બાકડા માટે રૂ. ૮૬,૬૮,૧૭૬/-, દિશા સુચક બોર્ડ માટે અધધ... રૂ.૧,૯૭,૪૩,૪૮૮/- ફૂંકી માર્યા તેમજ ડસ્ટબીન માટે રૂ.૩૨,૫૦,૦૦૦/- ખર્ચી નાખ્યા.

ઉપરોક્ત બાબતે હવે વધુ માહીતી માગી આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓના સહયોગથી સ્થળ તપાસ કરાવી વધુ બાબતોની પોલ ખોલવામાં આવશે તેવુ પ્રવક્તા મનીશ ગઢવી, આમ આદમી પાર્ટી-રાજકોટ શહેર દ્વારા જાહેર કરવામાં આવ્યું છે.

# જામનગરમાં પથારાના દબાણ દૂર કરી કબીર આશ્રમથી ખંભાળિયા ગેઈટ સુધીનો માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો



ચક્રવાત ટીમ જામનગર, તા.૩૦

જામનગરમાં વોર્ડ નં.૧૩ માં કબીર આશ્રમથી ખંભાળિયા ગેઈટ સુધીના માર્ગ પર અનઅધિકૃત પથારા અને કચરાના ઢગલાથી આ રસ્તો બંધ થઈ ગયો હતો. આથી લોકોને આવાગમનમાં ભારે મુશ્કેલી પડતી હતી. માર્ગ બંધ થતાં હાલાકીની લોકની ફરિયાદોના પગલે મંગળવારે જામ્યુકોની એસ્ટેટ શાખા દ્વારા પથારા અને કચરાના ઢગલા દૂર કરી આ માર્ગ ખુલ્લો કરાવામાં આવ્યો હતો.

# જામનગરમાં ગાયની અડફેટે આવતા આધેડ મહિલાનું મોત

ચક્રવાત ટીમ, તા.૩૦

જામનગરમાં ટ્રાફિકની સાથે-સાથે રખડતા ઢોરની સમસ્યા પણ વર્ષોથી યથાવત રહી છે. તંત્ર તરફથી દાખવવામાં આવતી ઉદાસીનતાના કારણે આ રખડતા ઢોરનો ભોગ નિર્દોષ નાગરિકો બની રહ્યા છે ત્યારે તાજેતરમાં રખડતી ગાયએ ઢીંક મારતા ગંભીર રીતે ઘવાયેલ મહિલાનું હોસ્પિટલના બિછાને મૃત્યું નિપજ્યું છે. વધુ એક નાગરિકના મૃત્યુંને લઈને શહેરમાં તંત્ર પ્રત્યે રોષ ફેલાયો છે. જામનગરમાં વધુ એક નાગરિકનો રખડતા ઢોરે ભોગ લીધો જેની વિગત મુજબ શહેરના કાલાવડ નાકા બહાર આવેલ તારમામદ સોસાયટી પાસેના સિધ્ધનાથ સોસાયટીમાંથી ચાલીને નવાગામ ઘર તરફ આવી રહેલા ગીતાબેન



જયંતિભાઈ ડાભી (ઉ.વ.૫૦) નામના મહિલાને જાહેર રોડ પર રખડતી ઢોરએ ઢીંક મારી પછાડી દીધા હતા. જેમાં પછડાય ગયેલા મહિલા બેશુદ્ધ થઈ જતા તેઓને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન મહિલાનું મૃત્યું નિપજ્યું હતું. આ બનાવ અંગે પોલીસે અકસ્માતે મોતનો બનાવ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ ખૂબજ વધી ગયો છે. લોકો અવારનવાર ગાય, બળદ વગેરે પશુઓનો ભોગ બની ઈજાગ્રસ્ત થાય છે, પરંતુ જયારે કોઈ મોતને ભેટે છે ત્યારે પણ મહાનગરપાલિકાના તંત્રની આંખ ખુલતી નથી. નિંભર તંત્રએ ઢોર માટે નક્કર કાર્યવાહી કરવી જોઈએ તેવી સમગ્ર જામનગર શહેરના લોકોમાંથી પ્રબળ માંગણી ઉઠવા પામી છે. જામનગરમાં બે વર્ષ પહેલા જ્યારે ઢોરથી મૃત્યુના કિસ્સા સામે આવ્યા હતા ત્યારે જે તે સમયના પોલીસવડા દ્વારા જાહેર વિજ્ઞપ્તિ બહાર પાડીને જણાવવામાં આવ્યું હતું કે, જે ઢોરના હડફેટે રાહદારી મૃત્યુ પામશે તે ઢોરના માલિક સામે ગુનો નોંધવામાં આવશે. પરંતુ આ જાહેરાતનો ફિયાસ્કો થઈ ગયો હતો અને ઢોરોનો ત્રાસ જેમ પહેલા હતો તેમજ ચાલુ રહ્યો છે.

# સરખા ચહેરાને કારણે મળી જબ્બર પબ્લિસિટી

ચક્રવાત ટીમ, રાજકોટ, ૩૦

રાજકોટમાં રહેતો ધ્રુવ સરવૈયા હાલ સાતમા આસમાનમાં વિહરી રહ્યો છે. અને કેમ ન હોય. તાજેતરમાં બૉલિવુડના દબંગ સ્ટાર સલમાન ખાનનો જન્મદિવસ એના ચાહકોએ ધૂમધામથી મનાવ્યો. તો તમામ અખબારો-મેગેઝિનોએ એના લેખોથી પાનાં ભરી દીધા. અને આ લેખમાં છપાયેલા ફોટાને કારણે ધ્રુવ અચાનક લાઈમલાઈટમાં આવી ગયો.

પંદર વરસના ધ્રુવનોઅને સલમાનના નાનપણના ફોટા જુઓ તો એમાં સલમાન અને ધ્રુવને અલગ તારવવા મુશ્કેલ લાગે એટલી સામ્યતા બંનેમાં જોવા મળે છે. અને એટલા માટે અનેક અખબારોમાં સલમાનના નાનપણના ફોટાને બદલે ધ્રુવનો ફોટો છપાયો.

હકીકતમાં ધ્રુવ રાજકોટમાં રહેતી




અને ફિલ્મ-ટીવી-નાટકની અભિનેત્રી વંદના સરવૈયાનો દીકરો છે. ઘરમાં ફિલ્મી વાતાવરણ હોય એટલે સ્વાભાવીક છે કે ધ્રુવનો ઝોક પણ એ તરફ વળેલો હોય. ધ્રુવની પણ ઈચ્છા અભિનય ક્ષેત્રે કારકિર્દી બનાવવાની છે.

## ૩૦ ટકાથી પણ વધુ દર્દીઓને કોરોના જતો રહ્યો છતા

# ૭૭ દિવસથી પણ વધુ વેન્ટિલેટર પર રાખ્યા બાદ દર્દી સ્વસ્થ

ચક્રવાત ટીમ, તા.૩૦

જામનગર જી.જી.કોવિડ હોસ્પિટલના નોડલ ઓફિસર અને મેડિસિન વિભાગના એસો.પ્રો.ડો.ભુપેન્દ્ર ગોસ્વામી કહે છે કે, આજ સુધીની કોઈ પણ બીમારીમાં જરૂર નથી પડતી એટલી બધી માત્રામાં ઓક્સિઝનની જરૂર આ કોરાનાની બીમારીમાં દર્દીઓને પડી છે.એનું કારણ આપતા ડો.ગોસ્વામી કહે છે કે કોરાનાની સૌથી વધુ અસર ફેફસા ઉપર થાય છે. કોરોના મટી ગયા બાદ, ઈષ્ઠ રિપોર્ટ નેગેટિવ આવ્યા પછી પણ લાંબા સમય સુધી કદાચ કાયમ માટે ફેફસાને ડેમેજ કરી નાખે છે! જોકે આવું ૬૦ વર્ષ ઉપરના સિનિયર સિટીઝન કે ઓબેસીટી, ડાયાબિટીસ, બીપી સહિતની બીમારી ધરાવતા દર્દીઓને થવાની સંભાવના વધુ રહે છે. આ બીમારીને લન્ગ ફાયબ્રાસીસ કહે છે. એવા ૩૦ ટકાથી પણ વધુ દર્દીઓ છે કે જેમને કોરોના જતો રહ્યો હોય છત્તા ફેફસા-હ્રદય સહિતની બીમારીઓની સારવાર માટે ૭૭ દિવસથી પણ વધુ વેન્ટિલેટર-ઓક્સિઝન ઉપર રાખવામાં આવ્યા છે. કોરોનાની અસર કેટલી હદે ખતરનાક હોઈ છે આ અંગે ડો.ભુપેન્દ્ર ગોસ્વામી કહે છે કે, કેટલાક દર્દીઓમાં મગજ, હ્રદય, આંખમાં લોહીની ગાંઠ-ફન્ગલ ઈન્ફેકશન, ગેંગરીન, પગમાં સોજા પણ જોવા મળ્યા હતા. જેથી જેટલી વહેલી તકે કોરોનાની સારવાર થાય એ ખૂબ જ જરૂરી છે. કોરોના દર્દીઓની સારવાર સંબંધી વાત કરતા ડો.ગોસ્વામી કહે છે કે, અમે છેલ્લા દસ માસથી અલગ અલગ લક્ષણો ધરાવતા, વિવિધ કોમ્પ્લિકેશન ધરાવતા



દર્દીઓને અલગ અલગ સારવાર આપી હતી. જેમ કે એન્ટીવાયરલ, એન્ટી બાયોટિક, પ્લાઝ્મા થેરાપી, રેન્ડસીવર મેડિસિન, સ્ટીરોઈડ, અતિ મોંઘા એવા ટોસાલીઝમના ઈન્જેકશન, ઓકિસઝન થેરાપી(વેન્ટિલેટર, હાઈ ફ્લો નેઝલ કેન્યુલા) વગેરે અલગ અલગ જરૂરિયાત મુજબની સારવાર સાવચેતીપૂર્વક અપાઈ હતી. મોટાભાગે તો દર્દીઓ બાર કે પંદર દિવસમાં સાજા થઈ જતા હોય છે. પરંતુ કોરોના જતો રહ્યો હોવા છત્તા દર્દીને ફેફસાની બીમારીઓ શરૂ થઈ જતી હોય છે. અને તેની રિકવરીમાં વાર લાગે છે. છાતી-ફેફસાના ડોક્ટરો આવા દર્દીઓની સારવાર ઓક્સિઝન થેરાપીથી કરતા હોય છે. દર્દીને રોગપ્રતિકારક શક્તિ સારી હોય તો તે પુનઃ ઝડપથી સાજા થઈ જતા હોય છે. કોરોનોમાંથી સાજા થયા પછી હાર્ટની તકલીફ થયેલા દર્દીઓને પણ અમે સાજા કરીને ઘેર પરત મોકલ્યાના દાખલા અમારી પાસે છે. તેમ ડો.ગોસ્વામી ગૌરવપૂર્વક જણાવે છે. રાજ્ય સરકારે જો કે કોરોનાની ગંભીરતા પારખી તુરત જ દર્દીઓની સારવારના સાધનો - દવા ઉપલબ્ધ કરાવી દીધા. અમારી કોવિડ હોસ્પિટલને ક્યારેય ખોટ ન પડે એટલી ક્ષમતા ધરાવતો ઓક્સિઝન ટેન્ક, વેન્ટિલેટરો, હાઈ ફ્લો નોસલ મશીન સહિતની સુવિધાઓ મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, કોવિડના સચિવ પંકજકુમાર, આરોગ્ય અગ્ર સચિવ જ્યંતી રવિ, પ્રભારી સચિવ નલિન ઉપાધ્યાય, કલેકટર રવિશંકરના સહકારથી ટૂંકાગાળામાં પ્રાપ્ત થઈ છે. આ માટે અમારી હોસ્પિટલ રાજ્ય સરકારની આભારી છે. આમ સરકારે હોસ્પિટલમાં ઓક્સિજન પણ સતત મળી રહે તે જોયુ જેથી દર્દીઓની સારવાર વધુ ઝડપી બની અને ડેથ રેશિયો ખુબ જ નીચો રહ્યો છે. આમ ડોકટર્સ અને પેરા મેડિકલ સ્ટાફ કોરોના સમયમાં વધુ એક વખત દેવદૂત પુરવાર થયા છે, એ સાબિત થયું છે.

# ઊનાના નવાબંદર રોડ પર ડાયવર્જનના ખાડામાં પડતા બાઈક ચાલક ગંભીર



ચક્રવાત ટીમ ઊના, તા.૩૦

ઊનાના દેલવાડા-નવાબંદર નજીક આવેલ ઝાંખરવાડા પાટીયા પાસે રોડ બનાવવાની કામગીરી શરૂ કરાતા અને ત્યા બેઠો પુલ બનાવવા ખાડો પાડેલ હોય તેમાં આર.સી.સી. અને લોખંડ બાંધતા હોય તેની બાજુમાં વાહનોની અવર જવર કરવા ડાયવર્જન કાઢેલ હોય ગત રાત્રીના સમયે નવાબંદર રોડ પર બાઈક પર આવતા અજાણ્યા યુવાનને પોતાનું બાઈક ગફલત ભરી રીતે બેફીકરાઈથી ચલાવી રાત્રીના અંધારામાં ડાવર્જન નજીક બંધાતા પુલીયાના ખાડામાં બાઈક સાથે પટકાતા લોખંડના સળીયાઓ બાઈક સવારને લાગી જતાં ગંભીર રીતે ઈજાઓ પહોચતા ઈમરજન્સી ૧૦૮ મારફતે તાત્કાલીક ઊના ખાનગી હોસ્પીટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવેલ હતો. આ યુવાન હજુ સુધી નામ અને ગામ અંગે બહાર ન આવતા પોલીસે તપાસ હાથ ધરેલ છે.

# જામનગરમાં ઘાતક હથિયાર સાથે બે ઈસમોને પકડી પાડતી જામનગર એલસીબી

ચક્રવાત ટીમ જામનગર,તા.૩૦

જામનગરના પોલીસવડા દીપન ભદ્રનાઓની સૂચના તથા એલ.સી. બી. ઈ.ચા.પો. ઈન્સ. એસ.એસ. નિનામાનાઓના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. સ્ટાફના પો.સ.ઈ. બી. એમ. દેવમુરારી તથા પો.સ.ઈ. આર. બી. ગોજીયા તથા માણસો વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવા તથા નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા અંગેની કામગીરીમાં કાર્યરત હતા.

દરમિયાન એલ.સી.બી. સ્ટાફના માંડણભાઈ વસરા તથા ફીરોભાઈ દલ તથા ધાનાભાઈ મોરીને બાતમી રાહે હકીકત મળેલ જેમાં જામજોધપુર તાલુકાના ગોપ ગામના પાટીયે આગેલ બે સ્ટેન્ડની છાપરી પાસે આરોપી મનસુખ કારેણા હથિયાર સપ્લાય કરવા રાજશી મેરને આવવાનો છે



તેવી બાતમી આધારે રેલડ કરતા આરોપી મનસુખ હરજી કારેણા સગર રહે જીણાવારી તા. જામજોધપુર, જિ. જામનગર હાલ સુરત વાળાના કબ્જામાથી પીસ્ટલ-૩ તથા રીવોલ્વર-૧ તથા કાર્ટીશ-૬ કિ. રૂ.૧,૨૫,૬૦૦/- તથા રાજશી માલદે ઓડેદરા મેર રહે રાણાવાવ, જિ. પોરબંદરના કબજામાંથી પીસ્ટલ-૨ તથા ગન-૧ તથા કાર્ટીસ-૧ કિ.રૂ.૬૦,૧૦૦/- સાથે પકડી કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ અ ને મજકુર મનસુખ કારેણા સદરહુ હથિયાર રાજશી માલદે મેરને વેચાણ કરવા આવેલ તે દરમિયાન બન્ને પકડાઈ ગેલ છે.

# જામનગરમાં વિદેશી દારૂ સાથે બે શખસો ઝડપાય

ચક્રવાત ટીમ જામનગર, તા.૩૦

જામનગરમાં પોલીસે દારૂ સંબંધીત કરેલી કાર્યવાહીમાં ૪ શખ્સોને પકડી પાડી ૬ બોટલ તથા એક ચપલુ કબ્જે કર્યુ છે. પોલીસે બંને શખસો સામે દારૂ પ્રતિબંધીત ધારાઓ મુજબ કાર્યવાહી કરી છે. સીટી એ ડિવિઝન પોલીસે સાંજે પાંચેક વાગ્યે સુભાષ શાક માર્કેટ વિસ્તારમાં ગીરધારી મંદિર પાસે બચુનગરમાં રહેતા શાદીક હુશેન યુનુસભાઈ સુમારીયા નામના શખ્સને આંતરી લીધો હતો. આ શખ્સના કબ્જામાંથી રૂા.૧૦૦ની કિંમતનું દારૂનું ચપલુ મળી આવ્યું હતું. પોલીસે આ શખ્સની સામે પ્રોહિબિશન ધારા મુજબ ૬૫એએ મુજબ કાર્યવાહી કરી અટકાયત કરી હતી. જયારે સીટી બી ડિવિઝન પોલીસે રાજકોટ-જામનગર રોડ પર આવેલા જયસંગ ગેરેજ સામેથી જી.જે.૧૦ બી.સી.૯૬૧૩ નંબરના મોટરસાયકલ સાથે પસાર થતા જાંબુડા ગામના ધર્મરાજસિંહ જશુભા જાડેજા નામના શખ્સને આંતરી લઈ તેની જડતી લીધી હતી. જેમાં આ શખ્સના કબ્જામાંથી રૂા.૩૦૦૦ની કિંમતનો ૬ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો કબ્જે કરી આ શખ્સની ધરપકડ કરી હતી.

# સાળંગપુર શ્રી કષ્ટભજનદેવને ૨૧ કિલો સોનાના આભુષણનો દિવ્ય સુવર્ણ શણગાર



ચક્રવાત ટીમ રાજેશ શાહ, તા.૩૦

સુપ્રસિદ્ધ શ્રી કષ્ટભજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુર ખાતે પવિત્ર ધનુમાસ એવમ પુનમ નિમિતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તથા કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી ના માર્ગદર્શન થી તા.૩૦ બુધવાર ના રોજ મંગળા આરતી સવારે ૫:૩૦ કલાકે તથા ૭:૦૦ કલાકે દાદાની આરતી પુજારી સ્વામી દ્વારા કરવામાં આવેલ. તેમા ૨૧કિલો સુવર્ણ શણગાર અંતગત ૧૦૦ થી વધારે સોના ચાંદીના હાર, નેકલેસ, ચેન, ૧૧ જોડી સોના ચાંદીના કુડલ, ૮ સોના-ચાંદી હીરા જડીત મુગટ, ૫૦૦ સોના ચાંદીની વીટી, ૩૦૦ કડલા,૧ સંપૂર્ણ સોનાનો વાઘો(વસ્ત્ર), ૧ચાંદીનો વાંઘો (વસ્ત્ર), ૫ સુવર્ણ જડીત રૂદ્રાક્ષ માળા, ૨ચાંદી જડીત આંકડાની માળા વિગેરે આભૂષણ ધરાવવામા આવેલ તેમજ શ્રી કષ્ટભજનદેવને દિવ્ય સુવર્ણનો શણગાર કરવામા આવેલ. તેમ સાળંગપુર કષ્ટભંજન દેવ મંદિર દ્વારા જણાવવામાં આવેલ છે.

સત્ય માટે, સત્ય સાથે સતત..
ચક્રવાત

## તંત્રીસ્થાનેથી......

# ગુજરાતમાં ઔવેશી અને છોટુ વસાવાની પાર્ટી ભાજપ અને કોંગ્રેસમાંથી કોને નુકસાન કરશે?

હૈદરાબાદથી મુસ્લિમ મતબેંકને ધ્યાનમાં રાખીને બનેલ અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી આગામી સમયમાં ગુજરાતમાં ચૂંટણી લડવા માટે તૈયારી કરી રહી છે. આ સાથે જ ઔવેશીની પાર્ટી સમક્ષ ગુજરાતમાં સ્થાનિક છોટુ વસાવાની ભારતીય ટ્રાઈબલ પાર્ટી (બીટીપી)એ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ગઠબંધનનો પ્રસ્તાવ મૂક્યો હતો. જેનો તેમણે સ્વીકાર કર્યો છે. જેથી હવે આગામી ચુંટણીઓમાં ઔવેશી અને છોટુ વસાવાની પાર્ટી સંયુક્ત રીતે ચુંટણી લડશે જેનાથી ગુજરાતના રાજકારણમાં એક નવો વણાંક આવ્યો છે. આ ગઠબંધનથી હવે જોવાનું રહ્યું કે તે કોંગ્રેસ અને ભાજપમાંથી કોને નુકસાન કરશે ? હવે ઓવૈસીની પાર્ટી વિશે ઊંડાણપૂર્વક અભ્યાસ કરીએ તો એઆઈએમઆઈએમ મૂળ હૈદરાબાદની પાર્ટી છે. અસદુદ્દીન ઓવૈસીના પિતા હૈદરાબાદમાંથી છ વખત સંસદસભ્ય રહ્યા છે. ત્યારબાદ તેમણે પાર્ટીની જવાબદારી ઓવૈસીને સોંપી હતી. અસદુદ્દીન ૨૦૦૪થી હાલ સુધી હૈદરાબાદથી સંસદસભ્ય છે. તેમના નાનાભાઈ અકબરુદ્દીન ઓવૈસી તેલંગણા વિધાનસભામાં પાર્ટીના ધારાસભા દળના નેતા છે. વિધાનસભામાં તેમના સાત ધારાસભ્ય છે. ઓવૈસીની પાર્ટી મહારાષ્ટ્રમાં પણ છે. તેમની પાર્ટીના ઈમ્તિયાઝ જલીલ મહારાષ્ટ્રના ઔરંગાબાદની લોકસભા બેઠક પરથી જીત્યા હતા. આ ઉપરાંત ઔરંગાબાદ નગર નિગમની ચૂંટણીમાં પણ તેમની પાર્ટીએ સારું પ્રદર્શન કર્યું હતું. હાલમાં બિહારમાં યોજાયેલી ચૂંટણીમાં તેમની પાર્ટીએ પાંચ સીટ પર જીત મેળવી હતી. હવે તેઓ પશ્ચિમ બંગાળમાં ચૂંટણી લડવાની તૈયારીઓ કરી રહ્યા છે. તાજેતરમાં હૈદરાબાદમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પણ ભાજપે તેમને પડકાર ફેંક્યો હતો અને સારી બેઠકો પર જીત મેળવી હતી. તેમણે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલાં બીટીપી સાથે ગઠબંધન કર્યું છે અને કહ્યું છે કે તેમનો હેતુ દેશમાં ભાજપને હરાવવાનો જાહેર કર્યો છેં ઓવૈસીની પાર્ટીએ જાહેર કરેલ એજન્ડાથી તદ્દન વિપરીત અસર ગુજરાતમાં થશે અને આ ગઠબંધન ભાજપ ને ફાયદો અને કોંગ્રેસને નુકસાન વધારે કરશે તોવો અભિપ્રાય રાજકીય વિશ્લેષકોનો છે જેમાં ઔવેશીની પાર્ટી એ ગુજરાતમાં એટલું મોટું રાજકીય પરિબળ નથી. તેમની અસર નહિવત્ રહેશે, તેમનું જોડાણ લઘુમતી સમુદાય સાથે છે અને તેનાથી માત્ર લઘુમતી સમાજના જ મત મળશે. સમાજને ધ્યાનમાં રાખીને વિચારીએ તો ઓવૈસીની પાર્ટીનો પાયો મુસ્લિમ સમુદાયનો છે. જ્યારે ભાજપ ગુજરાતની ઉચ્ચ જ્ઞાતિઓમાં પ્રભુત્વ ધરાવે છે. ઉચ્ચ જ્ઞાતિના મત તો ભાજપને મળવાના છે, તે ઓવૈસી તરફ તો જવાના નથી. બીજું કે મુસ્લિમ અને આદિવાસી લોકો એક સાથે આવી ઓવૈસીને મત આપે તો તેનું નુકસાન કોંગ્રેસને થશે કેમકે આ બંને સમુદાયો પરંપરાગત કોંગ્રેસની મતબૅન્ક છે. કોંગ્રેસના નેતા પરેશ ધાનાણીએ કહ્યું કે હાલ તમામ મોરચે 'નિષ્ફળ' નિવડેલી ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા, હવે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પહેલાં **'BTP+MIM = BJP'** જેવી 'બી' ટીમોનું ગઠબંધન કરાવી અને કોંગ્રેસ પાર્ટીને ડરાવવા તથા ગુજરાતી જનતાને હરાવવાના નિષ્ફળ પ્રયાસ શું કામ થઈ રહ્યા છે મોટા ભાગના રાજકીય વિશ્લેષકો માને છે કે ઓવૈસીની પાર્ટી ભાજપને નહીં પરંતુ કોંગ્રેસને નુકસાન કરશે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં બીટીપી અને ઓવૈસી સ્થાનિક સ્તર પર ભેગા થવાથી કોંગ્રેસને ફટકો પડી શકે છે.

યાકુબ બાદી
તંત્રી

# 'Krossing ગર્લ'

### પ્રકરણ ૨૮

જન્માષ્ટમીના ફોટોશૂટની અજાણતાં થયેલી ભૂલ ચક્રવૃધ્ધિ વ્યાજ સાથે પોતાનું વસૂલી કરી રહી હતી. સાગરે મારા પર ગાળોનો વરસાદ વરસાવ્યો હતો. કરાટે કીક વડે સરખો કરીને ધોઈ નાખ્યો હતો. મારા પપ્પાએ મને આજ દિન સુધી ક્યારેય મારા પર હાથ ઉપાડ્યો નહોતો. પણ સાગરે પીઠ, પેટ, હાથ, ડોક, ઘૂંટણની ઉપર પીઠ જ્યાં આવે ત્યાં પગની કીક અને હાથના મુક્કાની સટાસટી બોલાવી હતી. મારે આ નાનકડી ભૂલ માટે સાંભળવું પડશે એ પાક્કું હતું. પરંતુ આ હદે માર ખાવો પડશે તેની કલ્પના ય નહોતી. હું લંગડાતો લંગડાતો ચાલતો હતો. સાગરને મારી જરાય દયા નહોતી આવતી. આજે તેનો ગુસ્સો અજીબ હતો. મેં કેટલીયવાર તેની માફી માંગી પણ તે આજે માફ કરવાના મૂડમાં નહોતો.

તેને ચા બનાવી લાવવાનો ઓર્ડર ફેંક્યો. મેં ચા બનાવી. અમે બંને બાલ્કનીમાં હીંચતામાં હીંચકતાં ચા પી રહ્યા હતા. તેણે થોડા સમય પછી મૌન તોડતાં કહ્યું, "કાનજી, તને ખરેખર યાદ નહોતું રહ્યું કે તું નાટક કરે છે ?"

"રીયલમાં સાગર, મા કસમ બસ... હું કંઈ ખોટું થોડું બોલું. તું કૅમેરાની બધી મેમરી ચેક કરી લેજે. આખી શોભાયાત્રામાં એ એક જ ઘટનાને બાદ કરતાં બધું શૂટિંગ હશે. યાર, હું જાણી જોઈને આવું થોડું કરું ? ખબર નહીં એ સમય જ એવો હતો. હું ભાન ભૂલીને એ દૃશ્ય જોતા ના રહી શક્યો. મેં કૅમેરો સેટ કરેલો હતો પણ શૂટિંગ મોડ ઓન કરતાં જ ભૂલી ગયેલો." મેં કહ્યું.

એ ક્યાંય સુધી ખામોશ બેઠો રહ્યો. ચા પૂરી થઈ ગઈ હતી. તે કંઈ જ ના બોલ્યો. તેની ખામોશી મને ઘણી વાર અકળાવતી. ખબર નહીં તે કેવા વિચારોમાં મગ્ન હતો.

મને હવે તેના પર ગુસ્સો આવતો હતો અને ચીડ ચડતી હતી. "સાગર, તું સાવ જંગલી છે. તારામાં દયા કે લાગણી જેવું કશું નથી. એક નાનકડી ભૂલ માટે આવી રીતે કોઈ મારે ? તે મને આજે સખત હર્ટ કર્યો છે."

તેનું મૌન હાસ્યમાં બદલાઈ ગયું. તે પાગલની જેમ હસવા લાગ્યો. થોડીવાર તે કંઈ ના બોલ્યો. પછી અચાનક મારા મોં પર થુક્યો. એક,બે ત્રણ...મોં માંથી થૂંક આવતું બંધ ના થયું ત્યાં સુધી..

"તારાથી થયું છે ભૂલ નથી બેદરકારી છે. એની માફી ના હોય. ફક્ત સજા જ હોય. આ ભૂલની એવી સજા આપીશ કે તું ઉભા ઉભા મુતરી રહીશ. એ પણ બધાની વચ્ચે. તું મારી લાસ્ટ હોપ છો. ખુદને તૈયાર કરી રાખજે. દિવાળી પછી તને દાવ પર લગાડવાનો છું." આટલું બોલી તેને મને મારા રૂમમાં જવા કહ્યું

તેની વાત સાંભળી હું રીતસર ધ્રુજી ઉઠ્યો. મારું દર્દ થોડીવાર માટે ભુલાઈ ગયું. સાગર મારી પાસે શું કરાવવા માંગતો હતો ? મને હવે ડર લાગી રહ્યો હતો. તે મારી સાથે શું કરવા માંગતો હતો એમને કંઈ સમજાતું નહોતું. હું દર્દથી કણસતો કણસતો મારા રૂમમાં પહોંચ્યો. મેં તેનો કોઈ પ્રતિકાર કે વિરોધ કેમ ના કર્યો ? હું કાયર હતો ? ડરપોક હતો ? કે વિરોધ કરવાની ત્રેવડ મારામાં નહોતી ? મારી પાસે કોઈ જવાબ નહોતો....! મેં રૂમમાં આવી બાથરૂમમાં જઈને બાથટબમાં જાતને નગ્ન કરી છૂટી મૂકી દીધી.

મારી વાર્તાની સ્ટાઈલ પાછી જીવંત કરી. ખુદની સાથે વાતો કરવા લાગ્યો. સાગર અને મારા વિશે બહુ મગજની નસો ફાટી જાય ત્યાં સુધી વિચાર્યા કર્યું. હું થાક્યો. પણ અટક્યો નહીં. અંતે જાત પર હસી પડ્યો. દર્દ અને ડર બધું ગાયબ થઈ ગયું. મને એકવાત સમજાય ગઈ. સાગર મને અસલી મરદ બનાવવા માટે ગમે તેવા દર્દ આપવા તૈયાર હતો. આ ઘરમાં રહેવું હોય તો તેની વાત માની મરદ બન્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો. પણ શા માટે ?

મને હવે એ કારણ જાણવાની તાલાવેલી હતી. હવે તેના પ્રત્યે નફરત થવાને બદલે પ્રેમ ઉભરાઈ રહ્યો હતો. હું બાથરૂમમાંથી નગ્ન જ બહાર આવી બેડ પર સુઈ ગયો. શરમ અને ડરના આવરણ ઉતરતાં જાતને સાવ હળવી મહેસૂસ કરી. હું હવે તૈયાર હતો. મરજીવો બની સાગરનું તળિયું માપવા માટે.......

સવારે ઊઠીને બાલ્કનીમાં ગયો ત્યારે તે હજુ પણ ત્યાં જ બેઠો હતો. તે આખી રાત જાગ્યો હોય એવું લાગી રહ્યું હતું. તે સાવ જડ બની ગયો હોય એવું લાગતું હતું. હું રસોડામાં ગયો. ચા બનાવી. ગેલેરીમાં આવી એક કપ તેને આપતાં કહ્યું. "આખી રાત ગાંડાની જેમ વિચારો કરી ઉજાગરા કરવાથી પ્રોબ્લેમનું સોલ્યુશન ના મળે.

તે મારી સામે જોઈ હસ્યો. તેને મને ઈશારાથી નીચે જોવા કહ્યું. મારું ધ્યાન અંદરથી વાસની ઝાપલી ખોલી રહેલી એક છોકરી તરફ ગયું. હું ફાટી આંખે તેને જોઈ રહ્યો. મેં તેને પહેલીવાર જોઈ હતી. મતલબ કે.....!

"મારા ઉજાગરા ક્યારેય અકારણ નથી હોતાં." તે મારા હાથમાંથી ચા નો કપ લેતાં બોલ્યો.

"એટલે તમે બંને આખી રાત સાથે હતાં ?" મારાથી પુછાય ગયું.

"હા...એને તને તારા રૂમમાં કપડાં વગરની હાલતમાં જોયો. પછી તારી મજાક પણ ઉડાવી" તે કોઈ ભાવ દર્શાવ્યા વગર બોલી રહ્યો હતો.

મારે શું બોલવું એ સમજાતું નહોતું. એટલામાં તેને ટેબલેટમાં કશુંક ચાલુ મને આપ્યું. એ જોઈને મારું હૃદય એક ધબકારો ચૂકી ગયું. સાગરે મારા બાથરૂમમાં પણ કેમેરા લગાવેલા હતાં. હું મારી નજર સામે મને બાથટબમાં ગાડાંની જેમ એકલો એકલો વાતો કરી રહ્યો હતો. મેં ફોરવર્ડ કરીને જોયું. મારા સુવા સુધીનું રેકૉર્ડિંગ તેમાં હતું.

મારું મગજ ગુસ્સાથી ફાટી રહ્યું હતું." સાગર તું તારા કામ માટે આટલી હદ સુધી જઈ શકે એમેં સપનેય નહોતું વિચાર્યું....તું...તું... માણસ નથી ..તું રાક્ષસ છે...રાક્ષસ!"

"પુરુષની અસલિયત બાથરૂમમાં કે કામણગારી કામિની સાથે સેક્સમાં જ બહાર આવે. એન્ડ અસલી મરદ વિચારથી નાગો હોય શરીરથી નહીં. તારે મર્દાનગીથી ફાટફાટ થવામાં હજુ ઘણીવાર છે. હા હું રાક્ષસ છું. તું કલ્પના પણ ના કરી શકે એવો....!" એમ કહી ઉભા થઈને મારા પેટમાં જોરથી મુક્કો માર્યો. મારા હાથમાંથી ચા નો કપ છૂટીને નીચે પડી ગયો.હું ત્યાં જ પેટ પર બંને હાથ રાખી બેવડો વળી જમીન પર સુઈ ગયો.

"મેદાનમાં હંમેશા લડવૈયો જીતે, શૂરવીર નહીં. લાસ્ટ ચાન્સ આપું છું. હું પાછો આવું ત્યાં ભાગવું હોય તો મેદાન છોડી ભાગી જજે. પછી ચાન્સ નહીં મળે. મને કાયર ના ખપે" મેં તેની સામે જોયું. તેની આંખો લાલ હતી. ગુસ્સાથી નહીં.પણ કશુંક કરી છૂટવની દ્રઢતાથી....

હું તેનું તેજ ના જીરવી શક્યો. હું ફસડાઈ પડ્યો. અંદરથી હચમચી ગયો, તૂટી ગયો, ફરીથી મરી ગયો. કાલે રાતે શરમ અને ડરના કપડાંનું ઉતારેલું આવરણ ફરીથી શરીર પર ચડી ગયું હોય એવું લાગ્યું. હું ફરીથી જેવો હતો તેવો બની ગયો હતો.

★ ★ ★

આજે સ્કૂલમાં મીરા ગેરહાજર હતી. મારું પહેલી વાર ભણવામાં મન ના ચોંટ્યું. મને સાગરની વાતોના જ વિચાર આવ્યા કરતા. તેની લાલ તગતગતી આંખો નજર સામેથી હટતી નહોતી. હેપ્પી અને રાહુલે બહુ પ્રયત્નો કર્યા. મારો સેડ મૂડ સારો ના જ થયો. હું ઘરે આવ્યો. માછલીઘરની ઉપર એક કાગળ પડ્યો હતો.

"૧૦ દિવસ માટે હિમાલયમાં જાઉં છું. આશા રાખું છું આજ સવારની મુલાકાત આપણી અંતિમ મુલાકાત ના હોય ..!!"

મને કંઈ સમજાતું નહોતુ. આવડું મોટું ઘર, આટલી સુવિધા, આ બધા માટે પૈસા ક્યાંથી આવતા હશે ? તે શું કામ કરતો હશે ? જે થાય તે મેં મનોમન કોઈ પણ સંજોગોમાં ઘર ના છોડવાનો નિર્ણય લઈ લીધો હતો. આ વખતે સાગર આવે એટલે પૂછીને જ રહીશ કે તે શું કામ કરે છે ? મારી પાસે શું કરાવવા

આભાર - નિહારીકા રવિયા માંગે છે ? પણ શું હું પૂછી શકીશ ? મારામાં એટલી હિમ્મત કે ત્રેવડ છે ?

ફરીથી મનને ઉદાસી ઘેરી વળી. બધી વાતોનો સખત કંટાળો આવતો હતો. મેં સાગરને ભરપેટ ગાળો આપી. ઈશિતાના કેસમાં સાગરે મને સરખો કરીને ફસાવી દીધો હતો. તેની સાથે પહેલી ડેટ અને ટ્રીટની ઓફર પછી આગળ કંઈ રીતે વધવું એ સમજાતું નહોતું. આવા સેડ મૂડમાં તેને ફોન કરવાનું ઠીક ના લાગ્યું. ઘરે ફોન જોડ્યો. બધા સાથે વાતો કરી. થોડું સારું લાગ્યું. ગીતા કોઈ કૉમ્પિટિશન માટે બહાર ગઈ હતી. તેને કૉલ લાગતો જ નહોતો.

મેં મીરાને ફોન કર્યો. તેણે કટ કરી નાખ્યો. મૅસેજમાં કલાક પછી કૉલબૅક કરીશ એમ કહ્યું. તેને બીજી વાર ફોન કરવો પડે એવી ઈમરજન્સી હતી. પણ હું તેને ના કહી શક્યો. મારે અત્યારે તેની સખત જરૂર હતી. રાહુલ તો આમેય પહેલેથી સેડ હતો. તેથી તેને વધારે ઉદાસ કરવા મન ના માન્યું. હેપ્પી સાથે એટલા ગાઢ સંબંધો નહોતાં કે તેની સાથે દિલ ખોલીને વાત કરી શકું. કમ્પ્યૂટરમાં ગેમ રમ્યો. મોબાઈલમાં ફની વિડિયો જોયા. હું કંટાળ્યો. ખબર નહીં કેમ ક્યાંય ગમતું નહોતું. કશું જ સારું લાગતું નહોતું. હું માછલીઓ પાસે ગયો. તે જાણે કહી રહી હતી – "રિલેક્સ માય બોય. આ સમય પણ વીતી જશે." હું રડી પડ્યો.

મારા રૂમમાં જઈને સીધો જ બેડ પર પટકાયો.વિના કારણે ખબર નહીં ક્યાંય સુધી રડતો રહ્યો. જિંદગીમાં પહેલીવાર હું મન મૂકીને રડ્યો. મને કશું સૂઝતું નહોતું. મારે કોઈની જરૂર હતી જેની પાસે હૃદય ખોલી હળવો થઈ શકું. આખરે મેં ગીતાને મેસેજ કર્યો.

"પ્લીઝ, હેલ્પ મી....(ક્રમશઃ)

Mo. & wtsp - 88666 09807
ravivir2020@gmail.com

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૩૧-૧૨-૨૦૨૦, ગુરૂવાર, માગશર વદ-૧, સૂર્યોદય-૭-૨૭, સૂર્યાસ્ત-૬-૧૧, જૈન નવકારશી-૮-૧૫, આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્ર: પુનર્વસુ

**- શુભ ચોઘડીયા -**

૧૨-૨૯થી અભિજીત-૧૩-૧૨ સુધી,૭-૨૮થી શુભ-૮-૪૮ સુધી, ૧૧-૨૯થી ચલ-લાભ-અમૃત-૧૫-૩૧ સુધી, ૧૬-૫૨થી શુભ-અમૃત-ચલ-૨૧-૩૧ સુધી

**- શુભ હોરા-**

૭-૨૮થી ૮-૨૧ સુધી,૧૦-૦૯થી ૧૨-૫૦ સુધી,૧૩-૪૪થી ૧૪-૩૮ સુધી,૨૬-૨૫થી ૧૯-૧૯ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરૂ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- પરોપકારની ભાવના પ્રબળ બનવાની ધાર્મિક કાર્યમાં સફળતા નોકરીમાં બદલીની શકયતા રહે.

» વૃષભ(બ.વ.ઉ.) :- ઈન્વેસ્ટમેનના પ્રશ્નોમાં સફળતા મલે કોર્ટ કેસના પ્રશ્નોમાં સમાધાનથી લાભ. આત્મવિશ્વાસ વધવાનો.

» મિથુન(ક.છ.ઘ.) :- કારકિર્દી યશસ્વી બનવાની નોકરીમાં કાર્યભાર રહે. મહેનતનું ફળ મલે. વિદેશના પ્રવાસની ઈચ્છા ફળવાની.

» કર્ક(ડ.હ.) :- તમારી અંગત જિંદગીની સમસ્યાની ચર્ચા પારકા સાથે કરવાથી જાળવજો. આત્મવિશ્વાસ વધારો. સફળતા મલશે.

» સિંહ(મ.ટ.) :- માન-સન્માન મેળવવા વધુ મહેનત કરવી પડશે. નવી ઓળખાણ બાબત તકેદારી રાખો. સમયનો વ્યય ન કરો.

» કન્યા(પ.ઠ.ણ.) :- મિત્રોનો સહકાર રહે. નોકરીમાં મનગમતી જગ્યા મલે. સંતાનોની પ્રગતિ માટે સારો દિવસ રહેશે.

» તુલા(ર.ત.) :- અચાનક મનગમતી વ્યકિતની મુલાકાત થવાની નોકરીમાં ચીવટ રાખવી રાજકીય લાભ મલવાનો.

» વૃશ્ચિક(ન.ય.) :- સરકારી કાર્યોમાં અનુકુળતા રહે. લાગણીઓને કાબુમાં રાખજો શેર સટ્ટામાં નિર્ણયો મહત્વના રહે.

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- સ્વાસ્થયમાં સુધારો થાય દિવસ ઉત્સાહજનક રહે. સંસ્થામાં સારો હોદ્દો મેળવશો.

» મકર(ખ.જ.) :- નોંધપાત્ર સફળતા મલવાની. રહેણાકના મકાનમાં લકઝરી ફેરફાર થવાના.

» કુંભ(ગ.શ.સ.) :- ભાગીદારી ધંધાની ઈચ્છા ફળે. પરીવારના વડીલોનું માર્ગદર્શન લેજો. યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહે.

» મીન(દ.ચ.ઝ.) :- લાંબા અંતરનો પ્રવાસ થાય, સંતાનો સાથે મહત્વની ચર્ચા થાય. શેર સટ્ટામાં અનુકુળતા.

# કેવી બાબતે આવેદનપત્ર આપવા જોઈએ તથા આવેદનપત્ર ક્યારે આપવું અને ક્યારે ન આપવુ

નેલ્સન પરમાર
'જાગતે રહો'



આજકાલ આપણે જોઈએ છે કોઈપણ ઘટના બને એટલે દસ પંદર માણસને ભેગા કરી કોઇ વ્યક્તિ કે સંસ્થા રેલીઓ, ધારણા કરી જીલ્લા કલેકટર કે કોઈ ઉપલા અધિકારીને આવેદનપત્ર આપે છે. પણ પછી એ આવેદનપત્ર પર કામ થાય છે કે નહીં એ કોઈનું ધ્યાન નથી હોતુ. મારી જાણ મુજબ આવા આવેદનપત્ર પત્રનું કોઈ સરકારી રજીસ્ટરમાં નોંધ થતી હોય એવુ ધ્યાનમાં નથી, બની શકે તમે આપેલ આવેદનપત્ર વાંચતા પણ ન હોય.

આપણી મુખ્ય વાત એ છે કે આવેદનપત્ર ક્યાંરે આપવું અને ક્યારે ન આપવુ.

●આવેદનપત્ર ક્યારે ન આપવુ

તો ખાસ જ્યારે પણ કોઈપણ ક્રાઈમ બને છે. જેમકે ચોરી, મારામારી, હત્યા, બળાત્કાર કે પછી એવા કોઈપણ નાના મોટા ક્રાઈમ બને છે. ત્યારે લોકો આવેદનપત્ર આપે છે કે ગુનેગારને સજા કરો, ફાંસી આપો, કડક કાર્યવાહી કરો, પણ ખરેખર આવા આવેદનપત્ર આપવા એ મુર્ખામી જ કહેવાય, એક બાજુ તમે એમ કહો છો, ન્યાયાલયના કામમાં સરકારે ડખલગીરી ન કરવી જોઈએ અને બીજી બાજુ સરકારને આવેદનપત્ર આપી ગુનેગારનો ન્યાય કરવાનુ કહો છો. એટલે જેનું જે કામ હોય એજ કરવાનું હોય ખોટા આવેદનપત્ર આપી સમય, શક્તિ, અને નાણાં આવા કામ વગરના આવેદનપત્ર આપવામાં બગાડવા ન જોઈએ, ખરેખર જો કંઇ કરવાની ઈચ્છા હોય તો એજ નાણામાંથી સારામાં સારા વકીલ રોકી કાયદાકીય રીતે કેસને મજબુત કરો તો ન્યાય મળશે, નહી કે આવેદનપત્ર આપવાથી. સીધી વાત એજ કહેવા માંગુ છું કોર્ટના મેટરમાં સરકારને આવેદનપત્ર આપવાનો કોઈ મતલબ નથી એના કરતાં સારી કાયદાકીય વ્યવસ્થા કરી આપશો તો ન્યાય જલદી મળશે. જયારે આવા ક્રાઈમ વખતે તમને આવેદનપત્ર આપવાની વાત કરવામાં આવે તો ભોળવાશો નહીં કારણે કે એ રસ્તો જ ખોટો છે. તમારો ઊપયોગ કરી એ પોતાનું નામ, પ્લેટફોર્મ બનાવવા માંગતો હોય એવુ પણ બને, એટલે ધ્યાન રાખવુ જરુરી છે. ખરેખર આવા સમયે સૌથી વધારે મને એ વકીલો પર હસવું આવે છે જે આવા ધારણામાં જાય છે અને આવેદનપત્રો આપે છે. અરે ભાઈ તમે વકીલ છો તમને તમારી જવાબદારી ખબર હોવી જોઈએ, તમને ખબર હોવી જોઈએ કે કોર્ટમાંથી ન્યાય કેવી રીતે મળશે, ક્રાઈમ બને ત્યારે વહીવટીતંત્ર, વકીલો અને તે ફિલ્ડના નિષ્ણાતોએ ભેગા થઈ યોગ્ય દિશામાં કાર્યવાહી કરવાનું કામ હોય, ટોળા ભેગા કરી આવેદનપત્ર આપવાથી ન્યાય કેવી રીતે મળે ?



● આવેદનપત્ર ક્યારે આપવુ ?

એકવાત સમજી લો સરકારનું કામ ન્યાય કરવાનુ નથી પણ કાયદો અને વ્યવસ્થા જળવાઈ એ જોવાનું છે. એટલે જે કામ સરકાર કરી શકે છે અથવા તો જે બાબતે સરકાર નિર્ણય લઈ શકે એવી બાબતોમાં આવેદનપત્ર આપવુ જોઈએ. તમે ક્રાઈમ વખતે પણ આવેદનપત્ર આપો પણ એવી રીતે આપો કે સરકાર કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ ગઈ છે. જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ તેવી વ્યવસ્થા કરવામાં આવે. નહીં કે સરકાર ન્યાય કરી ગુનેગારને સજા કરે. એક ઉદાહરણ જોઈએ, તમારાં ગામમાં બસ નથી આવતી તો તમે ભેગા થઈ આવેદનપત્ર આપો કે તમારાં ગામમાં બસ ચાલુ કરવામાં આવે. એના પર સરકાર કાર્યવાહી કરશે કારણ કે એ વાત એમના હાથમાં છે. સરકારે લીધેલ કોઈ નિર્ણય તમને મંજૂર નથી તો તમે આવેદનપત્ર આપો એ યોગ્ય છે. કાયદો વ્યવસ્થા જાળવવામાં માટે આવેદનપત્ર આપો એ યોગ્ય છે. જે કામ સરકાર કરી શકે છે એને કરાવવા માટે આવેદનપત્ર આપવુ જોઈએ.

● આવેદનપત્ર કેવુ હોવુ જોઈએ?

ઘણીવાર આવેદનપત્ર એટલુ સરસ અને લાંબુ બનવામાં આવે છે કે અધિકારી વાંચતા વાંચતા થાકી જાય અને કંટાળીને મુકી દે, કહેવાનો મતલબ કે એ છે કે, આવેદનપત્રમાં તમે એટલાં બધાં મુદ્દા ઉમેરો છો કે અધિકારી પણ મુંઝવણ અનુભવે કે, ક્યાં મુદ્દા પર કામ કરવું. એટલે આવેદનપત્ર એવુ હોવું જોઈએ જે સમજાય, એકદમ સરળ ભાષામાં અને બહુ ટુંકમાં જે મુખ્ય મુદ્દા હોય એજ લખવા જોઈએ, એક જ આવેદનપત્ર પત્રમાં દસ બાર મુદ્દા લખ્યા સિવાય કોઈ ચાર કે પાંચ જે મુખ્ય મુદ્દા છે એજ લખેલ હોય તો અધિકારી વાંચીને જલદી સમજી શકે છે. એટલે આવેદનપત્ર બહુ સરસ અને લાંબુ બનાવ્યા કરતાં એકદમ સરળ ભાષામાં અને ટુંકમાં મુદ્દાસર હોય તો વધુ સારું રહેશે.

● આવેદનપત્ર આપ્યા પછી શું કરવુ?

આપણે જોઈએ છીએ આવેદનપત્ર આપ્યા પછી લગભગ એની રીસીવ કોપી આપણે લેતા નથી પણ આવેદનપત્ર એ પણ એક અરજી જ છે અને જયારે કોઈ સરકારી કચેરીમાં અરજી આપો ત્યારે રજીસ્ટરમાં એની નોંધણી કરી તમને રીસીવ કોપી આપવામાં આવે છે. તો જયારે આવેદનપત્ર આપો ત્યારે તમે કચેરીના સહી સિક્કા સાથે રીસીવ કોપી મેળવી લો જેથી તમારી પાસે પુર્ફ રહેશે કે તમે અરજી કરી છે અને એના પર લાંબા સમય સુધી કાર્યવાહી ન થાય તો તમે ફરીથી એજ અરજી કરી એમને યાદ અપાવી શકો છો. એ સિવાય બીજી એક ખાસ વાત કે આવેદનપત્ર આપ્યા પછી આપણે ફોટો પડાવી ન્યુઝ પેપરમાં આપીએ છીએ અને આવેદનપત્ર કેમ આપ્યું એની માહિતી સાથે છપાય પણ છે. પણ જયારે તમે આવેદનપત્ર આપો છો એની પ્રેસ નોટ મીડીયામાં આપો ત્યારે આવેદનપત્ર કેમ આપ્યું એ મુદ્દા પર હાઈલાઈટ કરી ન્યુઝ પેપરમાં આપો, જો અધિકારી આવેદનપત્ર નહીં વાંચે પણ એજ આવેદનપત્રના મુદ્દા મીડીયામાં આવશે તો એ ચોક્કસ ધ્યાન આપશે એ બાબતે. એટલે મીડીયામાં આવેદનપત્રના મુદ્દા હાઈલાઈટ થાય એનુ ધ્યાન રાખવુ.

## COMING SOON

**કોલમનું નામ**
ધ્વનિ ના સથવારે

**લેખકનું નામ**
શાહ ધ્વનિ ભાવેશભાઈ

લેખક અનુભવી અને ખૂબ સારા મોટીવેશનલ લેખક, વક્તા, મેન્ટર, કાઉન્સેલર, સોશિયલ વર્કર, એન્કર, ફિલોસોફર, માર્ગદર્શક, અને એક સારા લીડર તેમજ સમસ્યા નિષ્ણાંત છે. તે રાજકોટના રહેવાસી અને ભરૂચના વતની છે. લેખક પાસેથી તમારા જીવનની કોઈપણ સમસ્યાનો ઉકેલ તમે મેળવી શકો છો. તો આવો એમની જ પાસેથી એમના લેખન અને વિચારો વિશે થોડું જાણીએ...

**પરિચય :**

મિત્રો નમસ્કાર,

હું શાહ ધ્વનિ આવતી કાલ તારીખ ૧ જાન્યુઆરી ૨૦૨૧ માગશર વદ બીજથી થતાં શુભારંભ માં આપની સમક્ષ માર્ગદર્શક,પ્રેરણાત્મક અને જીવન જીવવાની અદ્ભુત જડીબુટી સમાન - આઉટ ઓફ બોકસ વિચાર લઈને લેખન દ્વારા આપ સૌના જીવનને પરફેક્ટ રાહ ચિંધવા પથદર્શક સાબિત થાય તેવા ઉત્કૃષ્ટ વિચારો રજૂ કરવાનો પ્રયત્ન કરીશ. આપ સૌ વાચકમિત્રોનો સહકાર અને પ્રતિસાદ મેળવવા હુ આતુર છું.

આ માધ્યમ થકી હું આપ સૌ વાચકમિત્રો સુધી આપના જ કલ્યાણ હેતુ મારા બેસ્ટ વિચારો પીરસવા પ્રયત્નશીલ તેમજ નિષ્ઠાવાન રહેવાનો મારો અભિગમ રહેશે.

તો આવો અને જોડાવો મારી સાથે આ ઉત્કૃષ્ટ અવસર પર.. આપનું મંતવ્ય, પ્રતિક્રિયાઓ આપવાનું ચૂકશો નહિ અને જો આપને વિચારો પસંદ પડે તો ફીડબેક આપવા વિનંતી સહ નમ્ર અપીલ છે. આ સાથે જ તમને પણ જીવનમાં કોઈપણ મુશ્કેલી,મૂંઝવણ કે તકલીફ હોય અને એનું સમાધાન જોઈતું હોય તો પણ તમે મારો સંપર્ક કરી શકો છો. આપના કોઈપણ પ્રકારના પ્રશ્નનું સચોટ સમાધાન આપવાની હું પૂરી કોશિશ કરીશ.

**લી.**
આપની લાડલી,
શાહ ધ્વનિ.

speakdhwani@gmail.com

# નવા વર્ષ માટે નશા મુક્તીનો સંદેશો......



ચક્રવાત ટીમ, મુંબઈ, ૩૦ : અમે પ્રાણીઓ છે છતાં અમને કોઈ વ્યસન નથી તમે તો મનુષ્ય છે તો નવા વર્ષની ઉજવણી કોઈપણ જાતના વ્યસન વગર નશામાં ધૂત થઈ અને ન કરતાં શુદ્ધ હવામાં કરો તેવા સંદેશો આપતા નશાબંધી મુકતીમંડળના સભ્યોએ બેનર દર્શાવ્યા હતા.

# બોઈસરમાં જવેલર્સની દુકાનમાં રોકડ સહિત કરોડથી વધારેની સોનાની ચોરી

### બાજુના ગાળાની ભીતમા બાકોરૂ પાડી ચોરો જવેલર્સના ગાળામા પ્રવેશ

ચક્રવાત ટીમ, મુંબઈ,૩૦

બોઈસરમા મધ્યરાત્રિની આસપાસ શહેરના ચિત્રલય વિસ્તારમાં આવેલા મંગલમ જ્વેલર્સમાં ચોરી થઈ હતી.અને આ ઘટનાથી વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. સીસીટીવી ફૂટેજ પરથી જાણવા મળ્યું છે કે ૮ થી ૯ ચોરોએ અહીંના સુરક્ષાકર્મીની મદદથી ચોરી કરી હતી. પ્રાથમિક માહિતી મુજબ ચોરોએ દુકાનમાંથી કરોડ્થી વધારેનુ સોનું તેમજ રોકડ ચોરી લીધું હોવાનું જાણવા મળે છે,આ બાબતે બોઈસર પોલિસમા ગુનો નોંધવાની પ્રક્રિયા ચાલુ હોવાથી ચોરી કેટલાની થઈ છે તે બાબતેનો ખુલાસો કરવામા આવ્યો ન હતો.જવેલર્સે આ બાબતે માહિતી આપતા જણાવ્યુ છે કે કેટલો માલ અને રોકડ ગઈ છે. તેની ગણતરીનું કામ ચાલુ છે.પરતુ ૬૦ લાખ રૂપિયા રોકડા અને ૧૪ કિલો સોનાના દાગીનાની ચોરી થઈ હોવાનું ચર્ચાય રહ્યુ છે. ચિત્રાલયમાં સાંઈ શોપિંગ કોમ્પ્લેક્સની રસ્તાની બાજુના બિલ્ડિંગમાં સ્થિત મંગલમ જ્વેલર્સ નામની સોના-ચાંદીની દુકાન આવેલ છે. દુકાન ગ્રાઉન્ડ ફ્લોર પર અને બિલ્ડિંગના પહેલા માળા પર છે.અને પહેલા માળા પરની જવેલર્સના ગાળાને અડીને બાજુમાં સિસ્ટમ ફોર સક્સેસ નામની શૈક્ષણિક સંસ્થાની ઓફીસ છે.,સિસ્ટમ ફોર સક્સેસની ઓફિસમા ઘુસી ભીતમા ગાબડુ પાડી ચોરોએ જવેલર્સના ગાળામા પ્રવેશ કર્યો હતો.તેમજ ગેસકટરની મદદ વડે તિજોરી કાપી હતી.તિજોરીમાથી કરોડોના સોનાના દાગીના અને રોકડ રકમચોરો લઈ ગયા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળે છે. સવારના દુકાન ખોલતા સઘળી ઘટનાની જાણ થઈ હતી.બિલ્ડીંગનું સીસીટીવી તપાસતા ફૂટેજમા ૮ થી ૯ ચોરો ચોરી કરતા જોવા મળ્યા હતા.વિશેષમા બિલ્ડીંગમા કામ કરતો સિક્યુરીટી ગાર્ડ કેટલાક દિવસ પહેલા પોતાના ગામે ગયો હતો.તેની જગ્યાએ બીજો સિક્યુરીટી ગાર્ડ નિમવામા આવ્યો હતો.તે ગાર્ડની સંડોવણી હોવાનું જોવા મળ્યુ હતુ.તે ગેસ કટર માટે વાપરવામા આવેલ ગેસ સિલિન્ડર સિક્યુરીટી ગાર્ડની રૂમમાથી મળી આવ્યુ હતુ. ચોરી કરતી વખતે કૂતરાઓ ભસે નહિ તે માટે તેઓને બિસ્કીટ ખવડાવવા બિલ્ડીંગમાથી બહાર લઈ જવામા આવ્યા હતા.ત્યાર બાદ રાતના બે વાગે આશરે ચોરી તેઓએ કરી હતી. બોઈસર પોલીસ મથકે અજાણ્યા ચોરો વિરુદ્ધ ગુનો નોંધવાનું કામ ચાલુ હોવાનું પોલિસ સૂત્રોએ માહિતી આપી છે. તેમજ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જાણીતા કાર ડિઝાઈનર દિલીપ છાબરિયાની ફોર્જરી કેસમાં મુંબઈ પોલીસ દ્વારા ધરપકડ

### સ્ટુડિયો ડીસીના માલિક પર મલ્ટીપલ રજીસ્ટ્રેશન મામલો દરરોજ કરાયો



ચક્રવાત ટીમ મુંબઈ તારીખ ૨૯

દેશના ટોપ કાર ડિઝાઈનર અને ડીસી ડિઝાઈન સ્ટુડિયોના માલિક દિલીપ છાબરિયાની મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ચૌધરી અને ચેટિંગના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.

દિલીપ છાબરિયા જે કાર મોડીફીકેશન કરવામાં જાણીતા સ્ટુડિયો ડીસી ના ફાઉન્ડર પણ છે તેમની પર મુંબઈ પોલીસે આઈપીસીની કલમ ૪૨૦,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૩૪ સહિત અન્ય કલમો લગાવી હતી. પોલીસે ચીટીંગ અને ફોરજરી મામલામાં સંડોવાયેલી લકઝરી કાર પણ જપ્ત કરી હતી જે હાલમાં મુંબઈ પોલીસના હેડ ક્વાર્ટરમાં રાખવામાં આવી છે. છાબરિયા ને આજે કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા.પોલીસ આ કેસમાં વધુ તપાસ કરી રહી છે. દિલીપ છાબરિયા ખાસ કરીને જાણીતી વ્યક્તિઓની લકઝરી કાર મોડીફીકેશન કરતા હતા અને ભારતભરમાં તેની ખ્યાતિ છે જોકે બોલીવુડના કેટલાક કલાકારોએ તેમની વેનિટી વેન અને લકઝરી કાર મોડીફીકેશન કરાવી હતી. આમાની જ એક એક્ટ્રેસ દ્વારા હાલમાં છાબરિયા વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી છે. આ કારની કિંમત અંદાજે એક કરોડ રૂપિયાની આંકવામાં આવી રહી છે. કારનું મલ્ટીપલ રજિસ્ટ્રેશન કરવાની તેમની વિરુદ્ધ ફરિયાદ થઈ છે મુંબઈ સહિત ચેન્નઈ-મેંગલોર અને અન્ય રાજ્યોમાં મલ્ટીપલ રજીસ્ટ્રેશન થયા હોવાનો મામલો પણ બહાર આવ્યો છે.

# મહારાષ્ટ્રમાં ૩૧ જાન્યુઆરી સુધી lockdown લંબાવાયુ : જોકે હાલમાં મળેલી છૂટછાટો ચાલુ રહેશે

### તમામ પ્રવાસી માટે લોકલનો નિર્ણય આવતા અઠવાડિયે કરવામાં આવશે

ચક્રવાત ટીમ મુંબઈ તારીખ ૩૦

યુકે યુએસએ સાઉથ આફ્રિકા નાઈજીરીયા અને અન્ય દેશોમાં ફેલાયેલા સ્ટેન નવા કોરોના વાયરસને કારણે ભારતમાં પણ તેના પડઘા પડયા છે. મહારાષ્ટ્ર સરકારે પણ આગમચેતીના પગલારૂપે હાલમાં આપેલ છુટછાટો ચાલુ રાખી અને ૩૧ જાન્યુઆરી સુધી lockdown લંબાવવાની જાહેરાત કરી છે એટલું જ નહીં મુંબઈમાં મહાપાલિકાની તમામ શાળાઓ ૧૫ જાન્યુઆરી સુધી બંધ રહેશે તેવો આદેશ પણ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત મુંબઈગરા માટે લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેન ક્યારે ચાલુ થશે તેનો નિર્ણય આવતા સપ્તાહે કરવામાં આવશે. હાલમાં મુંબઈની લોકલ ૮૦ ટકા જેટલી દોડી રહી છે પરંતુ તેમાં પ્રવાસ કરવા માટે તમામ મુંબઈગરાને પરવાનગી આપવામાં આવી નથી એસેન્સિયલ સર્વિસ ઉપરાંત જરૂરિયાતની જે વસ્તુ હોય તે માટે પ્રવાસીઓને અને પ્રેસ તેમજ અન્ય લોકોને આઈકાર્ડ દાખવી સરકારની ગાઈડ લાઈન પ્રમાણે પરવાનગી આપવામાં આવી રહી છે. જોકે તમામ પ્રવાસીઓ માટે લોકલ ટ્રેન ક્યારે શરૂ થશે તે એક ચર્ચાનો વિષય છે. સૂત્રોના જણાવ્યા મુજબ ૫ જાન્યુઆરી બાદ રેલવે પ્રશાસન મહાપાલિકા અને સરકારના અધિકારીઓની એક બેઠક મળશે જેમાં લોકલ ટ્રેન ક્યારે શરૂ કરવી કે ૩૧ જાન્યુઆરી સુધી બંધ રાખવી તેનો નિર્ણય લેવામાં આવશે. હાલમાં રાજ્યમાં કેટલીક શરતો સાથે lockdownમાં છૂટછાટ આપવામાં આવી છે. દુકાનદારો શોપિંગ મોલ્સ અને થિયેટર તેમજ મલ્ટિપ્લેક્સ પણ કેટલીક શરતો સાથે સમય મર્યાદા રાખી શરૂ કરવામાં આવ્યા છે. જોકે તેમ છતાં ભીડ ન થાય અને કોરોનાવાયરસ ન ફેલાય તે માટે સરકારે લોકોપર કેટલાક પ્રતિબંધો લાદ્યા છે. જેમ કે એક જ સ્થળે પથી વધુ લોકોએ જમા થવું નહીં. તહેવારોની ઉજવણી સાદગીપૂર્વક કરવી ખાસ કરીને નવા વર્ષની ઉજવણીમાં પણ નાઈટ કર્ફ્યુ લાદી દીધો છે.

### અખિલ હિંદ મહિલા પરિષદ વિલેપાર્લે દ્વારા ફિ માટે ડોનેશન...





અખિલ હિંદ મહિલા પરિષદ વિલેપાર્લે દ્વારા covid ૧૯ માં મૃત્યુ પામેલા પોલીસ કર્મચારીઓના બાળકો માટે શાળામાં ફી ભરવા માટે ૫૦ હજાર રૂપિયાનું ડોનેશન આપવામાં આવ્યું હતું આ પ્રસંગે એડિશનલ પોલીસ કમિશનર સંદીપ karnik ભૂતપૂર્વ વિધાનસભ્ય કૃષ્ણા હેગડે સંસ્થાના ખજાનચી જયશ્રી કાનાની અધ્યક્ષ ઉન્નતિ હાતિ પૂર્વ અધ્યક્ષ મુન્ની બેન ગાંધી ઉપસ્થિત હતા.

# મિરા-ભાયંદરમાં બ્રિટનથી આવેલા ત્રણ નાગરિકો કોરોના પોઝીટીવ

### દરદીના સેમ્પલ પુનાની એનઆઇવી સંસ્થામા તપાસ માટે મોકલવામા આવ્યા

ચકવાત ટીમ, મુંબઈ ૩૦

મિરા-ભાયંદર શહેરમા બ્રિટનથી આવેલા ત્રણ પ્રવાસીઓ કોરોના પોઝીટીવ હોવાનું બહાર આવતા નવા પ્રકારના વાઈરસની ઝપેટમા આવ્યા છે કે નહિ તેની તપાસ માટે આ દરદીઓના સેમ્પલ પુનાની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી (એનઆઈવી)મા મોકલવામા આવ્યા છે. અત્યાર સુધીમા પ્રશાસનને રિપોર્ટ મળ્યો ન હોવાનું જાણવા મળે છે. ભારતમા આખરે કોરોના વાઈરસના નવા પ્રકારની એન્ટ્રી થઈ ગઈ છે. બ્રિટનથી દેશમા આવેલા ૮ જણ કોરોના વાઈરસના નવા વાઈરસની ઝપેટમા આવ્યા હોવાનું જાણવા મળે છે. જેને લઈને સરકાર બ્રિટનથી આવેલા લોકો પર ચાંપતી નજર રાખી રહી છે. ત્યારે બ્રિટનથી મિરા-ભાયંદરમા ૨૫ નવેમ્બરથી ૨૩ ડિસેમ્બર દરમિયાન ૭૫ નાગરિકો બ્રિટનથી આવેલા છે. આ યાદી રાજ્ય શાસને પાલિકાને આપી છે. આ યાદી પાલિકાને મળ્યા બાદ તેઓની શોધ લેતા તેમાથી ૧૬ જણ શહેર કે રાજ્ય બહાર ગયા હોવાનું જાણવા મળ્યુ છે. પાલિકાએ લીધેલ શોધમા બ્રીટનથી આવેલા ૫૪ પ્રવાસીઓ મળી આવ્યા હતા, તેઓની કોરોના બાબતે આરટી-પીસીઆર ટેસ્ટ કરાતા ૫૧ જણના નેગેટીવ રિપોર્ટ આવ્યા હત્તા તેઓને હોમ ક્વોરન્ટાઈન થવાનું કહેવામા અવ્યુ છે. જ્યારે બાકીના ત્રણ જણના કોરોના પોઝીટીવ રિપોર્ટ આવ્યા હતા.તેઓને સારવાર માટે પાલિકા દ્વારા ચલાવવામા આવતા રામદેવ પાર્કના સારવાર કેન્દ્રમા તે ઉપચાર લઈ રહ્યા છે. કોરોના પોઝીટીવ આવેલાઓના સેમ્પલ નવા વાઈરસની ઝપેટમા આવ્યા છે કે નહિ તે જાણવા પૂનાની એનઆઈવી લેબોરેટરીમા ટેસ્ટ માટે મોકલવામા આવ્યા છે. મિરા-ભાયંદરમા હાલમા કોરોના પોઝીટીવ એકટીવ ૩૪૫ પેશન્ટો છે.તેમજ અત્યાર સુધીમા ૨૫,૩૫૮ કોરોના પોઝીટીવમાથી ૨૪,૨૩૦ કોરોનાના દર્દદીઓ રિકવર થયા છે. તેમજ ૭૮૩ દરદીઓના મૃત્યુ થયા છે, રિકવરી રેટ ૯૫.૫૫ ટકા છે.

# વર્ષા રાઉત પાંચમી જાન્યુઆરીએ ઈડી સમક્ષ પૂછપરછ માટે હાજર થશે

### એકનાથ ખડસેને ફરી કોરોના થયો. ~~આજે પૂછપરછ માટે હાજર નહી થાય~~

ચક્રવાત ટીમ મુંબઈ તારીખ ૩૦

શિવસેનાના નેતા સંજય રાવતની પત્ની વર્ષા રાઉત પાંચમી જાન્યુઆરીએ સમક્ષ પૂછપરછ માટે હાજર થશે. તેણીએ પત્ર લખી ઈડી પાસે હાજર થવા માટે વધુ મુદતની માગણી કરી હતી જે ઈડીએ મંજૂર કરી છે.સૂત્રોના જણાવ્યા મુજબ ઈડી સમક્ષ હાજર થતા પહેલા તેણી કાયદાકીય નિષ્ણાતોની સલાહ લેવા માગે છે. પીએમસી બેન્કના લાખો રૂપિયાની લેવડ દેવડ અંગે પુછપરછ થાય તેવી સંભાવના છે પીએમસી બેન્ક માંથી ૫૪૦૦ કરોડ રૂપિયા માટે એચ ડી આઈ એલ ને જવાબદાર માનવામાં આવી રહી છે. એચ ડી આઈ એલ અને પ્રવીણ રાઉત ની પત્નીના એકાઉન્ટની પણ તપાસ થઈ રહી છે. બીજી બાજુ ભાજપમાંથી એનસીપીમાં જોડાયેલા એકનાથ ખડસે ને ફરી પૂછપરછ માટે ઈડીએ સમન્સ મોકલ્યો છે અને બુધવારે ૩૧મી જાન્યુઆરીએ તેમણે હાજર થવાનું હતું પરંતુ તેની પુત્રવધૂના જણાવ્યા મુજબ હશે ખડ્સેને ફરી કોરોનાના લક્ષણો જણાઈ રહ્યા છે અને આ માટે ટેસ્ટ કરવામાં આવ્યો છે જેનો રિપોર્ટ ટૂંક સમયમાં આવશે. એકનાથ ખડસેએ આવતીકાલે ઈડી સમક્ષ પૂછપરછ માટે હાજર થાય તેવી સંભાવના નહીંવત છે. ભાજપના નેતા આશિષ શેલારે સંજય રાઉત પર ટીકા કરતું એક ટ્વિટ મૂક્યું હતું જેમાં તેણે જણાવ્યું હતું કે પ્રભાદેવિની ગલીમાં બેસી અત્યાર સુધી બીજાઓ પર ટીકા બાણ છોડતા અને તેમની હાલત પર હતા તેઓ હવે શા માટે ગભરાય છે? શું તેમણે પાપ કર્યું છે આથી તેઓ કાગારોળ મચાવી રહ્યા છે આમ સંજય રાઉત અને ભાજપ વચ્ચેનું વાક્યુદ્ધ પરાકાષ્ઠાએ પહોંચ્યું છે. ભાજપના અન્ય નેતા કિરિટ સોમૈયા પણ સંજય રાઉત પ્રવિણ રાઉત અને પીએમસી બેન્ક વચ્ચેની કડી હોવાનું ગાણું ગાઈ રહ્યા છે તેમ જ તપાસની માગણી કરી રહ્યા છે.

# મુંબઈ મહાપાલિકાની તમામ શિક્ષણ સંસ્થાઓ ૧૫ જાન્યુઆરી સુધી બંધ રહેશે

### અન્ય રાજ્યોમાં કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખી કરાયેલો નિર્ણય

ચક્રવાત ટીમ મુંબઈ તારીખ ૩૦

વિદેશમાં ફાટી નીકળેલા કોરોનાના નવા વાયરસને કારણે વિશ્વમાં આતંક મચાવ્યો છે. ભારતમાં પણ તેના કેસ દેખાય છે ત્યારે મુંબઈ. મહાપાલિકા દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે કે તેની તમામ શિક્ષણ સંસ્થાઓ ૧૫ જાન્યુઆરી સુધી બંધ રાખવામાં આવશે. ત્યારબાદ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી શાળાઓ શરૂ કરવી કે નહીં તેનો નિર્ણય લેવાશે.

મુંબઈ મહાપાલિકાના શિક્ષણ અધિકારી મહેશ પાલકરે જણાવ્યું હતું કે પહેલા આપણે ૨૩ નવેમ્બરથી શાળાઓ શરૂ કરવાના હતા પરંતુ ત્યારબાદ કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખી ૩૧ ડિસેમ્બર સુધી બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. હવે કોરોનાના નવા વાઈરસને કારણે ૧૫ જાન્યુઆરી સુધી તમામ શિક્ષણ સંસ્થાઓ બંધ રાખવાનો આદેશ મહાપાલિકા કમિશનર દ્વારા આપવામાં આવ્યો છે. દરમિયાન અમેરિકન એન્ડ અધર ર્ફેહજીર્ઙ્ગી સ્કૂલ ૧૮ જાન્યુઆરીથી શરૂ કરવામાં આવશે. જો કે આ તમામ શાળાઓમાં કોરોના ન ફેલાય અને તે માટે સાવધાનીના તમામ પગલાં ભરવાનો કડક આદેશ આપવામાં આવ્યો છે. આ પહેલા રાજ્યના અન્ય જિલ્લાઓમાં કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખી અને શિક્ષણ સંસ્થાઓ ચાલુ કરવાનો આદેશ કમિશનર દ્વારા આપવામાં આવ્યો હતો.રાજ્યના કેટલાક ભાગોમાં શાળાઓ શરૂ થઈ ગઈ છે પરંતુ ૫૦ ટકા વિદ્યાર્થીઓ સાથે જ હાલમાં ભણાવવામાં આવી રહ્યું છે. મુંબઈમાં ૧૫ જાન્યુઆરી સુધી શિક્ષણ સંસ્થાઓ બંધ રહેશે પરંતુ ઓનલાઈન શિક્ષણ ચાલુ રહેશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. થાણે જિલ્લા પરિષદ દ્વારા શાળાના પ્રિન્સિપાલ તેમજ શાળાઓના શિક્ષણ સંસ્થાના કર્મચારીઓને શાળાઓ ચાલુ કરવા માટે પૂર્વ તૈયારી કરવાની સૂચના આપવામાં આવી છે.જો કે મુંબઈમાં ક્યારે શાળાઓ શરૂ થશે તેનો નિર્ણય આવતા અઠવાડિયામાં લેવામાં આવશે તેમ પાલિકાના સુત્રોએ જણાવ્યું હતું.

# માથેરાન કરતાં મુંબઈમાં ઠંડી વધુ અનુભવતા મુંબઈગરા

### ઉત્તરથી દક્ષિણ તરફ આવતા ઠંડા પવનને કારણે મુંબઈનું તાપમાન હજી બે દિવસ ઠંડું રહેશે

ચક્રવાત ટીમ મુંબઈ તારીખ ૩૦

**hill station** માથેરાન કરતાં મુંબઈમાં આ વર્ષે ઠંડી વધુ પડી રહી છે અને મુંબઈગરાઓ ફૂલગુલાબી ઠંડીની મોજ માણતા નજરે પડી રહ્યા છે. માથેરાનમાં ૧૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું ત્યારે મુંબઈમાં ૧૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. ઉત્તરથી દક્ષિણ તરફ આવતા ઠંડા પવનને કારણે હજી બે થી ત્રણ દિવસ મુંબઈમાં ઠંડીનો ચમકારો જોવા મળશે તેમ હવામાન ખાતાએ જણાવ્યું હતું. ખાસ કરીને મોડી રાતે વહેલી સવાર અને બપોર સુધી ઠંડા પવનને કારણે ઠંડી અનુભવાય છે.બીજી બાજુ મોડીબપોરે અને સાંજે ગરમીનું થોડું પ્રમાણ નહિવત જેવું જોવા મળે છે.આ પહેલા દક્ષિણથી ઉત્તર તરફ આવતા ઠંડા પવનને કારણે મુંબઈમાં ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો પરંતુ હાલમાં દેશના કેટલાક ભાગોમાં હિમવર્ષા થઈ રહી છે જેને કારણે ઉત્તરથી દક્ષિણ તરફ ઠંડા પવનનો વાયરો જોવા મળે છે આથી દરિયા કિનારા પરથી પણ મુંબઈમાં ઠંડા પવન આવે છે અને મુંબઈમાં તાપમાન હજી ગગડશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. હિમાચલ પ્રદેશ જમ્મુ કાશ્મીર અને ઉત્તર ભારત તેમજ દિલ્હીમાં કેટલીક જગ્યાએ બરફ પડી રહ્યો છે અને જેને કારણે તાપમાનમાં ભારે ગિરાવટ આવી છે. આજ પવન ઉત્તરથી દક્ષિણ તરફ જઈ રહ્યા છે અને મુંબઈમાં તેનો ચમકારો બતાવતા મુંબઈનું તાપમાન અંદાજે ૧૨ ડિગ્રી થવાની સંભાવના હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# બિલ્ડર પાસેથી રૂપિયા ૮ કરોડની ખંડણી વસૂલનાર બંટી-બબલીને અંતે પોલીસે પકડ્યા

ચક્રવાત ટીમ, મુંબઈ,૩૦

બિલ્ડર પાસેથી આઠ કરોડની ખંડણી વસૂલનાર બંટી- બબલી (દંપતી) આખરે પોલિસની જાળમા ફસાયા હતા. મંગળવારે ડોમ્બીવલી પોલિસે દોઢ કલાકની પ્રયત્ન બાદ તેઓના ઘરનો દરવાજો તોડીને મહિલા સહિત તેના પતિની અટક કરી છે. એક દંપતી અને બે સાથીદારોએ ડોમ્બિવલીના એક બિલ્ડર પાસે ૮ કરોડની ખંડણી વસૂલી હતી. ડોમ્બિવલી નજીક નાંદિવલી વિસ્તારમાં મકાન ગેરકાયદેસર હોવાની ફરિયાદ નોંધાવવાની ધમકી આપી હતી. આ અંગે દંપતી અને બે સાથીઓ સામે માનપડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. આ મામલો નિષ્પક્ષ તપાસ માટે વિષ્ણુનગર પોલીસને સોંપાયો હતો. પરંતુ એક મહિનો વીતી ગયા પછી પણ આ ચારેય પોલીસના હાથમાં આવતા ન હતા. આખરે, વિષ્ણુનગર પોલીસને બાતમી મળી હતી કે, આ કેસની મુખ્ય સૂત્રધાર વિદ્યા મ્હત્રે અને વિશ્વનાથ મ્હત્રે બંન્ને જણ ઘરે હોવાની માહિતી મળી હતી. ત્યાર બાદ પોલીસે તેમના ઘરે છાપો પાડી બંનેની અટક કરી હતી. મહત્ત્વની વાત એ છે કે આ દંપતી ઘરમા તાળુ મારી છૂપાયા હતા. ઘટના સ્થળે પહોંચતાં પોલીસે ઘરમા તાળુ જોયુ હતુ. પરંતુ તેઓને મળેલ માહિતીને આધારે તેમજ શંકાના આધારે તેમણે ઘરનું તાળુ તોડી ઘૂસીને બંટી-બબલીની અટક કરી હતી. આ પછી, મહિલાએ બૂમાબૂમ કરી ધમાચકડી મચાવી હતી. તે દરમિયાન તેઓના બે સાથીદાર ફરાર થઈ ગયા હતા. તે ફરાર થયેલ સુનિલ મ્હત્રે અને એકનાથ મ્હત્રેની પોલિસ શોધ કરી રહી છે.

# કોટનના વાયદામાં ૧૦,૦૨૫ ગાંસડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૦૦,૫૭૫ ગાંસડીના સ્તરે

ચક્રવાત ટીમ, મુંબઈ, ૩૦

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧,૪૨,૨૭૨ સોદામાં રૂ.૯,૨૧૪.૪૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં મિશ્ર વલણ હતું, જ્યારે ચાંદીમાં વૃદ્ધિ રહી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ વધવા સામે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન)ના વાયદાઓમાં ૧૦,૦૨૫ ગાંસડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૦૦,૫૭૫ ગાંસડીના સ્તરે પહોંચ્યો હતો. કોટન અને સીપીઓમાં સીમિત સુધારો વાયદાના ભાવમાં હતો, જ્યારે મેન્થા તેલ અને રબરમાં નરમાઈ હતી. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૯૦૪૧૨ સોદાઓમાં રૂ.૫૩૫૧.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૧૭૯ ખૂલી, ઊપરમાં રૂ.૫૦૧૭૯ અને નીચામાં રૂ.૪૯૯૦૮ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૯ ઘટીને રૂ.૪૯૯૫૦ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૬ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૪૦૩૮૬ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૯૯૭ થયા હતા, જ્યારે સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯ ઘટીને બંધમાં રૂ.૪૯૬૭૩ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૮૫૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૮૯૯૯ અને નીચામાં રૂ.૬૮૨૫૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૭૯ વધીને રૂ.૬૮૩૭૬ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૨૯૩ વધીને રૂ.૬૮૩૪૫ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૨૯૦ વધીને રૂ.૬૮૩૪૩ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૩૫૭૬૯ સોદાઓમાં રૂ.૧૪૯૮.૩૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૫૪૮ ખૂલી, ઊપરમાં રૂ.૩૫૫૮ અને નીચામાં રૂ.૩૫૩૨ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૩ વધીને રૂ.૩૫૫૦ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૧૯૬૯ સોદાઓમાં કુલ રૂ.૨૭૬.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ડિસેમ્બર વાયદો ગાંસડીદીઠ રૂ.૨૦૩૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૩૭૦ અને નીચામાં રૂ.૨૦૨૭૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૦ વધીને રૂ.૨૦૩૨૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૭૭ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે ૫૦ પૈસા વધીને બંધમાં રૂ.૯૬૯.૯ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૯૭.૧ ખૂલી, ઊપરમાં રૂ.૧૦૦૨.૫ અને નીચામાં રૂ.૯૯૭.૧ રહી, અંતે રૂ.૧૦૦૧ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૭૭.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૭૯ અને નીચામાં રૂ.૧૧૭૪ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે કોઈ ફેરફાર વગર રૂ.૧૧૭૬ ના સ્તરે બંધ રહ્યો હતો. રબરનો જાન્યુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૫,૮૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૫,૮૮૮ અને નીચામાં રૂ.૧૫,૪૦૧ના મથાળે અથડાઈ અંતે રૂ.૩૦૧ ઘટી રૂ.૧૫,૪૮૨ના સ્તરે બંધ થયો હતો. વાયદાઓમાં કામકાજની દ્રષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૬૦૬૪ સોદાઓમાં કુલ રૂ.૨૨૮૦.૬૧ કરોડ ની કીમતનાં ૪૫૫૯.૨૦૫ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૭૪૩૪૮ સોદાઓમાં કુલ રૂ.૩૦૭૦.૯૨ કરોડ ની કીમતનાં ૪૪૮.૨૧૬ ટન, ક્રૂડ તેલમાં ૩૨૯૪ સોદાઓમાં રૂ.૧૮૭.૩૭ કરોડનાં ૫૨૮૧૦૦ બેરલ્સ, કોટનમાં ૨૯૪ સોદાઓમાં રૂ.૨૦.૫૯ કરોડનાં ૧૦૦૨૫ ગાંસડી, સીપીઓમાં ૧૫૯૫ સોદાઓમાં રૂ.૨૫૪.૩૫ કરોડનાં ૨૬૩૧૦ ટન.

# જસદણના યુવાનનો પ્રેમ પ્રકરણ અને વ્યાજખોરોના ત્રાસથી કંટાળી આપઘાત



ચક્રવાત ટીમ જસદણ, તા.૩૦

જસદણ અને વિંછીયા પંથકમાં વ્યાજખોરોના ત્રાસ અને પ્રેમ પ્રકરણના લીધે આપઘાત કરનારા લોકોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. છતાં સ્થાનિક પોલીસ તંત્ર આરોપીઓ સામે કડક હાથે કાર્યવાહી કરવાના બદલે તપાસની કાર્યવાહી કરી સંતોષ માની લેતું હોવાથી લોકો આપઘાત કરવા મજબુર બની રહ્યા છે. જસદણની વિવેકાનંદ સોસાયટીમાં શેરી નં.૫ માં રહેતો અને છેલ્લા બે વર્ષથી તેના બનેવી સાથે રાજકોટ રહેતો તેમજ ૮ દિવસ પહેલા જ અલગ રૂમ રાખી ભાડે રહેતો પીયુષ કલ્યાણભાઈ મજેઠીયા(ઉ.વ.૨૭) એ સોમવારે જસદણ તેમના ઘરે સવારે ૧૦ વાગ્યા આસપાસ ઝેરી દવા પીઈ લેતા તાત્કાલિક જસદણની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી વધુ સારવાર માટે રાજકોટની હોસ્પિટલમાં ખસેડાય તે પૂર્વે જ રસ્તામાં દમ તોડી દીધો હતો. યુવાનના મૃત્યુના પગલે પરિવારજનોમાં કરૂણ કલ્પાંત મચી ગયો હતો. બાદમાં મૃતક યુવાનની લાશને જસદણની સરકારી હોસ્પીટલે પીએમ માટે લાવવામાં આવતા તેના ખીચામાં રહેલી સ્યુસાઈટ નોટ જસદણ પોલીસને મળી આવી હતી. જેથી જસદણ પોલીસે સ્યુસાઈટ નોટના આધારે આગળની તપાસ હાથ ધરી હતી. આ બનાવમાં મૃતકે રાજકોટની યુવતીના પ્રેમ પ્રકરણ અને વ્યાજખોરોના ત્રાસથી કંટાળી આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. મૃતકના પિતા ૧૦ વર્ષ પહેલા મૃત્યુ પામ્યા હતા અને તેની માતા સુરદાસ છે તેમજ મૃતક ત્રણ બહેનોનો એકનો એક ભાઈ હતો. તથા મૃતકના બનેવીએ કહ્યું કે, મૃતક મારા સાળા થાય છે અને બે વર્ષથી મારી સાથે રાજકોટ રહેતા હતા. પણ ૮ દિવસ પહેલા જ તેઓ અલગ રૂમ ભાડે રાખી તેના સલુન પાસે રહેતા હતા. ત્યારે આજે સોમવારે સવારે ૧૦ વાગ્યા આસપાસ તેમણે જસદણ આવી ઝેરી દવા પીઈ આપઘાત કરી લીધો હતો.

# યોગ ટ્રેનર સમાપન કાર્યક્રમ યોજાઇ ગયો



ચક્રવાત ટીમ, તા.૩૦

તાજેતરમાં ડોળાસા પાસે આવેલ અડવી મુકામે ઈન્સપાયર એકેડેમી ઓફ સાયન્સના શૈક્ષણિક સંકુલમાં યોગ ટ્રેનરનો સમાપન કાર્યક્રમ ઉલ્લાસ સાથે યોજાઇ ગયો. જેમાં નિવૃત્ત કેની ડી એન પુરોહિત પ્રેરણાદાયી ઉદાહરણ દ્વારા પ્રેરક પ્રવચન કરેલ. જયારે માનનીય દમણિયાની યોગ પ્રવૃત્તિમાં સક્રિય એવા ડાયાભાઈ બાંભણિયાએ યોગ, આયુર્વેદ અને અધ્યાત્મ સંબંધી મહત્વની ચર્ચા કરી માહીતી આપવામાં આવી હતી. કોચ લલિતભાઈ બાંભણિયા તેમજમહેશભાઈ ચોહાણએ યોગ ટ્રેનરોને સૈધ્ધાંતિક અને પ્રાયોગિક શિક્ષણ પુરૂં પાડ્યું હતું.

# વિંછીયાના આસલપુરમા ચણાના પાળામાં છુપાવેલી વિદેશી દારૂની ૧૦૫ બોટલ કબ્જે, આરોપી ફરાર



ચક્રવાત ટીમ જસદણ, તા.૩૦

થર્ટી ફસ્ટ નજીક આવતા બુટલેગરો સક્રિય થયા છે. ત્યારે પોલીસે પણ બુટલેગરો ઉપર તવાઈ હાથ ધરી છે. જોકે દારૂ છુપાવવા માટે બુટલેગરો અવનવા કીમીયાઓ કરતા હોય છે. ત્યારે આ વખતે વિંછીયા તાલુકાના આસલપુર ગામની સીમમાં ખેડૂતે દારૂની ખેતી કરી હોય તેમ ચણાના પાળામાં દારૂની બોટલો વાવી હતી. પરંતુ પોલીસને બાતમી મળી જતા દરોડો પાડી ૧૦૫ બોટલો વિદેશી દારૂની બોટલો કિંમત રૂ.૩૪ હજારનો દારૂ કબજે કરી વાડી માલિકની શોધખોળ હાથ ધરી હતી. પ્રાપ્ત વિગતો મુજબ, વિંછીયા પોલીસ મથકના પીએસઆઈ ટી.એસ.રીઝવી સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. જે દરમિયાન વિંછીયા તાલુકાના આસલપુર ગામે રહેતા સંજય ભવાનભાઈ જાદવે બોટાદ રોડ પર આવેલી પોતાની વાડીમાં ચણાના પાળામાં વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો હોવાની બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન વિંછીયા પોલીસને વાડીમાં ચણાના પાળામાં છુપાવેલી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૧૦૫ નંગ બોટલો રૂ.૩૪,૧૫૫ મળી આવતા પોલીસે દારૂનો જથ્થો કબજે કરી આરોપી વાડી માલિક સંજય ભવાન જાદવ વિરુદ્ધ ગુન્હો નોંધી તેની શોધખોળ હાથ ધરી હતી.

# રાજસ્થાનની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જીત મેળવનાર ઉમેશ આર્યને શુભકામાનાઓ



ચક્રવાત ટીમ, તા.૩૦

ભગતસિંહ ક્રાંતિ દળ આયોજિત રન ફોર ભગતસિંહ સાઈકલ યાત્રામાં સાથે જોડાઈને કોટપુટલી શહેરમાં યાત્રાની યજમાની કરનાર મિત્ર ઉમેશ આર્ય (સાઈકલ પર જમણેથી બીજા) તાજેતરમાં રાજસ્થાનમાં યોજાયેલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં 'નગર સેવક' (કાઉન્સિલર) પદ પર જંગી બહુમતીથી ચૂંટાઈને વિજેતા બનેલ છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન.

# ગીરસોમનાથમાં કોંગ્રેસ પક્ષના ૧૩૬માં સ્થાપના દિવસ નિમિત્તે મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૩૦

સુત્રાપાડા તાલુકાના નવાગામ ખાતે તિરંગા યાત્રા મહિલા જાગૃતિ ના વિવિધ કાર્યક્રમો યોજાયા .જેમાં ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના મંત્રી અને જાણીતા સ્ત્રીરોગ નિષ્ણાંત ડોક્ટર કીર્તિબેન અગ્રાવતે મહિલાઓને આરોગ્ય વિશે માહિતી અને માર્ગદર્શન આપ્યું. તેમજ જાણીતા વકીલ નોટરી ખુશીબેન કક્કડ એ કાયદાકીય માહિતી આપી કોંગ્રેસનાં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી આ તકે અહીં ઉપસ્થિત સુત્રાપાડા તાલુકા પ્રમુખ પ્રતાપભાઈ જાદવ, વિરોધ પક્ષના નેતા દેવશીભાઈ, જિલ્લા મહિલા કોંગ્રેસના ઉપપ્રમુખ મૂળીબેન નાધેરા સુત્રાપાડા મહિલા કોંગ્રેસના પ્રમુખ શિલ્પાબેન બામણીયા, પૂર્વ તાલુકા પંચાયતના સદસ્ય ગટુરભાઈ બોસન ગામના સરપંચ જશુભાઈ, અશોકભાઈ બામણીયા વગેરે કોંગ્રેસી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# ડ્યૂટી પરથી પાછા ફરનાર ટ્રાફિક પોલિસનું ડમ્પરે અડફેટે લેતા મૃત્યુ, એક ઘાયલ : ડમ્પરચાલકની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ ૩૦

મુંબઈના ડિંડોશી ટ્રાફિક વિભાગમાં કામ કરતા પોલીસ કર્મચારીનું ડમ્પરરે ટક્કર મારતા મોત નીપજ્યું હતું. આ ઘટનામાં તેનો સાથીદાર ઘાયલ થયો હતો. ત્યારબાદ ડમ્પર ચાલક ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. મૃતકની ઓળખ પાંડુરંગ મારુતિ સકપાળ (૪૦) તરીકે થઈ છે. આ દુર્ઘટનામાં ભાવેશ પિતલે (૩૨) ને ઈજા થઈ હતી. આ ઘટનાનો વીડિયો સીસીટીવી કેમેરામાં કેદ થયો છે.

ગોરેગાંવના હબ મોલ ખાતે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે ઉપર સકપાળ અને ભાવેશ પિતલે ડ્યુટી પૂરી કરી બાઈક પર પરત ફરી રહ્યા હતા. તે સમયે બપોરે ૨.૩૦ વાગ્યે અંધેરી તરફથી આવી રહેલ ડમ્પરે પાછળથી તેમની બાઈકને ટક્કર મારી હતી.

બાઈક પરનું નિયંત્રણ ખોતા સકપાલ ડમ્પરની નીચે આવી જતા તેના પેટમા ગંભીર ઈજા થઈ હતી. ભાવેશ પિતલે પણ ઘાયલ થયા હતા. મારૂતિ અને ભાવેશને અંધેરી પૂર્વની હોલી સ્પિરીટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સકપાળનું ત્યાં દાખલ કરતા પહેલા મોત નીપજ્યું હતું. ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો. તેના સાથીદાર ભાવેશ પિતલેને સારવાર આપી રજા આપવામાં આવી હતી.

આ ઘટના બાદ ડમ્પર ચાલક મુન્નાકુમાર ચૌહાણ ડમ્પર છોડીને બંનેની મદદ કર્યા વગર નાસી છૂટયો હતો. બાતમી મળતાં જોગેશ્વરી પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને કલમ ૩૦૪ (એ) અને ૧૩૪ (એ) હેઠળ ગુનો નોંધી ડમ્પર કબજે કર્યુ હતુ. પરંતુ અથડામણ બાદ ડમ્પરનો ચાલક ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. પોલીસે મોડીરાત્રે ડમ્પર ચાલક મુન્નાકુમાર ચૌહાણની અટક કરી હતી.

અગાઉ મારૂતિ સકપાળ કાંદિવલીના ચારકોપ પોલીસ સ્ટેશનમાં નોકરી કરતો હતો. ત્યારબાદ એક વર્ષ પહેલા તેની દિડોશી ટ્રાફિક વિભાગમાં બદલી કરવામાં આવી હતી. દિંડોશી ટ્રાફિક પોલીસ વિભાગમાં કાર્યરત હોવાથી વરિષ્ઠોએ આ ઘટના અંગે દુ:ખ વ્યક્ત કર્યું છે.

# જીવદયા પ્રેમીઓની યાદમાં આઈજા કરશે ભવીરા સમ્માન : હાર્દિક હુંડીયા



ચક્રવાત ટીમ, મુંબઈ, ૩૦

જીવદયાનાં આ અણમોલ તારલાઓની યાદમાં અમારી સંસ્થા આઈજા દર વર્ષે જીવદયા ક્ષેત્રમાં ઉમદા કાર્ય કરશે તે મહાનુભાવનું જીવદયા પ્રેમી ભરત કોઠારી, વિમલ બોથરા અને રાકેશ ધારીવાલની યાદમાં ભવિરા જીવદયા સમ્માનથી સમ્માનિત કરવામાં આવશે. આ વાતની ઘોષણા આજે મુંબઈમાં ઓલ ઈન્ડિયા જૈન જર્નાલિસ્ટ એશોશિયેશનનાં રાષ્ટ્રીય સ્થાપક અધ્યક્ષ હાર્દિક જી. હુંડીયા દ્વારા કરવામાં આવી છે . આઈજાનાં રાષ્ટ્રીય મહામંત્રી મહાવીર શ્રીશ્રીમાલે જણાવ્યું કે આ વર્ષનું પહેલું સમ્માન આ ત્રણ જીવદયાનાં અણમોલ રત્નો ની પ્રથમ માસિક પૂણ્યતિથી ઉપર સમ્માનિત કરીને આપવામાં આવશે. આ માટેની ચયનપ્રક્રીયા આઈજાનાં સક્રીય જીવદયાનાં સદસ્યો તથા કમીટીનાં અમુક જૈન પત્રકારો કરશે. મધ્ય પ્રદેશનાં જીવદયાનાં સક્રિય કાર્યકર્તા રિંકેશ જૈને જણાવ્યું કે હાર્દિક જી હુંડીયા, મહાવીર શ્રીશ્રીમાલ, અલ્પેશ શાહ, પ્રદીપ પગારિયા, પવન નાહર, રવિ પુંગલિયા, દિનેશ સાલેચા, નરેશ જૈન કપિલ જૈન, પ્રદીપ જૈન, સુભાષ ડંક, જેવા અનેક સક્રિય સદસ્યો ભવિરા સમ્માન માટે પસંદગી કરશે. અને આ સમ્માન મુંબઈમાં આપવામાં આવશે. અને જો કોઈ મહાનુભાવ આવી શકે તેમના હોય તો તેઓને તેમનાં શહેર કે ગામમાં જઈને આ સમ્માન આપવામાં આવશે. આઈજાનાં રાષ્ટ્રીય સ્થાપક અધ્યક્ષ હાર્દિક જી હુંડીયા એ જણાવ્યું કે હવે જીવદયાનું ફંડ સીધું પાંજરાપોળમાં જ આપવું જેથી કરીને આપણે અબોલ જીવોનાં જીવન નો આધાર બનીએ.

# જામનગરમાં એરપોર્ટ પાસે બાઈક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત



ચક્રવાત ટીમ જામનગર, તા.૩૦

જામનગર: શહેરમાં સોમવારે એરપોર્ટ પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં પુરઝડપે આવી રહેલી કારે બાઈક સવાર બંને લોકોને અડફેટે લીધા હતા અને બંને યુવકો ગંભીર રીતે અકસ્માતમાં ઈજાગ્રસ્ત હતા પોલીસેમાનવતા દાખવી બંને યુવકોને પોલીસની ગાડીમાં લઈ દવાખાને ખસેડયાઆ અકસ્માત થયું ત્યારે જામનગર એરપોર્ટ ખાતે ફરજ બજાવતા પી.આઈ ગઢવી ત્યાંથી પોલીસ ગાડી લઈને પસાર થયા હતા. તેમણે અકસ્માત જોઈ અને તાત્કાલિક ગાડી ત્યાં થંભાવી દીધી હતી અને બંને ઘાયલ લોકોને પોલીસની ગાડીમાં લઈ પી. આઈ ગઢવી તાત્કાલિક હોસ્પિટલ જવા નીકળ્યા હતા. જો કે રસ્તામાં દિગ્જામ સર્કલ પાસે ૧૦૮ ની ગાડી મળી જતાં તેમાં બંને યુવકોને ટ્રાન્સફર કર્યા હતા અને જામનગરની જી.જી.હોસ્પિટલમાં બંને યુવકોને ઘાયલ અવસ્થામાં લઈ જવામાં આવ્યા છે. અહીં ડૉક્ટરો દ્વારા તેમની સારવાર શરૂ કરવામાં આવી છે. આ યુવકોને માથાના ભાગે તેમજ પગના ભાગે ગંભીર ઈજા પહોંચી છે. હાલ બંને યુવકોની જામનગરની જી.જી.હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે અને બંનેની સ્થિતિ પણ સારી છે.

# શાપરના મનીષા ફળદુ દ્વારાપી.એચ.સી.ના નવા ડોક્ટરને સન્માનિત કરવામાં આવ્યા



ચક્રવાત ટીમ, તા.૩૦

શાપરના મહિલા અગ્રણી અને હંમેશા સામાજિક કાર્યમાં મોખરે રહેતા મનીષા ફડદુ દ્વારા શાપુર પી. એચ.સી. સેન્ટરમાં નવા આવેલ ડોક્ટર ચિરાગભાઈ અને હાલના ડોક્ટર પરમાર સાહેબને ગિફ્ટ આપી સનમાનીત કર્યા તેમજ સમગ્ર સ્ટાફ મેમ્બર ને **N-95** માસ્કનું વિતરણ કરેલું.

# ગીરગઢડાના આલીદર રોડ પર જપ્ત કરાયેલા ૩ ખનીજ ચકરડી મશીન ગુમ

ચક્રવાત ટીમ ગીરગઢડા, તા.૩૦

થોડા દિવસ પહેલા સનવાવ ગામની આજુબાજુની સીમ વિસ્તારમાં ખનીજ વિભાગે ગે.કા. ચાલતી ખાણો પર રેડ કરીને ખનીજ ચોરી પકડેલી અને આ ખનીજ ચોરી વખતે ખનીજ ચોરીમાં વપરાતા સાધનો અને ચકરડીઓ પકડી પાડી જપ્ત કરાયેલ હોય અને આલીદર રોડ પર આવેલ ગોંદરા વિસ્તારમાં ખનીજ સાધનો રાખવામાં આવેલ હોય ગત તા.૧૭ નવે. ૨૦૨૦ ના રોજ આ પથ્થર ખાણો માંથી ઝડપાયેલ ચકરડીઓમાંથી ૩ ચકરડી મશીન અચાનક કોઈ ઉપાડી જતાં આ બાબતે ભારે ચકચાર ફેલાતા ગ્રામ પંચાયતના તલાટી મંત્રીના ધ્યાન પર આવતા તેણે રાખેલા ખનીજના સાધનોની ચકાસણી કરતા ૩ ચકરડીઓ જોવા ન મળતા તેણે તાત્કાલીક મામલતદારને રીપોર્ટ કરી ચોરી થયેલ હોવા અંગે જાણ કરેલ છે. આ ચકરડી કોણ ઉપાડી ગયા તેની તપાસ થશે ખરી ?

# કાશિમીરા લોજીંગ બોર્ડિંગ તેમજ બાર પર રેડ : બે પિડિતાનો છૂટકારો

## લોજીંગના ૪ જણ તેમજ બારના ૧૧ જણ વિરૂધ્ધ કેસ

ચક્રવાત ટીમ, મુંબઈ,૩૦

કાશિમીરા પોલિસે લોજીંગ બોડલ્ગ પર છાપો મારી બે પિડિતાનો છૂટકારો કરાવ્યો છે તેમજ બાર પર છાપો મારી ૧૧ જણ વિરુધ્ધ ગુનો દાખલ કર્યો છે.

મુંબઈ-અમદાવાદ હાયવે પર કાશિગાંવ પાસે અવેલ સાઈ રેસિડેન્સી (કાજળ૦ લોજીંગ તેમજ બોડલ્ગમા ગેરકાયદે વેશ્યાવ્યવસાય ચાલતો હોવાની માહિતી કાશિમીરા પોલિસના પીઆઈ સંજય હજારેને મળી હતી,તેઓએ બોગસ ગ્રાહક મોકલીને ત્યાં છાપો મરતા બે પિડિત યુવતીઓ મળી આવી હતી.પોલિસે તેઓનો છૂટકારો કરાવ્યો હતો.તેમજ આરોપી વિજય બાળકૃષ્ણ કદમ(૩૯),વિજય દ્વારકા યાદવ (૩૬), વિજય ખુશિયાલ સાબ (૩૨) અને શંભુ સિધ્ધેશ્વર સાબ (૩૭) ને તાબામા લઈ તેઓ વિરુધ્ધ ગુનો દાખલ કર્યો છે. બીજી ઘટનામા કાશિગાંવમા આવેલ સ્વાગત બારમા મહિલા વેઈટર દ્વારા અંગપ્રદર્શન કરી અશ્લિલ ચાળા કરી ગ્રાહકોને પ્રોત્સાહિત કરતા હોવાની જાણકારી મળી હતી. કાશિમીરા પોલિસે છાપો મારી મેનેજર,સ્ટુઅર્ટ તેમજ વેઈટર મળી ૧૧ આરોપીઓને તાબામા લઈ તેઓ વિરુધ્ધ ગુનો દાખલ કર્યો છે.

## મકદુંમ શાહ પીરબાબાની દરગાહનો ઉર્સનો મેળો



માહિમના મકદુંમ શાહ પીરબાબાની દરગાહ પર યોજાતો ઉર્સનો મેળો ખૂબ જ સાદગીપૂર્વક કોરોનાને કારણે શરૂ થયો હતો તેમજ તેમને પર ચાદર ચઢાવવામાં આવી હતી. માહિમ પોલીસ મથક દ્વારા આ દરગાહ પર સૌપ્રથમ ચાદર ચડાવવાની પ્રથા વર્ષોથી ચાલતી આવી છે.

# ઊના તાલુકાની આંગણવાડીમાં થયેલ ભરતી કૌભાંડની ઓડીયો ક્લીપ વાયરલ

ચક્રવાત ટીમ ઊના, તા.૩૦

ઊના તાલુકા બાળ વિકાસ સંકલન કચેરી દ્વારા ઊના તાલુકાની આંગણવાડી કેન્દ્રમાં ઘટતા વર્કર અને તેડાગરની ભરતી પ્રક્રિયા ઓગસ્ટ ૨૦૨૦માં બહાર પાડવામાં આવેલ અને તમામ ઉમેદવારોના ઓનલાઈન ડોકયુમેન્ટ અને અરજી માંગવામાં આવેલ ત્યાર બાદ તેની ચકાસણી જેતે વખતના ઈન્ચા. સીડીપીઓ દર્શનાબેન પુરોહીતને સોપવામાં આવેલ હોય અને ત્યાર બાદ સપ્ટેમ્બર ૨૦૨૦ ના રોજ મેરીટ આધારીત ભરતી બહાર પાડતા તેમાં કૌભાંડ કરી કેટલાક ઉમેદવારો પાશે ઓફીસમાંથી રૂ.૧.૫૦ લાખની રકમ મેળવીને કેટલાક લાગવગીયા ઉમેદવારોની ભરતી કરી લેવાતા ભારે દેકારો મચેલ હતો. ત્યાર બાદ ઉમેદવારોએ એકજ વોર્ડના અલગ અલગ રહેણાંકીય વિસ્તારના પુરાવાઓ આપેલ હોવાનું પણ બહાર આવેલુ. આ કૌભાંડની તપાસ પણ ઉચ્ચકક્ષાના અધિકારીને સોપવામાં આવી હતી. અને તેનુ સીધુ મોનિટરીંગ તાલુકા વિકાસ અધિકારીને પણ સોપવામાં આવેલ અને આ સમગ્ર પ્રકરણ દબાય ગયા બાદ અચાનક કૌભાંડનો તાજેતરમાં ઈન્ચા. સીડીપીઓ અને પ્રોગ્રામ ઓફીસર વચ્ચે વાતચીતનો ઓડીયો બહાર આવતા આ કૌભાંડમાં જેતે સમયના ઈન્ચા.સીડીપીઓ દર્શનાબેન પુરોહીતને ફસાવવાનુ ષડયંત્ર કરાતુ હોવાનોની વાતચીત અધિકારી પ્રોગ્રામ ઓફીસર સાથે વાત થઇ રહી છે. અને આ કૌભાંડમાં ઓફીસ માંજ બેઠતા જય નામના કર્મચારી તરફ કૌભાડનું કોકડુ ગુચવાયેલ છે. અને ભરતીના ત્રણ દિવસ પહેલા મેરીટ લીસ્ટ બહાર પાડી દીધેલ હોવાની વાતચીત કરી રહ્યા હતા.

# વઢવાણના સમલા પાસે રોડ અકસ્માત

ચક્રવાત ટીમ લીંબડી, તા.૩૦

સમલા પાસે મેટાડોર **gj13 68 81** નું પાછળનું ટાયર અચાનક ફાટી જતા મેટાડોર પલટી ખાઈ ગયેલ. મેટાડોર સુરેન્દ્રનગર બાજુ જતું હતું. મેટાડોરમાં બે મજૂરો અને ડ્રાઈવરના હાથ પગ ભાંગી જતા તાત્કાલિક ૧૦૮ની મદદથી લીમડી સિવિલ હોસ્પિટલ મોકલેલ છે આ સેવાકાર્યમાં સમલા ગામના સરપંચ ઈન્દ્રસિંહ ઝાલાને જાણ થતા તેઓ તેમજ ઝાલા **dd** કિર્તીસિં તેમજ અન્ય લોકો દ્વારા થયેલા ટ્રાફિક જામને દૂર કરવા માટે પ્રયત્નો કર્યા હતા આ અકસ્માતની પોલીસને જાણ કરવા છતાં પોલીસ દોઢથી પોણા બે કલાક સુધી સ્થળ પર આવેલ નથી આકસ્માત લગભગ સવારના દસ વાગ્યાના આજુબાજુ ઘટના બનેલ છે.

# ૩૬ રનની શર્મનાક હાર બાદ ક્રિકેટ ઈતિહાસની સૌથી શાનદાર વાપસીમાંથી એક : રવિ શાસ્ત્રી



(જી.એન.એસ.)મેલબર્ન,તા.૨૯

ભારતના મુખ્ય કોચ રવિ શાસ્ત્રીએએ ઓસ્ટ્રેલિયાની સામે બીજી ટેસ્ટમાં મંગળવારે ટીમની ૮ વિકેટથી જીતને ક્રિકેટના ઈતિહાસની સૌથી શાનદાર વાપસીમાંથી એક ગણાવી છે. ભારતને એડિલેડમાં પહેલી ટેસ્ટમાં શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો. એડિલેડમાં પહેલી ટેસ્ટની બીજી ઈનિંગમાં ૩૬ રનો પર ઓલ આઉટ થયા બાદ શાસ્ત્રીએ બીજી ટેસ્ટમાં શાનદાર પ્રદર્શન માટે ટીમ ઈન્ડિયાના વખાણ કર્યા હતા.

શાસ્ત્રીએ ટીમ ઈન્ડિયાની સાથે ડેબ્યુ કરનાર શુભમન ગિલ અને મોહમ્મદ સિરાજની પણ પ્રશંસા કરી હતી. તેણે કહ્યું કે, મને લાગે છે કે આ ભારતીય ક્રિકેટ જ નહીં, પણ વિશ્વ ક્રિકેટમાં રમતના ઈતિહાસની સૌથી શાનદાર વાપસીમાંથી એક હશે. ૩૬ રનો પર આઉટ થયા બાદ ત્રીજા દિવસમાં જ હારી જવું અને ૫ છી તે બાદ પલટવાર માટે તૈયાર રહેવું શાનદાર છે. છોકરાઓએ જો જુસ્સો દેખાડ્યો તેના માટે તે શ્રૈયના હકદાર છે. આ અસલી જુસ્સો છે.

પૂર્વ ભારતીય ઓલરાઉન્ડર શાસ્ત્રીનું માનવું છે કે, કોરોના મહામારીથી પ્રભાવિત વર્ષમાં આ પ્રકારની જીતથી નિશ્ચિત રીતે ભારતીય ફેન્સના ચહેરા પર ખુશી પરત ફરશે. મને લાગે છે કે આ ટીમ દુનિયાભરના તેના ફેન્સને નવા વર્ષની શ્રેષ્ઠ ગિફ્ટ આપી છે. નવા વર્ષમાં જતાં ફેન્સના ચહેરા પર ખુશી આવશે.

તો મેચમાં ૪૫ અને ૩૫ રનોની અણનમ ઈનિંગ રમનાર ગિલ અને કુલ ૫ વિકેટ લેનાર સિરાજના વખાણમાં કહ્યું કે, જ્યારે તમે જુઓ છે કે ડેબ્યુ કરનાર બંને ખેલાડીઓએ આ પ્રકારનો જુસ્સો, અનુશાસન અને પરિપક્વતા દેખાડી તે શાનદાર લાગે છે. આજે સિરાજના આંકડા શાનદાર હતા. લાંબા સ્પેલ કરતાં તેણે જે અનુશાસન દેખાડ્યું અને તે પણ પોતાની પહેલી ટેસ્ટમાં અને ઉમેશની ગેરહાજરીમાં તેણે જે કર્યું તે બેજોડ હતું. તો ગિલ અંગે શાસ્ત્રીએ કહ્યું કે, મને લાગે છે કે પહેલી ટેસ્ટ રમતાં તે ખુબ જ ધૈર્યવાન અને પરિપ ક્વ હતો. તે શોટ રમતાં ડરતો ન હતો, જ્યારે રક્ષાત્મક વલણ અપનાવવું સરળ હતું. આ ઉપરાંત રોહિત શર્માની વાપ સી અંગે કોચ રવિ શાસ્ત્રીએ કહ્યું કે, બુધવારે તે ટીમની સાથે જોડાઈ જશે.

# પ્લેયર ઓફ ધ મેચને મળ્યો એ મુલાગ એવોર્ડનું રહસ્ય શું? કોણ હતા મુલાગ?

અજિંક્ય રહાણેએ મેલબર્ન ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં ૧૧૨ અને બીજી ઈનિંગમાં ૨૭ રન કર્યા હતા.




ભારતીય ટીમે ઓસ્ટ્રેલિયાને મેલબર્નમાં રમાયેલી બોક્સિંગ-ડે ટેસ્ટમાં ૮ વિકેટથી હરાવ્યું છે. એમાં ઈન્ડિયાના કેપ્ટન અજિંક્ય રહાણેને પ્લેયર ઓફ ધ મેચ પસંદ કરવામાં આવ્યો છે. એની સાથે જ ક્રિકેટ ઓસ્ટ્રેલિયા(ઝ્ર૭)એ રહાણેને મુલાગ મેડલથી સન્માનિત કર્યો છે. ઝ્ર૭એ ટેસ્ટ પહેલાં જ પ્લેયર ઓફ ધ મેચને મુલાગ મેડલ આપવાની જાહેરાત કરી હતી.

રહાણેએ ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં ૨૨૩ બોલમાં ૧૧૨ રનની ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેણે ૧૨ ચોકા લગાવ્યા હતા. એ પછી બીજી ઈનિંગમાં રહાણેએ ૪૦ બોલમાં ૨૭ રન બનાવ્યા અને ટીમને જીત અપ ાવી. મેચમાં ઓસ્ટ્રેલિયાએ ૭૦ રનનો ટાર્ગેટ આપ્યો હતો.

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ૪ ટેસ્ટ સિરીઝ ૧-૧થી બરાબર થઈ ગઈ છે. સિરીઝની પ્રથમ મેચ એડિલેડમાં ડે-નાઈટ રમાઈ હતી, એમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને ૮ વિકેટે હરાવ્યું હતું. આ મેચની બીજી ઈનિંગમાં ભારતીય ટીમે ટેસ્ટ ઈતિહાસના સૌથી ઓછા ૩૬ રનનો સ્કોર બનાવ્યો હતો.

મેડલનું નામ ૧૫૨ વર્ષ પહેલાં ઓસ્ટ્રેલિયાના કેપ્ટન રહેલા જોની મુલાગના નામ પરથી રાખવામાં આવ્યું. મુલાગ ૧૮૬૮માં પ્રથમવાર વિદેશપ્રવાસે જનારી ઓસ્ટ્રેલિયાની ટીમના કેપ્ટન હતા. ટીમનો એ ઈંગ્લેન્ડ પ્રવાસ હતો.

# રહાણે ત્રણ ટેસ્ટ જીતી ધોનીના રેકોર્ડની બરાબરી કરી



(જી.એન.એસ)મેલબર્ન,તા.૨૯

રહાણેએ એક રેકોર્ડ પણ બનાવ્યો છે. તે ત્રણ ટેસ્ટમાં કેપ્ટન રહી ચૂક્યો છે અને ત્રણેય જીત્યો છે. આવું કરનાર તે બીજો ભારતીય કેપ્ટન બની ગયો છે.

તેણે પૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીના રેકોર્ડની બરોબરી કરી છે અને વિરાટ કોહલીને પાછળ છોડી દોધો છે. પહેલા આ રેકોર્ડ ધોનીના નામે હતો. ધોનીએ કેપ્ટન તરીકે શરૂઆતની ત્રણેય ટેસ્ટમાં ભારતને જીત અપાવી હતી.

# ભારત સામે ટેસ્ટમાં હાર બાદ ઓસી. ટીમને રેફરીએ ૪૦% મેચ ફીનો દંડ કર્યો



(જી.એન.એસ.)મેલબર્ન,તા.૨૯

ભારત વિરૂદ્ધ આઠ વિકેટથી મળેલી શરમજનક હાર બાદ હવે ઓસ્ટ્રેલિયાને આઈસીસીએ મોટો ઝાટકો આપ્યો છે. મેલબર્નમાં રમાયેલી બીજી ટેસ્ટમાં ધીમી ગતિથી ઓવર રેટ બનાવી રાખવા માટે ઓસ્ટ્રેલિયાની ટીમ પર મેચ ફીનો ૪૦ ટકા દંડ લગાડવામાં આવ્યો છે. એટલું જ નહીં વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશીપના પોઈન્ટ ટેબલમાં ટોપ પર રહેલી ઓસ્ટ્રેલિયાની ટીમને ચાર ૫ ોઈન્ટનું નુકસાન પણ થયું છે.

ટિમ પેનની આગેવાનીમાં ઓસ્ટ્રેલિયાની ટીમ દ્વારા નિર્ધારીત સમયમાં બોલિંગ પૂરી નહીં કરવાને લઈને તેમજ બે ઓવરનું મોડું કરતા આઈસીસીના મેચ રેફરી ડેવિડ બુને ઓસ્ટ્રેલિયાની ટીમ પર ફાઈન કર્યો છે.

આઈસીસી દ્વારા મંગળવારે એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આઈસીસીના ખેલાડીઓ અને સહયોગી સ્ટાફ માટે ન્યૂનતમ ઓવર ગતિ ઉલ્લંઘનની આચારસંહિતાના અનુચ્છેદ ૨.૨૨ મુજબ, ખેલાડીઓ પર નિર્ધારિત સમયમાં બોલિંગ ન કરવાની સ્થિતિમાં પ્રત્યેક ઓવરથી તેમની મેચ ફીના ૪૦ ટકા દંડ લગાવવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત, વિશ્વ ટેસ્ટચેમ્પિયનશીપના અનુચ્છેદ ૧૬.૧૧.૨ મુજબ ઓસ્ટ્રેલિયાની ટીમ પર દરેક ઓવરના હિસાબે ચેમ્પિયનશીપના ૫ ોઈન્ટ ટેબલમાં ૪ પોઈન્ટને ઘટાડવામાં આવ્યા છે.

# સાત વર્ષમાં પ્રથમ વખત સિરાજ પાંચ વિકેટ લેનાર ભારતીય ડેબ્યૂટેન્ટ બન્યો

(જી.એન.એસ)મેલબર્ન,તા.૨૯



પોતાની પ્રથમ ટેસ્ટ રમી રહેલા મોહમ્મદ સિરાજે બોક્સિંગ ડે ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાની સામે પાંચ વિકેટ ઝડપી હતી. આ સાથે જ તે ૭ વર્ષમાં પ્રથમ વખત ૫ વિકેટ મેળવનાર ભારતીય ડેબ્યૂટેન્ટ બન્યો છે. આ મેચમાં શુભમન ગિલની સાથે ડેબ્યૂ કરનાર સિરાજે બંને ઈનિંગ્સમાં કુલ ૩૬.૩ ઓવર બોલિંગ કરી કુલ ૫ વિકેટ ઝડપી હતી. તેમાં બંને ઈનિંગ્સમાં કેમરોન ગ્રીનની પણ વિકેટ સામેલ છે. આ ઉપરાંત સિરાજે પ્રથમ ઈનિંગ્સમાં માર્નસ લાબુશૈનની પણ વિકેટ લીધી હતી.

બીજી ઈનિંગ્સમાં સિરાજે ગ્રીન ઉપ રાંત ટ્રેવિડ હેડ નેથન લાયનની વિકેટ લીધી. સિરાજથી પહેલા ૨૦૧૩માં મોહમ્મદ શમીએ ભારત માટે તેના ડેબ્યૂ મેચમાં ૫ વિકેટ ઝડપી હતી. શમીએ વેસ્ટઈન્ડીઝ સામે તેની પ્રથમ ટેસ્ટમાં ૯ વિકેટ લીધી હતી. જાણવા જેવી વાત તો એ છે કે, સિરાજને આ મેચમાં મોહમ્મદ શમીના ઈજાગ્રસ્ત થવાના કારણે તક મળી. આ પહેલા રવિચંદ્રન અશ્વિને વર્ષ ૨૦૧૧માં ડેબ્યૂ કરતા દિલ્હીમાં વેસ્ટઈન્ડીઝની સામે ૯ વિકેટ લીધી હતી.

# બીસીસીઆઈએ યુવરાજની સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં રમવાની અરજી ફગાવી



(જી.એન.એસ.)ચંડીગઢ,તા.૨૯

૨૦૧૧માં રમાયેલ વર્લ્ડકપમાં ભારતીય ક્રિકેટ ટીમના હીરો રહેલ યુવરાજ સિંહને મોટો ઝાટકો લાગ્યો છે. ભારતીય ટીમના પૂર્વ ઓલરાઉન્ડર યુવરાજ સિંહના ફેન્સ તેની વાપસીની આશા રાખીને બેઠા હતા. જ્યારે બીજી બાજુ બીસીસીઆઈએ તેની સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં રમવાની અરજીને ફગાવી દીધી છે.

વર્ષ ૨૦૧૯માં ૧૦ જૂનના રોજ યુવરાજ સિંહે ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. ત્યાર બાદ પંજાબની ટીમે યુવરાજને અપીલ કરી હતી કે આગામી વર્ષે રમાનાર સૈયદ મુશ્તાક અલી ટ્રોફીથી પોતાની વાપસી કરી શેક છે. યુવરાજે એ પ્રસ્તાવ સ્વીકારતા બીસીસીઆઈમાં પોતાની નિવૃત્તિ બાદ વાપસી માટે અરજી કરી હતી. જ્યારે બીસીસીઆઈએ પંજાબ તરફથી યુવરાજની રમવાની અરજી ફગાવી દીધી છે. વર્ષ ૨૦૧૧માં રમાયેલ વર્લ્ડ કપ દરમિયાન યુવરાજ સિંહને 'પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ' પસંદ કરવામાં આવ્યો હતો. યુવરાજ સિંહે ભારત માટે કુલ ૩૦૪ વનડે, ૪૦ ટેસ્ટ અને ૫૮ ટી૨૦ મેચ રમ્યા છે. ત્યાર બાદ ભારત તરફથી નિવૃત્તિ લીધા બાદ યુવરાજ સિંહે કેનેડામાં ગ્લોબવ ટી૨૦ લીગમાં પણ ભાગ લીધો હતો. પંજાબ ક્રિકેટ એસોસિએશની સીનિયર સીલેક્શન કમિટીએ યુવરાજની વાપસીની આશા સાથે જ ટીમના મેન્ટર તરીકે કામ કરવાની વાત કહી છે.

# મને ખુશી છે મારો ભાઈ ફિલ્મી દુનિયામાં આવી રહ્યો છે : સારા અલી ખાન



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૯

એકેટ્રેસ સારા અલી ખાને બોલિવૂડમાં ડેબ્યુ કર્યુ તેને ૨ વર્ષ કરતા વધારેનો સમય થઈ ગયો છે. ૨૦૧૮ ડિસેમ્બરમાં તેની પહેલી ફિલ્મ કેદારનાથ આવી હતી અને બાદમાં બીજી ફિલ્મ સિંબા રિલીઝ થઈ હતી. તેની પર્ફોર્મન્સ માટે તેને ઓડિયન્સ અને ક્રિટીકસ તરફથી પણ સારો રિસ્પોન્સ મળ્યો હતો.

સારા અલી ખાન ઈબ્રાહીમ અલી ખાન સાથે સારી બોન્ડિંગ છે. તેની ઝલક સોશ્યલ મિડીયા પર પ્રોફાઈલમાં દેખાય છે. તે પોતાના ભાઈ સાથે વર્કઆઉટ કરતી નજરે પડે છે. સૂત્રો અનુસાર ઈબ્રાઈમ અલી ખાન જલ્દી જ બોલિવૂડમાં ડેબ્યુ કરી રહ્યો છે. સારા અલી ખાને આ વાત કરતાં કહ્યું કે મને ખુશી છે કે તે ફિલ્મી દુનિયામાં આવી રહ્યો છે.

સારા અલી ખાને કહ્યું કે ઈબ્રાહીમનું સેન્સ ઓફ હ્યુમર ખુબ જ સારુ છે. મારી તેને સલાહ છે કે તે એક સારો વ્યક્તિ રહે, હું વિચારુ છુ કે તે આ દુનિયામાં આવનાર ખુશનસીબ છે અને તેને એક્ટિંગની સલાહ અથવા અન્ય કોઈ વસ્તુની જરૂર છે તો પરિવારમાં ઘણા લોકો છે જે મોટા એક્ટર છે અને સ્ટાર છે. મારાથી વધુ અનુભવ ધરાવનાર લોકો છે.

સારા અલી ખાન આગળ કહે છે કે, મને નથી લાગતુ કે મારી કોઈ ઓકાત છે કે હું કોઈને ટિપ્સ આપું પરંતુ હું એટલુ જરૂર કહીશ કે જીવનમાં અલગ અલગ વસ્તુઓનો અનુભવ કરવો ખુબ જ જરૂરી છે. તે એજ્યુકેશન હોય કે ટ્રાવેલિંગ હોય દરેક વસ્તુનો અનુભવ કરવો ખુબ જ જરૂરી છે.

# સાત દિવસ બાદ એક્ટ્રેસ રકુલપ્રીત સિંહનો કોરોના ટેસ્ટ નેગેટિવ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૯

૭ દિવસ પહેલાં રકુલપ્રીત સિંહે સોશિયલ મીડિયા પર પોતાની કોરોના પોઝિટિવ હોવાની વાત શેર કરી હતી. ત્યારબાદ તેણે પોતાના સંપર્કમાં આવેલા લોકોને ટેસ્ટ કરવા અપીલ કરી હતી. હવે રકુલનો કોરોના ટેસ્ટ નેગેટિવ આવ્યો છે. આ વાતની જાણ તેણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને કરી છે. રકુલ થોડા દિવસ અગાઉ અજય દેવગણ અને અમિતાભ બચ્ચન સ્ટારર 'મઈડે'નું શૂટિંગ કરી રહી હતી. એક્ટ્રેસે તેની પોસ્ટમાં લખ્યું છે, 'આ જણાવીને ખુશી થાય છે કે મારો કોરોના ટેસ્ટ નેગેટિવ આવ્યો છે. હું સંપૂર્ણ રીતે સારું અનુભવી રહી છું. તમારા બધાની પ્રાર્થના માટે આભાર. નવા વર્ષની રાહ નથી જોઈ શકતી જે સારી હેલ્થ અને પોઝિટિવિટીથી ભરપૂર હોય.'



રકુલના અપકમિંગ પ્રોજેક્ટ્સની વાત કરીએ તો તે 'મઈડે'નું શૂટિંગ કરી રહી હતી. ફિલ્મમાં તેનો રોલ પાયલટનો છે. અજયે ૧૧ ડિસેમ્બરે શૂટિંગ શરૂ કર્યું છે. આ ફિલ્મનો ડિરેક્ટર અને પ્રોડ્યુસર તે ખુદ છે. ફિલ્મ ૨૯ એપ્રિલ ૨૦૨૨ના રોજ રિલીઝ થશે.

# હાલમાં ફેમિલી વિશે કોઈ જ પ્લાનિંગ નહીં : દિપીકા પાદુકોણ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૯

વર્ષ ૨૦૨૦માં કેટલાય એવા બોલીવૂડ ફિલ્મસ્ટાર છે, જેમણે લગ્ન કરવા માટે સિંગલ સ્ટેટસ ખતમ કર્યું છે. બોલીવૂડ ફિલ્મસ્ટાર દીપિકા પાદુકોણ અને રણવીર સિંહનાં લગ્નને બે વર્ષ પૂરાં થઈ ચૂક્યાં છે. દેશમાં લગ્ન પછી બાળકના પ્લાનિંગને લઈને સવાલો પુછાવા માંડે છે અને આ વિશે બોલીવૂડ કપલ્સ પણ બાકાત નથી. જોકે દીપિકા અને રણવીર સિંહે ફેમિલી પ્લાનિંગની બધી અટકળો પર પૂર્ણવિરામ મૂકી દીધું છે. દીપિકાને જ્યારે ફેમિલી પ્લાનિંગ વિશે પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું હતું કે તે અને રણવીર તેમની કેરિયરને વિશે ઘણા સિરિયસ છે અને હજી બંને બાળક માટે માનસિક રીતે તૈયાર નથી. બાળકની જવાબદારી લેવી એ બહુ મોટો નિર્ણય છે. બંને પાર્ટનર્સ જવાબદારી લેવા માનસિક રીતે તૈયાર થશે, એ પછી તેઓ ફેમિલી પ્લાનિંગ કરશે.દીપિકાએ બોલીવૂડમાં વર્ષ ૨૦૦૭માં ઓમ શાંતિ ઓમ ફિલ્મથી શાહરુખ ખાન સાથે ડેબ્યુ કર્યું હતું. તેની એ ફિલ્મ સુપરહિટ રહી હતી. દીપિકા શાહરુખ ખાનની સાથે પઠાણમાં નજરે ચઢશે. દીપિકા આ ફિલ્મમાં સિદ્ધાંત ચતુર્વેદી અને અનન્યા પાંડેની સાથે આવવાની છે.

રણવીર સિંહ ૮૩ના કપિલ દેવની બાયોપિક ફિલ્મમાં કામ કરી રહ્યો છે આ ફિલ્મમાં રણવીર સિંહ લીડ રોલ કરી રહ્યો છે. આ ફિલ્મને કબીર ખાન ડિરેક્ટ કરી રહ્યો છે, જ્યારે રોહિત શેટ્ટી ૧૯૮૨ની ફિલ્મ અંગુરને રિમેક કરવાના છે. મેકર્સ આ ફિલ્મમાં રણવીર સાથે જૈકલિનની જોડી ઈચ્છે છે.

રાજકોટમાં ૨૦૦ એકરમાં ૧૭ જેટલા બિલ્ડિંગો બનાવવામાં આવશે : ૨૦૦ એકર જમીનમાં રૂ.૧૧૯૫ કરોડના ખર્ચે એઈમ્સ નિર્માણ

# આજે મોદીના હસ્તે રાજકોટ એઈમ્સનું ઈ-ખાતમુહૂર્ત

(જી.એન.એસ.)રાજકોટ,તા.૩૦

૩૧મી ડિસેમ્બરના રોડ PM મોદીના હસ્તે એઈમ્સનું ખાતમુહૂર્ત કરાશે. ખાતમુહૂર્તને લઈને ડોમની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. રાજકોટમાં ૨૦૦ એકરમાં ૧૭ જેટલા બિલ્ડિંગો બનાવવામાં આવશે. એઈમ્સ તરફ જવાના બિસ્માર માર્ગો નવા બનાવવામાં આવી રહ્યા છે. ખાતમુહૂર્ત પ્રસંગે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, બધા ધારાસભ્યો તથા ઉચ્ચ અધિકારીઓ સાઈટ પર હાજર રહેશે. મહત્વનું છે કે એઈમ્સના ૧૭ પ્લાનમાંથી ૯ પ્લાનને મંજૂરી મળી ગઈ છે. અન્ય માટે ૨-૩ દિવસમાં મંજૂરી મળી જશે. આજે રાજકોટ એઈમ્સનું ખાતમુહૂર્ત પીએમ મોદી વીડિયો કોન્ફરન્સથી કરશે. ૨૦૦ એકર જમીનમાં રૂ.૧૧૯૫ કરોડના ખર્ચે એઈમ્સ નિર્માણ થશે. સીએમ રૂપાણી, નીતિન પટેલ, સાંસદો પણ હાજર રહેશે. તંત્ર દ્વારા આજે રિહર્સલ કરવામાં આવશે.



અગાઉ જિલ્લા કલેકટર રેમ્યા મોહન અને નિવાસી અધિક કલેકટર પરિમલ પંડયા સહિતના મહાનુભાવોએ સભાસ્થળ, ખાતમૂહર્ત સ્થળ અને સંભવિત હેલીપેડના સ્થળોની મુલાકાત લીધી હતી. કાર્યક્રમમાં આવનારા આમંત્રિતો, સામાન્ય નાગરિકો તથા અધિકારીઓ માટેના રૂટની વ્યવસ્થા, મેઈનરોડથી સભાસ્થળ સુધીના રૂટના આયોજન, કોરોના સંબંધી સરકારી માર્ગર્દિશકાનું પાલન, વીજળી પુરવઠો, પીવાનું પાણી વગેરે મુદ્દે બેઠકમાં વિશદ ચર્ચા કરવામાં આવી હતી. રાજકોટ એઈમ્સનું ઈ-ખાતમુહૂર્ત ૩૧મીએ વડાપ્રધાન કરશે, તેમજ મુખ્યમંત્રી હાજરી આપશે તેવી જાહેરાત થઈ છે. એઈમ્સનું ખાતમુર્હતને લઈ ડોમની ત્યારીઓ શરૂ કરી છે. જો કે પીએમઓ ઓફિસથી મૌખિક મંજૂરી સંભવિત ૩૧ તારીખ મળતા એઈમ્સના અધિકારીઓ દ્વારા તૈયારીઓ શરૂ કરી છે. ૨૦૦ એકરમાં ૧૭ જેટલા બિલ્ડગો બનાવવામાં આવશે. એઈમ્સના ખાતર્મુહત અંગે હજુ સ્થાનિક વહીવટી તંત્ર સુધી કોઈ જ માહિતી મળી ન હોવાનું સામે આવ્યું છે તો બીજી બાજુ એઈમ્સ જવાનો માર્ગ બિસ્માર હોવાથી નવા રસ્તાઓ બનાવવા આવી રહ્યા છે, સાથે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી, તેમજ બધા મંત્રી, સાંસદ, ધારાસભ્યો અને એમ્સના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર રહેશે. સીએમને લઈ જઈ શકાય તેમ ન હોય હેલિકોપ્ટર મારફત સાઈટ પર લવાશે અને તે માટે હેલિપેડ પણ તૈયાર થઈ રહી છે. એઈમ્સના હાલ ૧૭ પ્લાન માંથી ૯ પ્લાન ને મંજૂરી મળી છે બાકીના પ્લાન માટે ૨થી ૩ દિવસમાં મજૂરી મળી જશે.

# આણંદમાં આઈશર ટેમ્પો અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત : ત્રણના મોત

(જી.એન.એસ.)આણંદ,તા.૩૦

આણંદના ખંભોળજ પાસે આવેલ કણભઈપુરા ગામે સવારે અરેરાટી ભર્યો બનાવ બન્યો છે. આ વિસ્તારમાંથી પસાર થઈ રહેલા આઈશર ટેમ્પોએ બાઈક ચાલકને ટક્કર મારી ઢસડી પાસેના ખેતર લઈ જઈ અટક્યો હતો. જ્યાં બાઈક સવાર ત્રણ યુવાનોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. આઈશર ટેમ્પો ચાલક ઘટના બાદ ફરાર થઈ ગયો છે. ખંભોળજ પોલીસ અકસ્માતના ઘટના સ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી આરંભી છે. આણંદના ખંભોળજ પાસેથી પસાર થતા એક આઈશર ટેમ્પોએ સાવલી નોકરીએ જતા બાઈક સવારોને ખતરનાક ટક્કર મારતાં બાઈક સવાર ત્રણેય યુવાનોના



કમકમાટીભર્યા મોત થયા હતા. સવારે ૬.૩૦ની આસપાસ બનેલ આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ગમગીની પ્રસરી છે. કણભઈપુરાથી સાવલી સમલાયા ખાનગી કંપનીમાં નોકરી કરવા સવારે છ વાગે કણભઈપુરા ગામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ઓડ બાજુ જતા આઈશર ટેમ્પોએ ખતરનાક રીતે અડફેટે લીધા હતા.આઈશરના આગળના ભાગથી મારેલી ટક્કરમાં ઢસડાઈ બાઈક સવાર યુવાનો ટેમ્પોના પાછળના ભાગે નીકળ્યા હતા. આઈશર ટેમ્પો માર્ગ ઉપરના કેળાના ખેતરમાં ઢસડાઈ ઉભો રહી ગયો હતો. જોકે ત્યાં સુધીમાં ત્રણેય યુવાનો પ્રાણ નિકળી ગયા હતા. આ ઘટનાને પગલે હેબતાઈ ગયેલ ટેમ્પો ડ્રાઈવર ટેમ્પો સ્થળ ઉપર મૂકી ફરાર થઈ ગયો છે.

# ફક્ત માસ્ક માટે ગુજરાતીઓએ છેલ્લા પાંચ દિવસમાં ભર્યો ૫.૯૮ કરોડનો દંડ

(જી.એન.એસ.)પાલનપુર,તા.૩૦

કોરોના સામેની લડાઈ લાંબી છે અને કાયમી માસ્ક ધારણ કરવો એ શ્રેષ્ઠ ઉપાય છે છતાં માસ્ક પહેરવાના મુદ્દે અમદાવાદી ઊણા ઊતરે છે એવું દંડ વસૂલાત પરથી જણાઈ રહ્યું છે. ગુજરાતમાં છેલ્લા પાંચ દિવસમાં માસ્ક દંડપેટે ૫.૮૯ કરોડ રૂપિયાની વસૂલાત કરવામાં આવી છે. રાજ્યમાં દરરોજ સરેરાશ ૧૨ હજાર લોકો પાસેથી સવા કરોડ રૂપિયા જેટલો દંડ વસૂલવામાં આવે છે. એમાંથી અડધો એટલે કે ૫૫ લાખ રૂપિયા જેટલો દંડ અમદાવાદીઓ ભરે છે.

માસ્ક દંડ વસૂલાતની કામગીરી પોલીસ તંત્ર અને રાજ્ય સરકાર માટે આવકનું કેન્દ્ર બની ગઈ હોવાનું લોકો માનતા થયાં છે. ૨૩થી ૨૭ ડિસેમ્બર દરમિયાન ગુજરાતમાં જાહેરનામાના ભંગ બદલ કુલ ૨૪૧૫ ગુના નોંધવામાં આવ્યા છે, જ્યારે ૫૯૧૮૮ વ્યક્તિ પાસેથી કુલ ૫.૮૯ લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે. આ પાંચ દિવસ દરમિયાન મોટર વેહિકલ એક્ટ હેઠળ કુલ ૪૩૮૬ વાહન જપ્ત કરવામાં આવ્યાં છે અને ૪૯૮૬ વાહનચાલકની ધરપકડ પણ કરવામાં આવી છે. ગુજરાત સરકારે કોરોના અટકાવવા જાહેર કરેલા નિયમોના પાલન માટે ગુજરાત પોલીસ સક્રિય છે. સોશિયલ ડિસ્ટન્સિંગ અને માસ્કના નિયમોનું પાલન ન કરનારી વ્યક્તિ સામે પોલીસ તંત્ર દંડ વસૂલાતની કામગીરી કરે છે.

ગુજરાતમાં પોલીસ દ્વારા દરરોજ સરેરાશ સવા કરોડ રૂપિયા જેટલી રકમ માસ્ક દંડપેટે વસૂલ કરવામાં આવે છે.

# કોરોનાએ ઉત્તરાયણની પણ દોરી કાપી : સંક્રમણ ન ફેલાય તે માટે તમામ જિલ્લાઓના પતંગોત્સવ રદ

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૩૦

કોરોના મહામારી સંક્રમણ અને તહેવારોની ઉજવણીને લઈને ગાંધીનગરમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને કેબિનેટ બેઠક મળી હતી. આ બેઠકમાં પતંગોત્સવને લઈને મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. આમ, કોરોનાની મહામારીને કારણે ગુજરાતના તમામ પતંગોત્સવ રદ કરવામાં આવ્યા છે. આજે મળેલી કેબિનેટની બેઠકમાં વિવિધ શહેર અને જિલ્લામાં યોજાતા પતંગોત્સવ તથા આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ યોજાશે નહીં. ઉલ્લેખનીય છે કે અલગ અલગ ૮ જગ્યાએ પતંગોત્સવ યોજાતા હતા. ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રીની અધ્યક્ષતા



હેઠળ કોરોના સંક્રમણની સ્થિતિ અને નિયંત્રણ પર ધ્યાન રાખવા બનેલી કોર કમિટીની બેઠકમાં આ મુદ્દો ચર્ચામાં આવ્યો હતો. છેલ્લા પંદર દિવસથી રાજ્યમાં કોરોનાના નવા કેસોની સંખ્યા ઘટી રહી છે અને સાથોસાથ એક્ટિવ કેસોની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે, તેથી હવે કર્ફ્યૂનો સમય ઘટાડવાનો નિર્ણય લેવાશે. કર્ફ્યૂને કારણે મનોરંજન, હોટલ અને કેટલાક વ્યાપારોને ખૂબ મોટું નુક્સાન સહન કરવું પડી રહ્યું છે. નવા વર્ષની ઉજવણી દરમિયાન આ તમામ વ્યવસાયો માટે પીક સીઝન રહે છે, પરંતુ એ બંધ રહ્યા હતા. હવે તેમને નુક્સાન વધુ સહન ન કરવું પડે એ માટે કર્ફ્યૂનો સમય ૯ને બદલે ૧૧ વાગ્યાથી શરૂ કરવામાં આવી શકે છે. દિવાળી પછી કોરોનાના કેસમાં તીવ્ર ઉછાળો આવતાં અમદાવાદ સહિત ચાર શહેરમાં રાત્રે ૯થી સવારે ૬ વાગ્યા સુધી કર્ફ્યૂ લાદવામાં આવ્યો હતો. હોટલ અને રેસ્ટોરાં સહિતના કેટલાક ઉદ્યોગો કર્ફ્યૂના સમયમાં છૂટછાટ આપવાની માગણી કરી રહ્યા છે. રાજ્ય સરકાર જોકે પરિસ્થિતિની સમીક્ષા કર્યા પછી અંતિમ નિર્ણય કરશે, પરંતુ સૂત્રોના જણાવ્યા મુજબ, કર્ફ્યૂનો સમય રાત્રે ૧૧થી સવારે ૬ વાગ્યા સુધીનો હોઈ શકે છે. હાઈકોર્ટે રાજ્ય સરકારને નિર્દેશ આપ્યો હતો કે દિવાળી બાદ રાજ્યમાં જે રીતે કોરોના વકર્યો એવી સ્થિતિ મકરસંક્રાંતિના તહેવાર સમયે અને પછી સર્જાય નહીં એ અંગે ધ્યાન રાખશો.

# ગુજરાતમાં હાડ ધ્રૂજવતી ઠંડી : આબુમાં માઈનસ બે તો ગુરૂશિખર માઈનસ પાંચ ડીગ્રી તાપમાન

(જી.એન.એસ.)બનાસકાંઠા,તા.૩૦

ગુજરાતમાં ગાત્રો થીજવી દે તેવી ઠંડી પડી રહી છે. આવામાં બનાસકાંઠાને અડીને આવેલુ રાજસ્થાનનું હિલસ્ટેશન માઉન્ટ આબુ ઠંડીમાં ઠુઠવાયું છે. માઉન્ટ આબુમાં તાપમાન માઈનસ ૨ ડિગ્રી પર પહોંચ્યું છે. તો માઉન્ટ આબુના ગુરૂશિખર ઉપર તાપમાન માઈનસ ૫ ડિગ્રી પહોંચી ગયું છે. તાપમાન માઈનસમાં જતાં ખુલ્લા મેદાનોમાં બરફની પરત જામી છે. ગાડીઓ ઉપર, પાણી રાખવાના કુંડા અને વાસણોમાં બરફ જામ્યો છે. આવામાં ઠંડીથી બચવા પ્રવાસીઓ અને સ્થાનિકો તાપણાનો સહારો લેવા મજબૂર બન્યા છે. કડકડતી ઠંડીમાં પણ આબુમાં સહેલાણીઓ મજા માણી રહ્યાં છે. જમ્મુ-કાશ્મીરમા પડે તેવી ઠંડી હાલ આબુમાં અનુભવાઈ રહી છે. તેથી આ ઠંડી માણવા માટે આવનારા સહેલાણીઓનું પ્રમાણ વધી ગયું છે. આબુના અનેક વિસ્તારોમાં બરફની ચાદર છવાઈ ગઈ છે. હવામાન ખાતાની આગાહી મુજબ, ૩ દિવસ રાજ્યમાં ઠંડીથી કોઈ રાહત નહિ મળે. જેમાં હજી બે દિવસ કડકડતી ઠંડી પડશે. તો કચ્છમાં આગામી ૨ દિવસ સિવિયર કોલ્ડવેવની આગાહી કરાઈ છે. અમદાવાદમાં પણ ૨ દિવસ કોલ્ડવેવની આગાહી કરાઈ છે. ઉત્તર દિશા તરફથી પવન ફૂંકાતા હોવાથી ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાતમાં પણ ઠંડીનું જોર યથાવત રહેશે. પવનની ગતિ પણ ૧૫થી ૨૦ કિમી પ્રતિ કલાકની રહેશે.


સત્ય માટે સત્ય સાથે સતત..
ચક્રવાત
ન્યૂઝ પેપર & ચેનલ

સત્ય માટે સત્ય સાથે સતત
સામાન્ય જનતાનું પોતીકું અખબાર
નેતાઓના મનની નહિ, મારી તમારી આપણી વાત એટલે આપણું "ચક્રવાત"

વાર્ષિક લવાજમ
Rs ૧૨૦૦/-
તા. ૧ જાન્યુઆરીથી
૩૧ ડિસેમ્બર




આપનો અમૂલ્ય સહયોગ ચોથી જાગીરના પડકારને જીવંત રાખશે
ચક્રવાત ભવન, શાળા નં. ૬૯ સામે, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક, મવડી રોડ, રાજકોટ
Contact Number - 9106617867


Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)